# કુમાર


આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

તંત્રી · બચુભાઈ રાવત

વર્ષ ચોપનમું · અંક બીજો · માહે ફેબ્રુઆરી · ઈસ્વી સન ઓગણીસસો સિત્યોતેર

સંસ્થાપક રવિશંકર રાવળ


સળંગ અંક ૬૩૮

ખડક : ફોટો-કલાકાર અશ્વિન મહેતાએ તાજેતરમાં ડુંગરોના ખડકોની કઠોરતામાંથી પ્રકટતી કમનીયતા દર્શાવતી ફોટોકૃતિઓનું એક પ્રદર્શન ગઈ તા. ૫ ફેબ્રુઆરીએ મુંબઈમાં યોજેલું તેમાંની એક કલાકૃતિ.



બકરાં [ચિત્રકાર · સોમાલાલ શાહ] બકરાંનું વાઘ જ્યાં તૂટી પડે ત્યાં એકસામટાં અનેક મોઢે ઘડી વારમાં પાંદડેપાંદડું ચવાઈ જાય. પાછલે પગે ઊભી થઈ ડોક લંબાવીને ચારો કરતી બકરીઓની એ ખાસિયતને ચિત્રકારે અહીં સચોટતાથી ઉતારી છે. નાનકડા ચિત્રપટમાં એમણે આ અજાસપ્તકને જે સુંદર રીતે સયોજ્યું છે અને એમનાં અંગની ભંગિ, ડોકની છટા તથા તેની સાથે તાલ લેતી વૃક્ષનાં ડાળપાંદડાંની લીલા એમણે જે તાદૃશતાથી નિરૂપી છે તે હૃદયંગમ બનીને એ કલાકારનાં અવલોકન અને ચિત્રશક્તિનો પરિચય આપી રહે છે.
[બ્લૉક - સાહિત્ય મુદ્રણાલય અમદાવાદના સૌજન્યથી]




# સાંકળિયું

ફેબ્રુઆરી ૧૯૭૭ · અંક ૬૩૮

તંત્રી: બચુભાઈ રાવત ∽ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક



'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડા. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨ ૫૦

# વાચકો લખે છે...

## નૃસિંહનું વિરલ શિલ્પ

પાલનપુરથી ઉત્તરે આઠેક કિલોમીટર દૂર બાલારામ મહાદેવનું સુપ્રસિદ્ધ રમણીય ધર્મસ્થાન છે. આ સ્થળ પ્રાચીન હોવાના પુરાવારૂપ કેટલાક અવશેષો આજે પણ જોવા મળે છે, જેમાં ભગવાન નૃસિંહની પ્રતિમા તો લગભગ અજ્ઞાત જ રહી છે. જનસમૂહની નજરે સરળતાથી પડે તેવી જગ્યાએ તે નથી; તદુપરાંત શિલ્પ ઉપર કાળાશ છવાએલી હોવાથી પ્રથમ દૃષ્ટિએ પ્રેક્ષક તેને હનુમાનની મૂર્તિ સમજી લે તેવી છે. પ્રતિમાનું આકારસામ્ય પણ એવું જ છે.

બાલારામના મંદિર તરફ જતાં, ઢાળ ઊતરતાં ડાબા હાથે ટેકરા ઉપર આવેલા હનુમાનજીના મંદિરમાં પ્રવેશતાં જ આ પ્રતિમા આવેલી છે. પગથિયાં ચડતાં જ સૌપ્રથમ પાકા ચણતરનો ક્યારો આવે છે. ક્યારાના ચણતરમાં ૩૦×૨૨×૯ સે. મી. કદની આ આરસપ્રતિમા ગોઠવી દેવામાં આવી છે. ત્યાંના મહંતનું કહેવું હતું કે અહીં જ ખોદકામ કરતાં આ નૃસિંહની પ્રતિમા મળી આવેલી.

શિલ્પમાં ભગવાન વિષ્ણુ નૃસિંહ સ્વરૂપમાં ઊભા છે. તેમનો એક પગ ઊંચકાએલો છે. જાંઘ પર હિરણ્યકશિપુને મૂકી તેઓ પોતાની બંને ભુજાઓથી તેને વિદારે છે. ઊંચકેલા પગ તળે તે દૈત્યસમૂહને ચાંપી રહ્યા છે. બીજી બાજુ તેમની સ્તુતિ કરતા પ્રહ્લાદ અને અન્ય આકૃતિઓ છે. નૃસિંહના આ ધર્મકૃત્યથી પ્રસન્ન થયેલા



દેવગણ અંતરીક્ષમાંથી પુષ્પવૃષ્ટિ કરે છે. પ્રતિમા અષ્ટભુજા છે, જેમાંની કેટલીક ખંડિત છે.

પ્રસ્તુત શિલ્પમાં કલાકારે પુરાણોક્ત સમગ્ર પ્રસંગને મૂર્તિમંત કર્યો છે. મધ્યમાં નૃસિંહ, તેમની એક તરફ ભયત્રસ્ત દૈત્યસમૂહ, બીજી બાજુ પ્રહ્લાદ વગેરે, ઉપર અંતરીક્ષમાં એકત્રિત થએલા દેવો—આમ એકસાથે ઘણી આકૃતિઓ શિલ્પાંકનખચિત છે. શિલ્પ પરિમાણમાં નાનું હોવા છતાં આકર્ષક છે, દર્શનીય છે. સમગ્ર પ્રસંગને આટલી સમર્થરીતે રજૂ કરતું આવું શિલ્પ જવલ્લે જ જોવા મળે. પ્રતિમા પ્રાક્-સોલંકીકાલીન હોવાનો સંભવ છે.

(પાલનપુર) -(પ્રા.) યશવંત જ. રાવલ

## નાડોદા જાતિ

અંક ૬૩૨ની 'કલાવાર્તા'માં આપેલા શ્રેયસ લોકકલા સંગ્રહસ્થાનમાંના વેલડાના માફા ને બળદની ઝૂલને શણગાર દર્શાવતા ચિત્રમાં બળદ પર માત્ર ઝૂલ જ છે. વઢિયાર ને ખાખરિયા વિસ્તારમાં મૂળ ક્ષત્રિય પણ હાલ વ્યવસાયે ખેડૂત એવી નાડોદા જાતિ તેમના ખેતીના સહાયક બળદને સંપૂર્ણપણે શણગારે છે. ઝૂલ ઉપરાંત શીંગડાં પરની શીંગડીઓ ને આંખ પરના મરિયારા હીરના ભરતથી ભરેલાં હોય છે. હીરનું ભરત આ જાતિની કલાપ્રિયતાનું દ્યોતક છે, જે તેમની સમૃદ્ધિને છતી કરે છે ને તેમની કલાદૃષ્ટિનો ખયાલ આપે છે. બળદના શણગાર ઉપરાંત ઘરનાં સુશોભન ને સ્ત્રીઓ તેમજ બાળકોનાં વસ્ત્રો પણ હીરના ભરતયુક્ત હોય છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ નારોદા જાતિ સિંધમાંથી સ્થળાંતર કરી આ તરફ આવેલી છે. સંભવતઃ આ સ્થળાંતર મુસ્લિમોના આક્રમણને કારણે બન્યું હશે. આ લઘુમતિ કોમથી આપણા ઇતિહાસકારો દૂર રહ્યા છે! અલબત્ત ઇતિહાસ અંધકારમાં હોવા છતાં કલા ને સંસ્કારથી એ જાતિ જીવિત છે.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

## સદ્યસ્નાતા

'કુમાર' અંક ૬૩૩માં સ્વ. ચિત્રકાર ઠાકુરસિંહના 'સદ્યસ્નાતા' ચિત્ર માટે તંત્રી તથા ચિત્રકાર ઉભયને ધન્યવાદ. 'ભીના વસ્ત્રમાં લપેટાએલા સ્ત્રીદેહનું આલેખન ચિત્રકારની કસોટીરૂપ હોય છે' એ કથન સર્વથા સત્ય છે. પરંતુ ક્યારેક ચિત્રકાર આ પ્રકારના ચિત્રના ચિત્રણમાં પૂર્વભાગને આલેખીને ચિત્રને ઉઠાવ આપવા યત્ન કરે છે, જ્યાં દર્શકની દૃષ્ટિ અશ્લીલતામાં સરી પડે છે, પરંતુ આ ચિત્રકારની દૃષ્ટિ સવિશેષ પરિશુદ્ધ કલાની હોઈ સ્ત્રીદેહના પૃષ્ઠ ભાગનું આલેખન કર્યું છે, જે દર્શકને પૂર્ણ કલાનું દર્શન કરાવે છે. વળી પશ્ચાદ્‌ભૂમિકાથી તેના મનમાં ઘોળાતી વિચારધારાને વાચા મળી

રહે છે. સ્નાન પછીની સ્વસ્થતાને સ્થાને કોઈક મહત્ત્વના નિર્ણય લેવા માટે મનમાં મૂંઝાતી ને અંતે સર્વ કેશ ભેગા કરીને જાણે મનઃસ્થિતિ મૂંઝવણની ગાંઠ બાંધી ન રહી હોય! એ ભાવનાની ચિત્રકવિતા આ ચિત્રમાંથી પ્રકટે છે, જે સ્વયંભૂ કાવ્યસર્જનના જેટલી ઉત્કૃષ્ટ કોટિની છે.
(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવલ

### એલીસ બૅાનર

અંક ૬૩૪માં કુ. એલીસ બૅાનરના જીવન-ચરિત્ર માટે શ્રી મધુસૂદન ઢાંકીને ધન્યવાદ. શિલ્પ-સ્થાપત્યનાં અન્વેષકોનો પરિચય આ રીતે 'કુમાર'ના વાચકોને મળતો રહે તો સારું. આ સુંદર લેખ વાંચતાં એક અલ્પશિક્ષિત શોધકની યાદ તાજી થઈ. ઝિંઝુવાડાનો કિલ્લો હાલ પૂરેપૂરો નથી તેથી વિદ્વાનો એ કિલ્લો મુસ્લિમ આક્રમકોએ તોડી નાખ્યો હશે એવો તર્ક કર્યા કરે છે. પણ ઝિંઝુવાડામાં સ્થિત શ્રી વિઠ્ઠલદાસ ભાવસાર નથી મોટા વિદ્વાન કે નથી મોટા અભ્યાસક, તેમ છતાં તેમની અનુભવી દૃષ્ટિએ શોધી કાઢ્યું છે કે એ કિલ્લો પૂરેપૂરો ચણાયો જ નહોતો. આ શોધ તેમણે અધૂરા રહેલા તળાવ પરના આવારાના બાંધકામ પરથી કરી, કેમ કે આક્રમકો મંદિરો કે કિલ્લાનો વિનાશ કરે, પણ તળાવની તોડફોડ ન કરે, કારણ કે પાણી સર્વને આવશ્યક છે. અરે! મુસ્લિમોએ તો પાછળથી મંદિર પાસે તળાવ કે કૂવા બાંધવાની પ્રથાને સ્થાને રોજા પાસે તળાવ કે કૂવો ખોદાવવાની પ્રથા સ્વીકારી છે. અલ્પશિક્ષિતનું કેવું અદ્ભુત અન્વેષણ!
(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવલ

### 'અન્તઠઉ'?

અંક ૬૩૪માં શ્રી હરિવલ્લભ ભાયાણીએ 'શબ્દકથા'માં જૂની ગુજરાતીના ફાગુ કાવ્ય 'વસંત-વિલાસ'નો ૪૧મો દૂહો ઉદાહરણરૂપે ટાંક્યો છે. ત્યાં 'અન્તઠઉ' શબ્દને સ્થાને 'અનીઠઉ' કે 'અનીઠઊ' શબ્દ જોઈએ. શ્રી ડૉ. કાંતિલાલ વ્યાસ સંપાદિત 'વસંતવિલાસ'માં 'અનીઠઊ' શબ્દ જ છે. તેઓએ પાઠાન્તરો નોંધ્યાં છે તેમાં પાંચ પ્રતોમાં 'અનીઠઉ' ને બે પ્રતોમાં અનુક્રમે 'અદીઠઉ' ને 'નીઠઉ' છે, પણ ક્યાંય 'અન્તઠઉ' નથી. શ્રી કે. કા. શાસ્ત્રી સંપાદિત 'વસંતવિલાસ'માં પણ 'અન્તઠઉ' પાઠ દૃષ્ટિગોચર થતો નથી. આશરે સોળમા સૈકામાં કવિ લાવણ્યસમય વિરચિત 'ચતુર્વિંશતિ જિનસ્તવન'માં આ જ શબ્દ (અનીઠા)નું પરિવર્તિત રૂપ જોવા મળે છે.

'સુપરિ કરિ ગરીઠા સૌખ્ય પામ્યાં અનીઠા'

(૨) મુનસરની રસપ્રદ ચર્ચા સમયે નોંધપાત્ર હકીકત તો એ છે કે મુનસરના આકારનું



રસપૂર્વક અવલોકન કરીને, તેના માટે 'અર્ધ સહસ્રલિંગ સરોવર' એવો સાધાર શબ્દપ્રયોગ કરનાર પ્રથમ તો હતા શ્રી નાથાલાલ માધવજી મંડલી.
(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવલ
[* 'અન્તઠઉ' એ મુદ્રણદોષ છે]

### દિનેશ શાહની રામાયણની કૃતિ

'કુમાર'માં જોવા મળતી દિનેશ શાહની કૃતિઓથી હું પરિચિત છું. 'કુમાર'ના અંક ૬૩૪-માં આપેલ કોચીનના ઍરપોર્ટ પરની તેમની રામાયણની કૃતિ જોઈ ઘણો આનંદ થયો. એમાં રામાયણના મુખ્ય પ્રસંગોનું આલેખન કોઈ પણ વ્યક્તિને મુગ્ધ કરી દે તેવું છે. રામના બાલ્ય-કાળથી માંડી ઠેઠ સીતાના ભૂમિપ્રવેશ સુધીના અગત્યના પ્રસંગોનું બળુકી રેખા દ્વારા થએલું અનુપમ સૌન્દર્યયુક્ત એવું સંયોજન હૃદય-સ્પર્શી છે. તેમાં 'રામની બાળહઠ' જેવા પ્રસંગો નિરૂપીને બાળમાનસ રજૂ કરતું ચિત્ર પણ જોવા મળે છે. બેતાળીસ ફૂટ લાંબું ચિત્ર બનાવવાનું તેમનું કાર્ય અદ્ભુત પ્રશંસનીય છે.

પરંતુ તેમણે રામના વનમાં ગયા બાદના સીતાહરણના પ્રસંગથી ઝડપ વધારી દઈને સીધું રામ-રાવણ યુદ્ધ બતાવ્યું છે. આ પ્રસંગો વચ્ચે આવતા હનુમાન-સુગ્રીવ સાથેનો રામનો પરિચય, વાલીવધ તથા હનુમાનનું સમુદ્ર ઉલ્લંઘન વગેરે, જેવા પ્રસંગોને સ્થાન ન મળતાં અન્યાય થયો છે. વળી સમાજમાં પ્રચલિત એવી હનુમાનજીની પર્વત સાથેની કૃતિ હોત તો ઓર આનંદ થાત.
(વાંકાનેર) —ભાડેશિયા જે. એસ

### દિવાળી અંક

દીપોત્સવી અંકમાં એલીસ બૅાનરનું જીવન-ચરિત્ર ખરેખર પ્રેરણાદાયી છે. આવું સુરેખ ચરિત્ર આપવા બદલ લેખકને અભિનંદન.

અન્ય કૃતિઓમાં નૉર્વેના ઉ. ધ્રુવપ્રદેશની યાત્રા, બે શિષ્યો (વાર્તા), કાશીના કલાઉદ્યોગો વગેરે નોંધપાત્ર છે. ઉ. ધ્રુવપ્રદેશની યાત્રાવાળા લેખમાં આપેલા નકશામાં પ્રવાસ-માર્ગ, સમય વગેરે બતાવ્યાં એટલે વધારે મજા આવી. નાવનું ક્ષેત્રફળ મારી યાદી મુજબ ૩,૨૫,૦૦૦ ચો. કિ.મી. છે અને વસતિ ૩૯,૭૧,૦૦૦ (૧૯૭૪ પ્રમાણે). આપણા નૉર્વેને ત્યાંના લોકો 'કોંગ્રિકેટ નોર્જ'થી ઓળખે છે! જગવિખ્યાત યાત્રી રોલ્ડ એમનસને (૧૮૭૨-૧૯૨૮) દક્ષિણ ધ્રુવનો પ્રવાસ ખેડેલો કે ઉ. ધ્રુવનો?

અમારી નજીકના ગામ જૂની મેંગણીમાં પણ નાગનું થાનક છે અને ત્યાં આષાઢી બીજે ઉત્સવ યોજાય છે.
(મેંગણી) —ભાસ્કર સ્વાદિયા

## ખાલીપો / દેવજી રા. મોઢા

• મંદાક્રાન્તા–સૉનેટ •

–તે દ્હાડાનો મુજ જીવતરે ખાલીપો ઘોર વ્યાપ્યો!

મારા માળા સમ ઘરમહીં નિત્ય કલ્લોલ થાતા
ને સીંચાતાં મધુર ટહુકાનાં અમી કર્ણમાંહીં
હૈયું તો આ ગજગજ ઉછાળો લઈ નાચી રૃહેતું
ભાળી તારાં સખી સહિતનાં ક્રીડનો આંગણામાં!
કેવી પેલી જગ-કુટિલતા દૂર તારાથી રૃહેતી!
કેવું દેતું ભરી સદનને તારું નિર્દોષ હાસ્ય!
ધીંગામસ્તી મચતી ફળિયે, ગાજતી શેરીઓ યે
તારા સંતાકૂકડી લકડીદાવ કોલાહલોથી!
એમાં સંતાકૂકડી તું રમી કારમી હુંથી, બેટા!
જેણે ઢાળી કડભર કરી દીધ એવો મને, કે
બેઠો કો દિ' ન જ થઈ શક્યો : ત્રાટક્યો મેઘ ખાંગો
જે દ્હાડાનો સતત અનરાધાર—ને ના વરાપ્યો
—તે દ્હાડાનો મુજ જીવતરે ખાલીપો ઘોર વ્યાપ્યો!

## પ્રીતિફળ / મણિલાલ હ. પટેલ

• શિખરિણી–સૉનેટ •

હજી કાલે તો હું સૂનમૂન હતો, ને ઘર થકી
ઉપેક્ષાયો પાછો મન વગરનું રાંક જીવતો,
હતું ખાલી ખાલી ઘર, વતન, ને બા પણ નહિ;
ન'તું ક્યાં યે કોઈ, કંઈ પણ ન'તું, હું પણ ન'તો!

નર્યો લુખ્ખો-સુક્કો, અણઘડ હતો, આર્દ્ર હૃદય
છતાં ભોળું ઘેલું સીમ નદી તટે રે' વિહરતું!
અભાવોની વચ્ચે તરસ લઈને હું ઊછરતો,
રહ્યો તડ્કા જેવો કુદરત મહીં તો ય તરતો.

હજી કાલે તો હું સૂનમૂન હતો, આજ સહસા
તમે ચાહ્યો કેવું! કણ કણ બની ઓગળી રહ્યો...
બન્યો માટી, વૃક્ષો, ગિરિશિખર, વ્હેતું ઝરણ હું!
તમારી છાતીમાં તલ બની અને હું વસી ગયો.
બની આંખો શ્રદ્ધાદીપ ટમટમે, અશ્રુ નીતરે :
તમે ચાહ્યો હું-ને! ગત જનમનું કો' ફળ ખરે!

## આટલી બધી / ધીરુ પરીખ

• ગાન •

આટલી બધી તે હોય માણસની માણસને સૂગ?!

ચોખ્ખા ચણાક ઘરે વાસણની હાર ઝગે,
વાસણમાં ભાતભાત સ્વાદોની છોળ ચગે;
ઠામને કૈં ફેંકી ના દઈએ ઘર–બ્હાર
એમાં જામે જો બદબોતી ફૂગ!
આટલી બધી૦

ઝાઝા કાંટા ને થોડાં મ્હોરે છે ફૂલ એવા
વેરાને ઊગેલા થોરનાં તે મૂલ કેવાં?
કદી ફેંક્યો ના ધરતીએ ઊખેડી છોડ
જુએ યુગોના યુગોના યુગ!
આટલી બધી૦

## જડતો નથી / જિતેન્દ્ર વ્યાસ

• ગઝલ •

મૌનના કદરૂપ આ પાષાણને
માઈકેલેન્જેલો હજુ જડતો નથી!

જિંદગી મોના લિસાનું સ્મિત છે :
અર્થની પંચાતમાં પડતો નથી.

આ ઉદાસીનતા હશે કે શું હશે?
મારી નજરે હું હવે પડતો નથી!

શું કરું? રે! આપણી વચ્ચે પડ્યો
એક પડદો કે જે ઊપડતો નથી!

## પાંચ અવકાશ / તૃષિત પારેખ

• મિશ્ર •

જળાશયે ફેંક ન કાંકરો તું,
જંપી ગયું છે નભ થાકયું પાકયું.

પંખીની પાંખે ચીપકી ઊડેલું
નીડે પ્રવેશ્યું નભ, હાંફતું હવે.

પુષ્પે બની ઝાકળબિંદુ અલ્પ
પધારતું, ને ઝકઝોરતાં ટપ્!

પરોઢિયે તેજલ અર્ઘ્ય અર્પવા,
નમાવતું સૂર્ય ધરા પ્રતિ નભ.

તારાં ઘનીભૂત નિહાળી વાદળાં
થતું મને કે,
વેદનાનું મહાકાવ્ય જાણે નર્યું જ વિસ્તર્યું!

## કામધેનુ વસૂકી / 'જટિલ'

• ગઝલ •

તુફાનોની સામે કદી જે ન ઝૂકી,
કિનારા સુધી છેક આવીને ડૂકી.

હું દુનિયાથી એવો તો દાઝી ગયો છું,
અડું છું મને પણ હવે ફૂંકી ફૂંકી.

મને જોઈને લોક તમને પૂછે છે,
લીલા વૃક્ષની ડાળખી કેમ સૂકી?

પણે ઝૂરતા માઢ મેડી ઝરૂખા,
અહીં સાંઢણી રણ વચાળે જ ઝૂકી.

છતાં સૂર્યને ઊગવાનું ન સૂઝયું,
દીવા ઓલવાયા ઝબૂકી ઝબૂકી.

ગયાં હાથ છોડી તો શમણામાં આવ્યાં,
હથેળીમાં બૂઝી તો હૈયે ભભૂકી.

અજાણ્યા ઘણા ઘાવ ઊભર્યા છે આજે
મને કોણે ઠોલ્યો હશે ફૂંકી ફૂંકી?

ના, રસ્તામાં રઝળાવે એવાં નથી એ,
સ્વજન ઘેર જાશે તને આગ મૂકી.

મિલનની ઘડીએ જ શબ્દો નસૂઝયા,
'જટિલ' ટાંકણે કામધેનુ વસૂકી.

# ધીરજ અને આત્મશ્રદ્ધા

બહાદુરશાહ પંડિત

સાગરકાંઠે એક માણસ બેઠો હતો. એના હાથમાં દર્ભની એક સળી હતી. દર્ભની એ સળી પાણીમાં બોળીને બહાર રેતી પર તે પાણી છંટકારતો હતો. ત્યાં બીજો એક માણસ આવી ચડ્યો. પેલાની આ વિચિત્ર ક્રિયા જોઈ આગંતુકે પૂછ્યું: 'આ શું કરો છો?'

'દરિયો ખાલી કરું છું.' પેલા માણસે શાંતિથી જવાબ આપ્યો.

'હેં!' આગંતુકે આશ્ચર્યથી કહ્યું: 'તમે આ રીતે તો દરિયો કેવી રીતે ખાલી કરી શકશો?'

'કેમ કેવી રીતે?' પેલાએ જવાબ આપ્યો; 'સળીથી જેટલું પાણી બહાર છંટકારાય છે એટલું દરિયામાંથી ઓછું તો થશે ને? એટલું એ છું થાય છે તો ધીમે ધીમે બધું જ ખલાસ થઈ જશે.'

ધીરજ અને આત્મશ્રદ્ધાનું આ કેવું આદર્શ ઉદાહરણ છે! તમે હાથમાં લીધેલું કામ ગમે તેટલું મોટું હોય અને તમારી પાસેનું સાધન ગમે તેટલું નાનું હોય, નાચીઝ હોય, તો પણ તમારી પાસે ધીરજ અને આત્મશ્રદ્ધા હશે તો એ કામ અવશ્ય પાર પડશે.

જેના સામ્રાજ્યનો સૂર્ય કદી આથમતો નહોતો એ બ્રિટિશ સલ્તનતમાં કેટલી મોટી તાકાત હતી? એની સામે માથું ઊંચકવા માટે ગાંધીજી પાસે કયું મોટું સાધન હતું? એમની પાસે માત્ર અહિંસાનું એક હથિયાર હતું. છતાં એ નાનકડા માનવીએ ધીરજ અને આત્મશ્રદ્ધાથી એટલી મોટી સલ્તનતને હરાવી અને ભારતને સ્વરાજ્ય અપાવ્યું. ગાંધીજી કોઈ દૈવી પુરુષ નહોતા. આપણા જેવા જ હાડચામના બનેલા માનવી હતા. એમનાથી જે થઈ શક્યું એ આપણાથી પણ કેમ ના થઈ શકે?

'ધીરજનાં ફળ મીઠાં' અને 'ઉતાવળે આંબા ના પાકે' એ કહેવતો આખી પ્રજાના અનુભવનો નિચોડ છે. આંબાની કેરી જેવું સ્વાદિષ્ઠ ફળ પ્રાપ્ત કરવું હોય તો ગોટલો વાવ્યા પછી કેટલાં વર્ષો સુધી ધીરજ રાખવી પડે છે? એમ સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો Rome was not built in a day. (રોમ એક દિવસમાં બંધાયું નહોતું.) એ ધ્યાનમાં રાખી સતત મથ્યા કરવું જોઈએ.

ધીરજ સાથે પુરુષાર્થ અને આત્મશ્રદ્ધા સંકળાએલાં છે. એકલી ધીરજ તો કશું ફળ આપી શકે નહિ. આરંભમાં આપેલા દૃષ્ટાંતનો નાયક દર્ભની સળીથી સતત પાણી બહાર કાઢી રહ્યો છે, અદબ-પલાંઠી વાળીને બેસી રહ્યો નથી.

તમે કરવા ધારેલું કામ ઘણું મોટું છે. એ જોઈને જ તમે હારી જાઓ તો તો કદી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે નહિ. કામ મોટું છે તો તમારી આત્મશ્રદ્ધા પણ ક્યાં નાની છે? તમારી ધીરજ રાખવાની શક્તિને પણ ક્યાં મર્યાદા છે?

નેપોલિયન બોનાપાર્ટ સામે આખું યુરોપ ખડું થઈ ગયું હતું. પણ એની આત્મશ્રદ્ધા હિમાલય જેટલી અડગ હતી. 'મારા શબ્દકોશમાં અશક્ય જેવો કોઈ શબ્દ નથી!' એમ કહીને એણે જે અપૂર્વ આત્મશ્રદ્ધાથી અને વિરલ ધીરજથી પોતાની સામેના પડકારને ઝીલી લીધો એનો ઇતિહાસમાં કોઈ જોટો નથી. હિમાલયની ટોચ પર પહોંચવું તે કેટલું કપરું કામ છે? હિલેરી અને તેનસિંગે એ કપરું કામ સદેહે પૂરું પાડ્યું. એવરેસ્ટ પર આરોહણ કંઈ ગણતરીના કલાકોમાં થઇ શકે એમ નહોતું. એક એક ડગલું ભરીને ત્યાં પહોંચવાનું હતું. અને મુશ્કેલીઓનો તો પાર નહોતો. પણ આ બન્ને સાહસવીરો પાસે ધીરજની ઢાલ અને આત્મશ્રદ્ધાની તલવાર હતી. એથી એમણે મુસીબતોને મારી હઠાવી અને અણનમ હિમાલયના શિર પર પગ મૂકી ઊભા રહી શક્યા.

આ ધીરજ અને આત્મશ્રદ્ધાનો કોઈ ગાંધી, નેપોલિયન કે તેનસિંગે ઈજારો રાખ્યો નથી. એ બન્ને તમારી પાસે છે, મારી પાસે છે અને આપણી સૌની પાસે છે, પણ આપણે એને પારખીને વાપરતા નથી, એનો ઉપયોગ કરતા નથી.

શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીની સુપ્રસિદ્ધ નવલકથા 'સરસ્વતીચંદ્ર' પૂરી થતાં ૨૦ વર્ષ લાગ્યાં હતાં. એમણે કેટલી ધીરજથી કામ કર્યું હશે! જગતની સાત અજાયબીઓમાં સ્થાન પામેલો તાજમહાલ તૈયાર થતાં પણ વીસ વર્ષ લાગ્યાં હતાં. ચીનની દીવાલ શું રાતોરાત તૈયાર થઈ ગઈ હશે? દરેક મહાન કાર્ય માણસની ધીરજની કસોટી કરનારું જ હોય છે. કોઈ પણ મહાન કાર્ય ચમત્કારથી થતું નથી. હા, ચાઈઝ વાઈઝમૅન કહે છે એમ, ચમત્કારો પણ ક્યારેક થાય છે ખરા,–પણ તેને માટે માણસને આકરી મહેનત કરવી પડે છે.'

આપણી એક લોકોક્તિમાં યોગ્ય જ કહેવાયું છે: 'ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર'. ધીરજ માણસની માનસિક સ્વસ્થતાની સંજ્ઞા છે, એની પરિપક્વતાની નિશાની છે. ધીરજમાં સહિષ્ણુતા, સ્વસ્થતા અને માનસિક સ્થિરતા છે. એ ઉપરાંત અપૂર્વ આત્મશ્રદ્ધા પણ છે. આમ ધીરજ અનેક સદ્‌ગુણોની જનેતા છે.

મહત્તા પ્રાપ્ત કરવા ઇચ્છતા દરેક માણસે લૉંગફેલોની નીચેની પંક્તિઓ એના દીવાનખાનાની દીવાલ પર લખી રાખવા જેવી છે:

The heights by great men reached and kept / Were not attained by sudden flight / But they, while their companious slept / Were toiling upward in the night.

કોલોરાડો પ્રદેશમાં જ્યારે સૌથી પહેલી વખત સોનાની ખાણો નીકળી ત્યારે આખું અમેરિકા ગાંડું થઈ ત્યાંની જમીન ખરીદવા લાગ્યું. એક કરોડપતિએ પોતાની બધી મૂડી રોકીને એક આખો પહાડ ખરીદી ખોદકામ શરૂ કર્યું. ખૂબ ખોદકામ થયું, પણ સોનું ના મળ્યું. નિરાશ થએલા શ્રીમંતે આખો પહાડ સાધનો સાથે વેચવા કાઢ્યો. ઘરનાં માણસો કહે તમારા જેવો ગાંડો કોણ હશે તે ખરીદવા આવશે? પણ ખરેખર એક ખરીદનારો આવ્યો. વેચાણ થઈ ગયા પછી આ શ્રીમંતે કહ્યું: 'તમે ખરા માણસ છો! હું બરબાદ થઇને વેચવા નીકળ્યો છું એ જાણ્યા છતાં તમે ખરીદવા નીકળ્યા છો?'

'શી ખાત્રી કે તમે ખોદ્યું છે એનાથી ઊંડું ખોદતાં સોનું નહિ નીકળે?' પેલાએ શ્રદ્ધાથી કહ્યું અને ખરેખર એક ફૂટ ઊંડું ખોદતાં જ સોનું મળ્યું! આ નસીબ હતું? ના, ધીરજ અને આત્મશ્રદ્ધા! □

### આરંભ

આજનો દિવસ આંટાટલ્લા ને ટોળટપ્પાંમાં વેડફી નાખશો, તો આવતી કાલે પણ તમારી આ કથા બેવડાશે, અને તે પછી યે એ લંબાતી જ જશે. અનિશ્ચિતતા પોતાની સાથે વિલંબ આણે જ છે. ગુમાવેલા દિવસો માટેના વિલાપમાં પણ બીજા દિવસો વેડફાતા જાય છે. તમે જો ખરેખર જ કંઈ કરવા ઇચ્છતા હો તો એનો આરંભ કરી જ દો. એ આરંભમાં પ્રતિભા છે, શક્તિ છે, એક પ્રકારનો જાદુ છે. તમે આરંભ કરી દો અને તમારું મગજ ધમધમવા લાગશે. આરંભ કરી દો એટલે પછી ધાર્યું કામ પૂરું થઈ જ જશે.

—ગઅટે

## એક અજોડ અચ્યુતધ્યેય પુરુષાર્થી

હવે રૉયને લાગવા માંડયું કે લાખ્ખોપતિ બનવાનું પોતાનું સ્વપ્ન સિદ્ધ કરવું હોય તો હવે વધુ વિલંબ પરવડી શકે નહિ. તેણે રેડિયો-સ્ટેશનોનો હવાલો, જેની નિષ્ઠા અને કાર્યસાધકતા પર તેને પૂરો ભરોસો હતો એ જેઈમ્સ કેન્ટ ફૂકને સોંપ્યો અને પોતાનું બધું લક્ષ એણે પોતાના અખબાર પર કેન્દ્રિત કર્યું, કારણ રેડિયો કરતાં અખબાર દ્વારા જાહેરખબરોની વધુ આવક થવાની એને ખાતરી હતી.

ફૂક માત્ર મૅનેજર જ નહિ પણ ટૉમસનના મિત્ર જેવો બની રહ્યો હતો. એ જ અરસામાં બીજા વિશ્વયુદ્ધનાં વાદળ જે વર્ષોથી ઘેરાતાં રહેલાં એ એકાએક વરસી પડયાં. એ સાથે જ કૅનેડિયન ન્યુસપ્રિન્ટ પર માપબંધી આવવાની હવા ફેલાતાં ટૉમસને તેનો શક્ય એટલો બધો જથ્થો હાથ કરી લીધો અને પોતાની સાથે ફૂકની પણ સમગ્ર શક્તિ નફાનો ધોધ પોતાના તરફ વાળવા કામે લગાડી, અને આમ, ભવિષ્યના એના વિશ્વસામ્રાજ્યનો ગર્ભ બંધાવા પામ્યો.

ટિમિન્સના એના 'ધ પ્રેસ' પત્રના ૪૦૦૦ ડૉલરના શેર રૉયે ટિમિન્સના નાગરિકોમાં વેચેલા, પરંતુ પત્રને અદ્યતન બનાવવું હોય તો એટલી રકમ પૂરતી નહોતી. ડોમિનિયન બૅન્ક પાસેથી લોન મેળવી અદ્યતન મશિનરી અને ચુનંદા માણસો દ્વારા તેણે પત્રમાં નવો પ્રાણ રેડયો. સ્ટ્રૅટફર્ડ મુકામે નવું રેડિયો સ્ટેશન CJCS એણે ઊભું કર્યું ને ૧૯૪૦-માં એના રેડિયો સ્ટેશન CKGB અને એના અખબાર બંનેને સમાવી લેતું, માત્ર ટિમિન્સમાં જ નહિ પણ સમગ્ર ઉત્તર પ્રદેશમાં ભવ્ય એવું 'ટૉમસન બિલ્ડિંગ' અસ્તિત્વમાં આવ્યું. એ હવે ફ્રેન્ચ ભાષામાં પણ રેડિયો સ્ટેશન ઊભાં કરતો હોઈ ફૂકે એને ક્વિબેક પ્રાંતમાં એક ફ્રેન્ચ-ભાષી રેડિયો-સ્ટેશન ઊભું કરવા કહ્યું. ટૉમસને એના સૂચન સાથે સંમત થતાં જણાવ્યું : 'ઓ. કે., આપણે બંને ભાગમાં તેમ કરીએ. તું ત્રીજું સ્ટેશન ઊભું કર, તે માટેનાં બે તૃતિયાંશ નાણાં હું ઊભાં કરી શકીશ, આપણે બંનેનો એમાં ભાગ'. પરંતુ અત્યાર સુધીમાં સારો પૈસો જમાવી બેઠેલો ફૂક વિચક્ષણ વ્યક્તિ હતો. તે ટૉમસન પાસેથી જ શીખેલો કે જેની પાસેનો પૈસો તેને વધુ પૈસો મેળવી આપી ન શકે તેને એ પૈસો પોતાની પાસે રાખવાનો કે કોઈની પાસેથી પૈસો ઉછીનો માગવાનો અધિકાર નથી. એને ય હવે ટૉમસનની જેમ સ્વતંત્ર સાહસમાં ઝંપલાવવું હતું.

યુદ્ધનાં વર્ષો દરમિયાન ટૉમસન પોતાનો ચાલુ ધંધો સંભાળવા સિવાય કશું નવું સાહસ કરી શકે તેમ ન હતો. રેડિયો-સ્ટેશનોની સંખ્યા પર સરકારી નિયંત્રણ આવી જતાં તે નવાં સ્ટેશનો પણ ઊભાં કરી શકે તેમ નહોતો, તેમ ન્યુસપ્રિન્ટની માપબંધીના કારણે કોઈ નવું અખબાર પણ શરૂ કરી શકે તેમ નહોતો. એવામાં એને જાણવા મળ્યું કે ત્રણ પ્રકાશકોએ મળીને તેમનાં ચાર પત્રોની ઊભી કરેલી સિન્ડિકેટમાંથી હવે તેઓ છૂટા પડવા માગતા હતા, તરત ટૉમસને તેની ખરીદી માટે વાટાઘાટો શરૂ કરી. ચારે પત્રોની વેચાણકિંમત તેને સાડા સાત લાખ ડૉલર જણાવવામાં આવી, જે અત્યાર સુધીની તેની કુલ અસ્કયામત જેટલી થવા જતી હતી. અત્યારસુધીમાં ૭૬ હજાર ડૉલરથી વધુ રકમની લોન એણે ક્યાંયથી માગી નહોતી, એટલે અમુક રકમ રોકડમાં અને અમુક શેરોમાં ચૂકવવાની પોતાની દરખાસ્ત સાથે સામા પક્ષને સંમત કરી કુલ ૮ લાખ ૮૦ હજારમાં સોદો પતાવ્યો. આમ ટૉમસન હવે ૫ અખબારો અને ૮ રેડિયો-સ્ટેશનોનો માલિક બન્યો. ટૉરૉન્ટોના 'સ્ટાર' પત્રે એક જ વ્યક્તિની માલિકી નીચે એટલાં પત્રો હોવા સામે વાંધો ઉઠાવ્યો, રાજકારણીઓ પણ ટૉમસનના હવે પછીના વલણ બદ્દલ શંકા સેવવા લાગ્યા, પણ ટૉમસને તેમને સાંત્વન આપ્યું કે અખબાર એને મન પ્રચાર-પ્રતિષ્ઠાનું નહિ પણ કેવળ નફાનું સાધન હતું.



▷ લૉર્ડ ટૉમસન

# લૉર્ડ ટૉમસન

લેખક · અશોક હર્ષ

ટૉમસન પોતાની ઈર્ષાપ્રેરિત ટીકા પ્રત્યે પહેલેથી જ તદ્દન બેપરવા હતો. આ નવી સિદ્ધિ પછી, એકાદ અજગર જેમ પોતાનો વધુપડતો આહાર પચાવવા સુસ્ત થઈને પડયો રહે તેમ તે પોતાની કુશાદે ઑફિસમાં ફૂક અને દસ માણસોના સ્ટાફ સાથે પોતાનો સમય આરામથી વીતાવવા માંડયો. પણ જૅક કેન્ટ ફૂકને માટે આરામ હવે હરામ થઈ પડયો હતો. છેલ્લાં ૭ વર્ષથી ટૉમસનના બધા જ સોદાઓમાં તે સામેલ રહ્યો હતો અને ગયા એક વર્ષથી તે જાણતો હતો કે ટૉમસન તેનાં ત્રણે ફ્રેન્ચભાષી રેડિયો-સ્ટેશનો વેચી નાખવા માગે છે. તે જો વેચાઈ જાય તો ભાગીદારીના કરાર મુજબ તેને ઊપજેલ કિંમતનો ત્રીજો હિસ્સો મળે તેમ હતો, અને પોતાના નવા સાહસ માટે બાકીનાં નાણાં તે જાતે ઊભાં કરી શકે તેમ હતો. અને એમ જ થયું. ફૂક ટૉમસનના જ પગલે ચાલી લાખ્ખોપતિ બની ગયો. તેણે ટૉમસનને તેનું ટૉરૉન્ટો રેડિયો-સ્ટેસન પણ વેચી દેવાની દરખાસ્ત મૂકી. ટૉમસન પહેલાં તો તૈયાર ન થયો, પણ પછી ૫ લાખ ડૉલરની કિંમતે તે વેચી દીધું. ફૂકે સ્ટેશનનું નામ CKCL બદલી CKEY રાખી તેને ધૂમ કમાણી કરતું બનાવી દીધું.

હવે અમેરિકન પત્રોએ પણ કૅનૅડાના આ અખબારી ઈજારદારમાં રસ લેવા માંડયો, અને ટૉમસનને પણ પોતાની આ પ્રસિદ્ધિ ગમવા લાગી. યુદ્ધનાં વર્ષોએ ધંધાદારી નજરે તેને તરતો બનાવી દેતાં એ જ્યાં પણ જતો અને જે પણ અખબાર માલિકને મળતો તેને તે પૂછયા વિના ન રહેતો કે તેને તેનું અખબાર વેચવાનું છે કે કેમ. આ અરસામાં એણે




લંડનમાં શ્રી મોરારજી દેસાઈની 'ધ ટાઈમ્સ'ની મુલાકાત વેળા એમનું સ્વાગત કરતા લૉર્ડ ટૉમસન. ◁

ખેડેલી યુરોપની સફર દરમિયાન રેડિયો લુક્સેમ્બુર્ગ ખરીદવાનો પ્રયાસ પણ એણે કરી જોએલો, પણ તેમાં સફળતા મળેલી નહિ.

બ્રિટનમાં ભરાતી છઠ્ઠી શાહી અખબારી પરિષદમાં કૅનૅડાના ૧૭ પ્રતિનિધિઓમાં ટૉમસન પણ હતા, અને ૧૯૫૦માં કૅનૅડા મુકામે ભરાનારી સાતમી પરિષદની વ્યવસ્થા સમિતિમાં તે માનાર્હ કોષાધ્યક્ષ નિમાએલો. એની અખબાર-માલિકીએ એનો સામાજિક દરજ્જો વધારી દીધેલો ને હવે તો અમેરિકાની જેમ બ્રિટનમાં પણ એ કુતૂહલનો એક વિષય બની રહેલો. પૈસાનો તો હવે ધોધ એને ત્યાં પડવા માંડયો હોઈ સૌને એક જ પ્રશ્ન ઊઠતો : 'ટૉમસન હવે પછી શું કરશે?' ટૉમસનની પોતાની પણ ચિકીર્ષા ઓછી નહોતી. નવાં કોઈ અખબારોની ખરીદીની શક્યતા ન જણાતાં તે એકાદ સ્ટીલ-મિલ ખરીદવા ઉદ્યુક્ત થએલો; ત્યાં જ સ્ટુઅર્ટ પ્લેફેરનો ફોન તેને મળ્યો કે તે તેનાં બે પત્રો 'મર્ક્યુરી' અને 'ડેઈલી ન્યુસ' વેચવા તૈયાર હતો. ટૉમસન તો એવા કોઈ કહેણ માટે ટાંપીને જ બેઠેલો, ને પરિણામે કૅનૅડાની રૉયલ બૅંકના ધિરાણ પર તે આ બંને અખબારોનો માલિક બની બેઠો. બાદ એણે પ્રસારણ અને પ્રકાશનના પોતાના અલગ અલગ ધંધાઓને એક જ નામ 'ટૉમસન્સ કંપની લિ.' હેઠળ સંયોજિત કરી દીધા.

પોતાનાં તમામ અખબારી પ્રકાશનોનું બજેટ ટૉમસન પોતે જ તૈયાર કરતો, જેમાં માણસોના પગારથી માંડી છાપકામમાં વપરાવી જોઈતી ધાતુ, યંત્રોની જાળવણી અને દુરસ્તી પાછળ થવો જોઈતો ખર્ચ વગેરેનો અંદાજ એ આગોતરો નક્કી કરી રાખતો. તેના છાપાનો તંત્રી ગમે તે છાપે, ગમે તેનો વિરોધ કરે કે રાજકારણમાં ગમે તે પક્ષને ટેકો આપે, એ બાબતમાં તે કદી માથું ન મારતો. પરંતુ બજેટ કરતાં એક પણ વધુ ડૉલર સીસા પાછળ કે ટાઈપ રાઈટરની રિબન પાછળ પણ ખર્ચાયો તો તે એનો જવાબ માગતો.

ઈ. ૧૯૫૧માં પત્ની એડનાના અવસાન પછી થોડા જ સમયમાં એણે વાનકુવરનું 'હૅરલ્ડ' ખરીદ્યું, અને પછી 'કૅનૅડિયન પ્રેસ'ના પ્રમુખપદ દરમિયાન બીજાં સાત પત્રો! આ પ્રમુખપદ દરમિયાન એણે બોલાવેલી એક પરિષદમાં એક અખબાર માલિકે ફરિયાદ કરી કે, 'પત્રોનો ફેલાવો ઘટતો જાય છે. ટી. વી. આપણને ખત્મ કરી રહેલ છે, રેડિયો આપણા સમાચારો ચોરી લે છે, કામદારોની માગણીઓનો અંત નથી, ઉત્પાદન ખર્ચ વધતું જાય છે, જાહેરખબરોની આવક ઘટતી જાય છે...'

'તો પછી વેચવા કાઢવા તૈયાર છો?' લાગલો જ ટૉમસને પ્રશ્ન ફેંક્યો અને આખી પરિષદમાં ખડખડાટ હાસ્યનું મોજું ફરી વળ્યું.


અખબારો અને રેડિયો-સ્ટેશનોનું પોતાનું સામ્રાજ્ય વધુ ને વધુ વિસ્તારતા અને તેને સંપન્ન બનાવ્યે જતા ટૉમસનની નજર હવે બ્રિટન તરફ દોડી અને તેના જેવા જ કૅનૅડિયન અને બ્રિટનમાં અખબાર માલિકી જમાવી બેઠેલા લૉર્ડ બીવરબ્રુકની સલાહ લેવાનું તેણે નક્કી કર્યું. બીવરબ્રુકે તેને બ્રિટનનાં કોઈ અખબાર ખરીદવાનું સૂચન કર્યું, સાથે તેને નિરુત્સાહ પણ ન કર્યો. ટૉમસને ઍબર્ડીનથી પ્રસિદ્ધ થતું લૉર્ડ કેમ્સ્લીના જૂથનું એક પત્ર ખરીદવા વાટાઘાટો ચલાવી જોઈ, પણ તેમાં સફળતા ન મળતાં તેણે બ્રિટનમાંથી 'કૅનૅડિયન વીકલી' નામનું સાપ્તાહિક શરૂ કર્યું જે બ્રિટનવાસી કૅનૅડિયનો અને કૅનૅડાવાસી બ્રિટિશોની અપેક્ષા સંતોષી શકે.

કૅનૅડા પાછો ફરી તે હવે પ્રાંતિકને બદલે ત્યાંની કેન્દ્રીય ફેડરલ ચૂંટણીમાં ઊભો રહ્યો, પણ પોતાના પ્રચાર માટે પોતાનાં પત્રોનો મુદ્દલ ઉપયોગ ન કર્યો—એટલે સુધી કે એના હરીફને લગતા સમાચારો એના પત્રના પ્રથમ પાને છપાતા, જ્યારે એને પોતાને લગતા બીજા પાને.

આ ચૂંટણી દરમિયાન જ 'સ્કૉટ્સમૅન' તરફથી એને પત્ર મળ્યો. ચૂંટણીમાં એ પરાજિત થયાની મંગળવારે જાહેરાત થઈ અને શુક્રવારે તો એ સ્કૉટલૅન્ડના જૂનામાં જૂના અને રાષ્ટ્રીય કક્ષાના પ્રતિષ્ઠિત પત્ર 'સ્કૉટ્સમૅન'ની ખરીદી માટે તે ઍબર્ડીન ઊપડી ગયો. સોદો પત્યો પણ શરતમાં ટૉમસને 'સ્કૉટ્સમૅન'ના ૭૫ ટકા ઑર્ડિનરી શેરો લેવાના હતા, અને સાથે તેણે ઍબર્ડીન મુકામે જ રહેવાનું હતું અને પત્ર કે પોતાના શેર બીજા કોઈને આપવાના નહોતા.

અત્યાર સુધીના સોદાઓમાં ટૉમસન પહેલી જ વાર આ સોદા પર સહી કરતાં ખમચાયો. પોતે કલાકેક રહી પાછો આવે છે એમ કહીને તે બહાર નીકળી ગયો. પોતે જો કરાર પર સહી કરે તો પછી કૅનૅડાનું પોતાનું સામ્રાજ્ય છોડી તેણે સ્કૉટલૅન્ડમાં જ રહેવું પડે, અને કૅનેડાની જવાબદારીનો ભારે બોજો પુત્ર કેનેથને માથે નાખવો પડે, કે જે બોજો ખુદ તેને ય હળવો કરવાનું તેની પત્ની એડના તેને હમેશાં કહેતી રહેતી. વળી દૈનિક 'સ્કૉટ્સમૅન' સાથે 'સાપ્તાહિક સ્કૉટ્સમૅન' તથા 'ઈવનિંગ ડિસ્પૅચ' પણ સંકળાએલાં હોઈ ટૉમસનનો બોજો અનેકગણો વધી જતો હતો, છતાં કલાક પછી પાછા ફરી તેણે તરત જ સહી કરી આપી. અંતે પોતે પ્રાંતિકને બદલે રાષ્ટ્રીય કક્ષાના એક અખબારનો માલિક બન્યાની એની મહત્ત્વાકાંક્ષા પૂરી થયાની ખુશી એટલી બધી હતી કે આ બોજો એના મનના કોઈ ખૂણાને સ્પર્શી શકે તેમ નહોતો. અને હવે તો એણે એકરાર કરવા માંડયો કે અત્યાર સુધીના તેના તમામ સોદાઓ પાછળનો એકમાત્ર આશય નફો મેળવવાનો હતો; પણ આ સોદા પાછળ પત્રની પ્રતિષ્ઠા જાળવી રાખી તેને ખોટમાંથી ઉગારવા સિવાય બીજો કશો જ નહોતો. એ માટે એ કૅનૅડા છોડી દેવા પણ તૈયાર થઈ ગયો. એના કહેવા પ્રમાણે એની આ તત્પરતા પાછળ ત્રણ કારણો રહેલાં : એક તો પોતાના પુત્ર કેનેથને આથી કેળવવાનું મળે; બીજું કૅનૅડામાં રહે તો પોતે જે કંઈ કરેલું તેનું જ પુનરાવર્તન થયા કરવાની શક્યતા ટાળી શકાય; અને ત્રીજું 'હું મારી જાતને ધારી બેઠો છું એવો હું ખરેખર છું કે નહિ તે મારે શોધી કાઢવું.'

'સ્કૉટ્સમૅન'નું તંત્ર સંભાળવા એણે જૅક કેન્ટ ફૂકને નિમંત્ર્યો, પણ એ હવે એના ધંધામાં ઈર્ષાપાત્ર સફળતા વરી ચૂકયો હોઈ એ નિમંત્રણ



ઈ. ૧૯૬૭માં નવી દિલ્હીમાં 'પ્રેસ ઇન્સ્ટિટ્યૂટ'ના ઉદ્‌ઘાટન વેળા પ્રાસંગિક વ્યાખ્યાન આપતા લૉર્ડ ટૉમસન

એણે પાછું ઠેલ્યું. ટૉમસન પત્રના વધુ ફેલાવા માટે તેના સર્ક્યુલેશન-મૅનેજર સાથે આખું સ્કૉટલૅન્ડ ફર્યો, પરંતુ સ્કૉટ લોકોમાં એ પ્રિય ન થઈ શક્યો. એક પરદેશીએ પોતાનું પ્રિય અને પ્રતિષ્ઠિત પત્ર હડપી લીધું હોવાની હકીકત એ લોકો ભૂલી નહોતા શક્યા, અને એટલે તો સ્કૉટલૅન્ડમાં ટેલિવિઝન કેન્દ્ર ઊભું કરવાના ચાર્ટર માટેની તેની અરજી પર સ્કૉટલૅન્ડની અગ્રગણ્ય વ્યક્તિઓમાંની એકેએ સહી ન કરી.

હવે ધીરજ અને કુનેહથી એક બાજુએ આટલાંટિકના પેલા પારના પોતાના અખબારી સામ્રાજ્યમાં નવાં અખબારો સાથે નવાં ટેલિવિઝન કેન્દ્રોનો ઉમેરો તે કરતો રહ્યો અને બીજી બાજુ 'સ્કૉટ્સમૅન'ને ધીમે ધીમે ખોટમાંથી બહાર લાવી તેને નફો કરતું બનાવી દીધું. ઇંગ્લૅન્ડના લૉર્ડ કેમ્સ્લીના જૂથનાં અખબારો ખરીદવા સતત પ્રયાસો છતાં જ્યારે તેની દાળ ગળી નહિ ત્યારે ટૉમસને વધુ પ્રયાસો પડતા મૂકી સ્કૉટલૅન્ડના બીજા પ્રતિષ્ઠિત પત્ર 'ગ્લાસગો હૅરલ્ડ' પર પોતાનું લક્ષ કેન્દ્રિત કર્યું અને એક સવારે તે એ પત્રના દરેક શેરહોલ્ડર પર પત્ર લખવા બેઠો હતો ત્યાં જ અચાનક ખુદ લૉર્ડ કેમ્સ્લીનો ફોન મળ્યો જેમાં વળતે જ દિવસે સવારે દસ ને પચીસ મિનિટે તેને મુલાકાત માટે જણાવવામાં આવ્યું. ટૉમસન એ જ રાતની ટ્રેઈન પકડી લંડન ઊપડી ગયો.

કેમ્સ્લી જૂથનાં કુલ ૧૮ પત્રોમાંનાં અઢારે અઢાર મહત્ત્વનાં હતાં, જેમાં ઇંગ્લૅન્ડનું જૂનું અને પ્રતિષ્ઠિત રવિવારી પત્ર 'સનડે ટાઈમ્સ' તથા 'એમ્પાયર ન્યુસ' સૌથી મોખરે હતાં. એ ઉપરાંત જૂથમાં અનેક રાષ્ટ્રીય તેમજ પ્રાંતિક દૈનિકો, સાપ્તાહિકો વગેરેનો સમાવેશ થતો હતો. નવ દિવસની અત્યંત ખાનગી મંત્રણા પછી એ આખું યે જૂથ ટૉમસનના હાથમાં ગયું, અને બ્રિટનનો એ મોટામાં મોટો અખબારમાલિક બની ગયો. લૉર્ડ કેમ્સ્લી પોતે સક્રિય રહી પોતાનાં કુટુંબીજનો દ્વારા આખા અખબારી જૂથને પોતાના અંકુશ નીચે રાખતો, તેના સ્થાને ટૉમસને જૂથનાં તમામ પત્રોને સંપાદકીય સ્વતંત્રતા બક્ષી. વળી ડિરેક્ટરોમાંથી કેમ્સ્લી જેમની ભાગ્યે જ સલાહ લેતો તેમને ટૉમસને વિશ્વાસમાં લીધા અને ધીરે રહીને કેમ્સ્લીના પુત્રોને પણ ડિરેક્ટરપદેથી મુક્ત કર્યા.

ઈ. ૧૯૫૯ના ઑગસ્ટની ૧૪મીએ કેમ્સ્લી જૂથનો પોતે સત્તાવાર માલિક બન્યા પછી ટૉમસને સૌપ્રથમ પ્રયત્ન 'સનડે ટાઇમ્સ'ને તરતું કરવાનો કર્યો. તેને એ માટે પત્ર સાથે રંગીન પૂર્તિ આપવી જરૂરી લાગી. જો કે જાહેરાતદારોમાં પત્રને એથી વધુ સફળતા મળવાની પતીજ એ પ્રેરી ન શક્યો, પરંતુ એક વરસ સુધી જેવી અને જેટલી મળે તેવી અને તેટલી જાહેરાતોથી ચલાવી લઇને છેવટે તે એવી પતીજ પ્રેરી શક્યો.

સને ૧૯૬૨ના ફેબ્રુઆરીની ૮મીએ બ્રિટનમાં પહેલી રંગીન પૂર્તિ સાથે 'સનડે ટાઈમ્સ' બહાર પડ્યું. એની પ્રથમ જયંતી એવી રીતે ઊજવવાનો ટૉમસને નિર્ણય કર્યો કે લોકો તે ભૂલી ન શકે, પછી તે પાછળ ચાહે તેટલો ખર્ચ થવા પામે. એના નિમંત્રિતો તરીકે ઉદ્યોગ-વાણિજ્ય ક્ષેત્રની દુનિયાભરની સૌથી વધુ નામાંકિત વ્યક્તિઓ હોવી જોઇએ અને નિમંત્રણસ્થળ પણ એવું હોવું જોઇએ જ્યાં એ પહેલાં તેમાંનું કોઈ ગયું ન હોય. એના મનમાં એવાં બે જ સ્થળો રમતાં હતાં : એક મૉસ્કો અને બીજું પેકિંગ!

અને ઠંડું યુદ્ધ તેની પરાકાષ્ઠાએ પહોંચેલું તેવા એ સમયમાં રશિયાએ તેની યજમાની સ્વીકારી પશ્ચિમના ટોચના ૧૬૮ મૂડીવાદીઓને સહર્ષ આવકાર્યા, એટલું જ નહિ, એમના વિમાની પ્રવાસની પણ પોતાના તરફથી મફત સગવડ કરી આપી. ત્યારના રશિયન વડા પ્રધાન નિકિતા ક્રુશ્ચેવ અને રૉય ટૉમસન વચ્ચે અઢી કલાક ચાલેલી મુલાકાતને અંતે છૂટા પડતાં ટૉમસને ક્રુશ્ચેવને બૅટરીથી ચાલતું કાંડા-ઘડિયાળ અને એની પત્નીને સોનાનું ઘડિયાળ ભેટ આપ્યાં. મુલાકાત દરમિયાન વિવિધ વિષયો સાથે જગતના રાજકારણની પણ બંને વચ્ચે હળવા દિલે થએલી ચર્ચામાં ટૉમસને રશિયાએ બ્રિટિશ માલની આયાતની મૂકેલી છૂટમાં બ્રિટિશ અખબારોનો સમાવેશ થાય છે કે કેમ એ પૂછતાં ક્રુશ્ચેવે જવાબ આપેલો : 'હું ઇચ્છું છું કે એમ થાય, પરંતુ અમારી અત્યારની પરિસ્થિતિમાં તે શક્ય નથી એમ હું માનું છું.' અને પછી હસતાંહસતાં ઉમેર્યું : 'જો "ઈઝવેસ્તિયા"ના સંપાદક મારા જમાઇને 'સનડે ટાઈમ્સ'નું સંપાદન સોંપવામાં આવે તો રશિયા અહીં તેના વેચાણની તરત છૂટ આપી દે!'

હવે ઈ. ૧૯૬૪ના આરંભ સુધીમાં તો એકલા બ્રિટનમાં જ ટૉમસનનું સામ્રાજ્ય લગભગ પાંચ કરોડની મૂલ્યવત્તાએ પહોંચી ગયું! એટલું જ નહિ પણ ઉમરાવસભામાં સ્થાન મેળવવાની એની મહેચ્છા પણ ૧૯૬૩ના નવા વર્ષની માનચાંદની લહાણીમાં એને એનાયત થએલા 'બૅરન' પદથી પાર પડી ચૂકી અને ૧૯૬૪માં પોતાની પસંદગીના 'લૉર્ડ ટૉમસન ઑવ ફ્લીટ ઑવ નૉર્થ બ્રિજ ઈન ધ સિટી ઑવ એડિનબરો' એવા ઈલ્કાબ સાથે એ ઉમરાવસભામાં બેઠક લેતો થઈ ગયો અને ઈ. ૧૯૬૭માં તો દુનિયાભરના પ્રતિષ્ઠિત પત્ર, લંડનના 'ધ ટાઈમ્સ' દૈનિકનાં નિયામક હિતોમાં ટૉમસને ભાગ મેળવીને પોતાની મહત્ત્વાકાંક્ષા પૂર્ણ સિદ્ધિએ પહોંચાડી દીધી. સાથોસાથ એની સાહસિકતા પણ પરાકાષ્ઠાએ પહોંચી. ઈજારાશાહીની તપાસ કરનારા બ્રિટિશ સરકારના 'મૉનૉપોલી કમિશન' સમક્ષ એણે આપેલી જુબાનીમાં જણાવેલું કે "ધ ટાઈમ્સ'ને ટકાવી રાખવા જરૂર પડ્યે પોતાની તમામ અસ્કયામત તેની સાથે જોડી દેવા પોતે તૈયાર છે! અહોરાત્ર તે એ જગપ્રસિદ્ધ અને બ્રિટનના નાક સમા અખબારની પ્રગતિ પાછળ મંડ્યો રહ્યો અને ઈ. ૧૯૬૬માં ૨,૭૩,૦૦૦નો ફેલાવો ધરાવતા એ પત્રના ફેલાવાનો 'તલેસમાતી આંક' ઈ. ૧૯૬૮ના અંતે એણે સ્વમુખે જાહેર કર્યો—૫,૦૦,૦૦૦!

જગતભરના જુદાજુદા દેશોમાં મળીને ૧૮૩ દૈનિકો ને ૧૩૮ સામયિકો ઉપરાંત ૭ પુસ્તક-પ્રકાશન સંસ્થાઓ, ૧૯ મુદ્રણ કંપનીઓ, ૩ બ્લૉક બનાવતી કંપનીઓ, ૧૦ પ્રદર્શન કંપનીઓ, ૩ પ્રવાસ એજન્સીઓ, ૧૫ વીમા કંપનીઓ, ૧૧ હોટેલો, ૧૪ બોઈંગ વિમાનો, ૧૦ ટ્રકિંગ કંપનીઓ, ૭ રેડિયો અને ૧૬ ટેલિવિઝન કેન્દ્રોનું પોતાનું અજોડ સામ્રાજ્ય કશી કુટિલતા વિના કેવળ પ્રામાણિક પુરુષાર્થ દ્વારા ઊભું કરનાર રૉય ટૉમસને છેલ્લે છેલ્લે ઉત્તર સાગરમાં તેલના શારકામ પાછળ પણ મોટું રોકાણ કરેલું.

જીવનમાં છેલ્લે તેને બે જ આકાંક્ષાઓ રહેલી : એક તો 'ધ ટાઇમ્સ' દૈનિકને નફો કરતું જોવાની અને બ્રિટિશ તેલક્ષેત્રોમાંથી તેલનો પ્રવાહ વહેતો જોવાની. પણ તેને રીફ સુકામે ઈસ્ટરની રજાઓ ગાળતાં છાતીમાં પેસી ગએલી શરદીને લઈ એની એ આકાંક્ષાઓ ફળીભૂત થયા પહેલાં

જ ઈ. ૧૯૭૬ના ઑગસ્ટની ૫મીએ ૮૨ વર્ષની વયે લંડનની વેલિંગ્ટન ઑસ્પિટલમાં સંદેશ-જગતના આ બિતાજ બાદશાહની જીવનલીલા પર પડદો પડી ગયો.

વિશ્વવ્યાપી વ્યવસાય છતાં ટૉમસનનું જીવનકેન્દ્ર તો કૅનેડા જ રહેલું. દરેક નાતાલ અને ઉનાળાની રજાઓ તે કૅનેડામાં જ ગાળતો. તેની અંતિમ ક્રિયા અને તેનું દફન પણ તેણે અનેક વાર પ્રદર્શિત કરેલી ઇચ્છા મુજબ તેની પત્નીની કબર જોડે જ ટૉરૉન્ટો મુકામે કરવામાં આવ્યાં.

રૉય હર્બર્ટ ટૉમસન પોતે પત્રકાર નહોતો, પરંતુ પત્રકારત્વને એના જેવો સમર્થ પુરસ્કર્તા આજ પર્યંત નથી મળ્યો. સત્ય એને મન સર્વોપરિ હતું, અને પત્રકારત્વની સાચી તાકાત એમાં જ રહેલી છે. માત્ર વિકસિત દેશોમાં જ નહિ પરંતુ અર્ધવિકસિત અને અવિકસિત દેશોમાં પણ પોતાનું અખબારી સામ્રાજ્ય વિસ્તાર્યું હોવા છતાં પોતાનાં અખબારોને તેણે તે તે પ્રજાના સમાજકારણ કે રાજકારણમાં દરમિયાનગીરીનું સાધન નહોતાં બનાવ્યાં. પત્રની સંચાલન-નીતિની એના આ વક્તવ્ય કરતાં વધુ સારી વ્યાખ્યા ભાગ્યે જ હોઈ શકે:

'પત્રસંચાલન પાછળ પોતાની અંગત મહત્તા વધારવાનાં, રાજકીય સત્તાકાંક્ષા સંતોષવાનાં અને બીજાં ય અનેક કારણો રહેલાં હોય છે. પણ સંચાલન પાછળ આ બે મુદ્દા સતત લક્ષમાં રાખવા ઘટે: ૧) તમારાં પત્રો તે તે સમાજનાં ઉત્તમોત્તમ હિતો પાછળ પ્રયોજાવાં જોઇએ; ૨) હમેશાં સત્યનો જ આગ્રહ રાખો અને તમામ સમાચારો યથાતથ, કશા પક્ષપાત વિના રજૂ કરો.'

ભૂખરા વાળ અને ભૂરી આંખો સાથે ૫ ફૂટ ૧૦ ઇંચ ઊંચો રૉય મૃદુભાષી છતાં સ્પષ્ટવક્તા અને સાહસપ્રિય છતાં સહૃદય હતો. અસંખ્ય વ્યક્તિઓ સાથે હળવામળવા છતાં વસ્તુતઃ તે એકાંતપ્રિય હતો. એ એકાંતમાં નાનપણમાં હૉરેશિયો અલગરનાં પુસ્તકો વાંચતો, મોટપણમાં દૂરબીન જેવા જાડા કાચનાં એનાં ચશ્માંથી સાત ઇંચ દૂર રાખી તે સરવૈયાં વાંચ્યા કરતો. એ કોઈ અંકશાસ્ત્રી કરતાં પણ આંકડાઓમાં વધુ નિષ્ણાત હતો અને કાયદાશાસ્ત્રી કરતાં કાયદામાં. એના પુત્ર કેનેથને એક વાર શિખામણ આપતાં એણે કહેલું: 'કેન, એક દિવસ તારે જ આ વ્યવસાય ચલાવવાનું આવતાં તારે બીજું બધું જ જતું કરવું પડશે. તને જવું ન ગમે એવી પાર્ટીઓમાં તારે જવું પડશે, જેમને મળવા ન ઇચ્છતો હો એવા લોકોને તારે મળવું પડશે, અને માથે આવેલી ભારે જવાબદારીઓ સ્વસ્થ ચિત્તે વહેવી પડશે. તારે તારા ધંધાના ગુલામ થઇને રહેવું પડશે. હું તેમ જ રહ્યો છું—પણ મને તે ગમે છે. એનું વળતર મળી જ રહે છે, પછી ભલે ધંધાને તું દોડાવે તેના બદલે ધંધો તને દોડાવતો હોય.'

પોતાનાં પત્રોના સંપાદકોને ટૉમસને આપેલી સ્વતંત્રતા વિષે ઘણું કહેવાયું-લખાયું છે. જો કે એ સ્વતંત્રતા ઘણી વાર ખુદ એને મૂંઝવણમાં મૂકી દેતી. કૅમ્સ્લી જૂથનાં અખબારોના ખરીદી-સમયથી માંડી છેક સુધી તેના નજીક સંપર્કમાં રહેલા 'ધ ટાઇમ્સ'ના તંત્રીએ તેને 'કદાચ સૌથી વધુ સરળ અને પૂર્વગ્રહરહિત પ્રતિભા' તરીકે ઓળખાવ્યો. 'સ્કૉટ્સમૅન'ના એક કાળના તંત્રી એલેસ્ટેર ડનેટે ટૉમસનનાં આલેખેલાં સ્મરણોમાંનો એક પ્રસંગ આનો દ્યોતક છે. એક વાર પોતાની સહીથી લખેલા લેખમાં તેણે ટૉમસનનાં આર્થિક હિતોની ચર્ચા કરતાં લખેલું: 'મારે જે હોવાનું છે તે મારા સંચાલકને કદાચ નહિ ગમે', અને પછી તરત ઉમેરેલું: 'પણ સ્કૉટ્સમૅનના તંત્રી એ નથી, હું છું.' ટૉમસને આ ટકોર તદ્દન હળવા દિલે સ્વીકારી લીધેલી. એ જ ડનેટે ટૉમસનને 'નવા વિચારો ગ્રહણ કરવા માટે એક આદર્શ વ્યક્તિ' તરીકે ઓળખાવેલ છે.

બ્રિટનના નાક સમું 'ધ ટાઈમ્સ' એક કૅનૅડિયનના હાથમાં જાય તે સામે ઊકળી ઊઠેલા એક અંગ્રેજ ઉમરાવે તો એ પ્રસંગને ગ્રીક જહાજ સમ્રાટ ઍરિસ્ટૉટલ ઑનેસિસ દ્વારા બ્રિટિશ શાહી નૌકાદળની ખરીદી સાથે સરખાવ્યો હતો, પરંતુ સમયે સિદ્ધ કરી બતાવ્યું છે તેમ, પોતાનાં કરોડો લેખે નાણાં હોમી તેણે બ્રિટનનું નાક અણીશુદ્ધ અને ઊંચું રાખ્યું છે. એના પુત્ર કેનેથે પણ પિતાને પગલે ચાલી જાહેર કર્યું છે કે 'ટૉમસન કુટુંબનાં નાણાં કરતાં પણ 'ધ ટાઈમ્સ'ની સ્વતંત્રતા વધુ મોટી છે.'

પોતાના અખબારી સામ્રાજ્યના વિસ્તાર પાછળ પણ નવા સ્વતંત્ર થએલા દેશોને સહાયભૂત થવાના સ્વીકૃત કર્તવ્યની સભાનતા ટૉમસને કદી નહોતી ગુમાવી. મહાન સ્વપ્નદ્રષ્ટાઓ છતાં ભારે બોજાથી લદાએલા નવજાત રાષ્ટ્રોના નાયકોને એ એક જ પ્રશ્ન પૂછતો: 'તમારા ઇતિહાસના આ કટોકટીકાળે તમને સૌથી વધુ શાની અપેક્ષા છે?' જિંદગીમાં નાનાંમોટાં અનેક દાન એ કરતો ગયો છે, પણ એની ચિરસ્મરણીય સખાવત છે એણે ૫૦ લાખ પાઉન્ડનું ઊભું કરેલું 'ટૉમસન ફાઉન્ડેશન', જેનો ઉદ્દેશ છે-અવિકસિત અને અર્ધવિકસિત દેશોમાં શિક્ષણ તથા ટેકનિકલ અને વ્યાવસાયિક તાલીમ.

જેટલા અહંકાર રહિત એટલા જ સત્તાગ્રંથિથી મુક્ત ટૉમસનને અને દંભ કે આડંબરને સો ગાઉનું છેટું હતું. ખાણાના મેળાવડામાં એને પોતાનો સૂપ ચમચાને બદલે મોંએથી પીવાનું મન થતું તો બ્રિટનના વડા પ્રધાન કે કૅન્ટરબરીના વડા ધર્માધ્યક્ષની હાજરીમાં પણ તે સૂપની પ્લેટ સીધી મોંએ માંડી દેતો! ધૂમ્રપાન કે મદ્યપાનની એને આદત નહોતી, પરંતુ ડાયાબીટીસથી ગ્રસ્ત છતાં મીઠાઇનો એ ભારે રસિયો હતો. ફ્લીટ સ્ટ્રીટ (લંડનના અખબારી લત્તા)ના ઇતિહાસમાં બનતું આવ્યું છે તેમ તે પોતાના કર્મચારીઓ તરફથી 'ધ ચીફ' તરીકે કદી ખુશામતની અપેક્ષા ન રાખતો, ને પોતાની ભૂલ નાનામાં નાના કર્મચારી સમક્ષ કબૂલતાં પણ તે સંકોચ ન અનુભવતો.

જીવન દરમિયાન અનેક સંમાનો અને વિવિધ ઉપાધિઓ તેને મળતી રહેલી. તે એથી ખુશ પણ થતો. ન્યૂ ફાઉન્ડલૅન્ડની મેમોરિયલ યુનિવર્સિટીનો વાઈસ-ચૅન્સેલર તે બનેલો ત્યારે એ પદગ્રહણની સભામાં એણે કહેલું: 'કોઈ પણ યુનિવર્સિટીના વાઈસ-ચૅન્સેલરોમાં હું જ એક એવો છું જેણે ચૌદ વર્ષની વયે શાળા છોડી દીધી હોય અને આગળ કશું ભણ્યો જ ન હોય!'

અને છતાં જીવનમાં એણે મેળવેલી અનન્ય સાધારણ સફળતાનું રહસ્ય? એના પોતાના જ શબ્દમાં કહીએ તો 'એશ નહિ, આરામ નહિ, કેવળ કામ.'–'No leisure, No pleasure—Just work'..

**હરિઃ ૐ આશ્રમ તરફનું**
**અંક ૬૩૭–૬૩૮ માટેનું રૂ. ૫૦નું**
**જીવનચરિત્ર પારિતોષિક**
**'લૉર્ડ ટૉમસન'ના લેખક શ્રી અશોક હર્ષને મળે છે.**

# ચહેરા પાછળ

## ની એક અકલ્પિત ભાવનાની વાર્તા

લેખક : અશ્વિન દેસાઇ

બહાર સ્ટૂલ ઉપર કોઈ મૂછવાળો ભૈયો તમાકુ મસળતો હતો તેને મેં ધીમેથી પૂછ્યું : 'દામોદરદાસની કંપની આ જ કે?'

'હાં. કિસકા કામ હૈ?' ભૈયાએ હોઠ ઊંચો કરીને તમાકુની ગોટી મોઢામાં ગોઠવી.

મેં ખસ્સામાંથી ચિઠ્ઠી કાઢીને બતાવી: 'શેઠકો ચિઠ્ઠી દેનેકા હૈ.' ભૈયાએ ઈશારાથી અંદરની કૅબિન બતાવી.

હું શેઠની કૅબિનમાં જઈને ચિઠ્ઠી લઈને ઊભો રહ્યો. શેઠે ચિઠ્ઠી હાથમાંથી લઈને વાંચી અને પૂછ્યું : 'અનુભવ છે?'

'ના જી,' મેં કહ્યું : 'હજી હમણાં જ બી. કૉમ. પાસ થયો છું.'

'ઠીક છે.' શેઠે ચિઠ્ઠી ઉપર કંઈક લખીને મને પાછી આપી : 'બહાર હેડ-ક્લાર્કને જઈને આપો.'

અને હું બહાર નીકળ્યો. કૅબિનની બહાર એક ટાઇપિસ્ટ છોકરી ટાઈપ કરી રહી હતી તેને ધીમેથી પૂછ્યું : 'હેડ-ક્લાર્ક કૌન હૈ?'

છોકરીએ ધીમેથી કહ્યું : 'વહ, જો ખાના ખા રહે હૈ ન! ક્યા કામ હૈ?'

'યહ ચિઠ્ઠી...' મેં ચિઠ્ઠી બતાવી.

'અભી મત જાઈએ! વો ખાના ખા રહે હૈં! ગુસ્સે હો જાએંગે! બહુત તેઝ હૈ! થોડી દેર બૈઠિએ! ખાના ખતમ હો જાને કે બાદ જબ વહ અપના કામ ચાલુ કરે તભી હી ઉનસે મિલના, વરના...'

'ઠીક હૈ...' હું સમજી ગયો : 'મૈં બૈઠતા હું.' અને હું ટોપીવાળા કાકા જેઓ હેડ-ક્લાર્ક હતા તેમની સામેના ખાલી બાંકડા ઉપર બેઠો.

કાકા શાંતિથી જમતા જમતા કંઈક વિચારતા હતા. લગભગ વીસેક મિનિટ પછી એઓ જમી રહ્યા. ડબ્બા બરાબર ગોઠવી, બંધ કરીને અંદરના કોઈ રૂમમાં ગયા. થોડી વારે બહાર આવ્યા, ખુરશી ઉપર બેઠા અને મારી તરફ નજર કરી : 'શું કામ છે?'

હું સફાળો ઊઠ્યો અને ખિસ્સામાંથી ચિઠ્ઠી કાઢી ઝડપથી એમના ટેબલ પાસે ગયો : 'આ...' મેં ચિઠ્ઠી એમના હાથમાં મૂકી દીધી, પણ વધારે કંઈ બોલી ન શક્યો.

'"આ" એટલે શું?' પૂછીને એમણે ચિઠ્ઠી મારા હાથમાંથી લઈ લીધી અને વાંચવા માંડ્યા. પૂરેપૂરી વાંચી લઈને મારા તરફ જોયું : 'હં, તો નોકરી માટે આવ્યા છો. ચિઠ્ઠી લઈને. અરજી સાથે લાવ્યા છો?'

હું ખસિયાણો પડી ગયો. ધીમેથી કહ્યું : 'અરજી તો...

'પેલા શેઠને જ કહેવું હતું ને કે અરજી પણ તમે જ લખી આપો! એટલે તમારે એટલી યે તસ્દી ન લેવી પડત!' કાકા ખૂબ ગરમ થઈને બોલ્યા : 'ઊભા શું રહ્યા છો? જાઓ અરજી લઈને આવજો.' કાકાએ ને મને તો પરસેવો પરસેવો છૂટી ગયો.

હું નિરાશ થઈને એમના ટેબલ પાસેથી પાછો વળ્યો. અને તરત જ એમણે એમના ટેબલ ઉપર પડેલ ઘંટડી જોર જોરથી વગાડી. હું ચમક્યો. મેં પાછળ જોયું, એઓ મારી તરફ જ જોતા હતા: 'અહીં આવો!'

હું વધારે ડરનો માર્યો ધીમે ધીમે એમના ટેબલ પાસે ગયો.

'બેસો!' એમણે એમની સામેની ખુરશી ઉપર બેસવા કહ્યું. હું સંકોચ સાથે બેઠો. હૃદય ધડકારા મારતું હતું.

'તમારા પગે શું થયું છે?' એમણે સીધો જ પ્રશ્ન કર્યો.

'પોલિયો થયો હતો, સાહેબ! ખૂબ નાનો હતો ત્યારે...'

'અરજી લખતાં આવડે છે?'

'હા જી. બી. કૉમ. થયો છું.' મેં કહ્યું. એમણે એક નજર મારા તરફ નાખી, કંઈક બોલવા જતા હતા તે એકાએક અટકી ગયા. ખાનામાંથી એક કોરો કાગળ કાઢીને મારા હાથમાં આપ્યો : 'લો, લખો! સર્ટિફિકેટ્સ લાવ્યા છો?'

'કાલે લઈ આવીશ, સાહેબ!' મેં ડરતાં ડરતાં કહ્યું.

'તો પછી આજે આવવાની જરૂર શી હતી?' એઓ ફરીથી ગુસ્સે થયા. હું કંઈ ન બોલ્યો. શું કરવું તે સમજ નહોતી પડતી હું બેસી જ રહ્યો.

'બેસી શું રહ્યા છો? લખો! અરજી તો લખો!' કહી એમણે ઘંટડી વગાડી અને એક પિયૂન આવ્યો : 'એક ગ્લાસ પાણી લઈ આવો.'

'કંઈ જરૂર નથી, સાહેબ!' મેં સહેજ વિવેક કર્યો.

'તમારા પગે તકલીફ છે, એટલે! નહિતર બધાંએ પાણી કૂલર પાસે જઈને પોતે પીવાનું હોય છે. અહીં પિયૂન કોઈને પાણી આપતો નથી.' કાકાએ સાફ શબ્દોમાં કહ્યું.

'હું પણ જાતે પી લઈશ, સાહેબ! આમ તો ચાલી શકું છું!' મેં કહ્યું.

'ઠીક છે, કાલથી જાતે પી લેજો. આજે પી લો.' અને મેં એમના ટેબલ ઉપરથી ગ્લાસ ઉઠાવીને પાણી પીધું. પછી અરજી લખીને એમને આપી. એમણે વાંચીને મને પાછી આપી : 'આમાં ગ્રામરની કેટલી ભૂલો છે તે જોઈ જાઓ, જોઉં!' મેં અરજી ફરીથી વાંચી અને ધીમેથી કહ્યું : 'સાહેબ, ઘેરથી બરાબર સુધારીને નવી લખી લાવું તો ચાલશે?'

'ઠીક છે. જાઓ. કાલે સવારે સાડા દસે આવી જજો.' અને કાકાએ પોતાનું કામ કરવા માટે હાથમાં લીધું.'

હું ઊઠ્યો. ધીમેથી ઑફિસના બારણા પાસે ગયો, અને આકસ્મિક જ સહેજ પાછળ જોયું. કાકા મને જતો જોઈ રહ્યા હતા. કદાચ મારી ખોડની દયા એમને આવી હોય એવું મને લાગ્યું.

બીજે દિવસે સવારે સવા દસે હું આવ્યો ત્યારે કાકા એકલા ઑફિસમાં બેઠા બેઠા પોતાના ટેબલ ઉપર કામ કરી રહ્યા હતા. હું એમની સામેના બાંકડા ઉપર બેઠો. થોડી વારે એમની નજર મારી ઉપર પડી : 'આવી ગયા છો? આમ આવો, જોઉં!' અને હું તરત જ ઊઠીને એમની સામે જઈને ઊભો રહ્યો. એમણે ખૂબ જ પ્રેમથી કહ્યું : 'કંઈ વાંધો નહિ, બેસો! સામે બેસો!' અને હું બેઠો. 'ખિસ્સામાંથી અરજી કાઢીને આપી. એમણે લઈને ટેબલ ઉપર મૂકી. 'ચા પીઓ છો?' એમણે પૂછ્યું.

'હવે શું કામ, સાહેબ...'

'ઠીક છે. ચાલુ ઑફિસે તો હું પીતો નથી. આ તો થોડો ટાઈમ છે, તો આપણે બન્ને પીએ!' અને કાકાએ પટાવાળાને બોલાવી બે ચાનો ઑર્ડર આપ્યો; પછી ધીમેથી મને પૂછ્યું : 'તમારે ઘરે કોણ કોણ છે?'

'મારે ઘરે તો કોઈ નથી. કાકા-કાકીને ત્યાં રહું છું.' મેં કહ્યું.

'બી. કૉમ.માં કેટલા ટકા આવ્યા હતા?'

'છપ્પન ટકા.' મેં કહ્યું : 'ઍકાઉન્ટ્સમાં ધારેલા તેટલા ન આવ્યા.'

'કઈ કૉલેજમાં ભણ્યા છો!'

'પોદારમાં. એ જરા ઘરથી નજીક પડતી હતી.'

'તો, આજે હું તમને સેલ્સ-રજિસ્ટર આપું છું. તેમાંથી તમારે લેજરમાં એન્ટ્રી કરવાની છે. ન સમજાય ત્યાં પૂછજો. અક્ષર સારા કાઢજો.' અને એમણે મને ચોપડા આપ્યા અને એમની બાજુના જ એક ટેબલ ઉપર બેસીને મેં કામ ચાલુ કર્યું. ઑફિસમાં સ્મશાનવત્ શાંતિ હતી, કોઈના ગણગણાટનો યે અવાજ નહોતો આવતો.

મેં ઘણી ઍન્ટ્રી કરી નાખી. અને બપોરનો એક થયો એટલે એમણે કહ્યું : 'આપણે ત્યાં એકથી બે જમવાની રિસેસ છે. તમે ડબ્બો લાવ્યા છો?'

'ના. કાકી બહારગામ ગયાં છે. બે-ચાર દિવસ પછી લાવી શકીશ.'

## આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૭૩

### કુ-નખ

કેટલીક વ્યક્તિઓના નખ ફાટેલા કે ઢંગધડા વગરના હોય છે. સામાન્ય રીતે નખ સુંવાળા, ઊપસેલા, આછા ગુલાબી, ચમકતા અને સરખા હોવા જોઇએ. પણ આમ ન થતાં વિકૃત નખ હોય તો તેને કુ-નખ કહે છે. આયુર્વેદના મતે કુ-નખનું કારણ વાત-પ્રકોપ છે. આવા નખ સુધારવા નીચે આપેલા બે પ્રયોગો નિયમિત લાંબો સમય કરવાથી ફાયદો થાય છે.

નખ ઉપર તલનું તેલ કે દિવેલ દસથી પંદર મિનિટ સારી રીતે ઘસવું. બને તો દિવસમાં બે ત્રણ વાર નખ ઉપર આ માલિશ કરવાનું રાખવું.

બીજો પ્રયોગ છે ટંકણનો. ટંકણ એટલે ટંકણખાર-બૉરૅક્સ. ટંકણને તાવડીમાં મૂકી, ફુલાવીને પછી સારી પેઠે પીસીને શીશીમાં ભરી લેવો. આ ફુલાવેલા ટંકણને, નખ પર તેલમાલિશ કર્યા પછી એના પર ભભરાવીને ઉપર રૂ મૂકી પાટો બાંધી દેવો. આ બંને પ્રયોગ લાંબો સમય કરવાથી નવો નખ સારો ફૂટે છે અને કુ-નખ દૂર થાય છે.

**વૈદ્ય નવીનભાઇ ઓઝા**

'તો એટલા દિવસ શું કરશો ?' એમણે પ્રેમથી પૂછ્યું.

'બહાર જમી લઈશ. આટલામાં ક્યાંક સારી વેજીટેરિયન હૉટેલ હશેને ?' મેં પૂછવા ખાતર જ પૂછ્યું.

'હા, બહાર નીકળીને ડાબે હાથે બે-ત્રણ મિનિટ ચાલશો એટલે ગુજરાતી લૉજ આવશે. ત્યાં જ જમવાનું રાખજો. ઈકૉનૉમિકલ પણ છે.' એમણે કહ્યું. અને હું ઊઠ્યો, અને એમણે પણ ઊઠીને અંદરના રૂમમાં જવા માંડ્યું. ઑફિસનો સ્ટાફ પણ લંચ લેવા ચાલ્યો ગયો હતો.

થોડા દિવસમાં ઑફિસના બધા સ્ટાફમૅમ્બરો સાથે ઓળખાણ થઈ. બધા સારા હતા, પણ કાકાથી ડરતા હતા. એક જણાએ તો મારા કાનમાં પણ ફૂંક મારી: 'કાકાથી સાચવજો, હં ! માથાના ફરેલા માણસ છે ! ક્યારે છૂટા કરી દે, કંઈ કહેવાય નહિ ! ગફલતમાં ન રહેતા !' અને હું કાકા વિષે અવનવી વાતો ઑફિસના સ્ટાફ પાસેથી સાંભળતો જ રહેતો. કોઈ કાકા વિષે સારું બોલતું નહિ. પણ કોને ખબર કેમ, કાકા મારી સાથે ખૂબ માયાળુ વર્તન રાખતા. કદાચ સ્ટાફના માણસોને પણ આ જોઈને ખૂબ નવાઈ લાગતી હતી.

એક દિવસ શનિવાર હતો ને કાકાએ છૂટતી વખતે મને એમના ટેબલ પાસે બોલાવ્યો: 'કામ પતી ગયું?'

'હા જી, હવે ઘેર જાઉં છું.' મેં રજા માગતો હોઉં એમ કહ્યું.

'ઠીક છે. કાલનો શો પ્રોગ્રામ છે?' કાકાએ પૂછ્યું. મને થયું કે કદાચ કામ માટે બોલાવવાના હશે, એટલે મેં અચકાતાં અચકાતાં કહ્યું: 'સવારે તો કંઈ કામ નથી. સાંજે જરા એક દોસ્ત સાથે ફરવા જવા વિચાર છે.'

'સરસ. ચાલતા રહેવાથી ઘણો ફેર પડશે. કંઈ માલિશ-બાલિશ કરો છો કે નહિ?' એમણે સહાનુભૂતિથી પૂછ્યું. 'હા. છે એક તેલ. પણ કંઈ ખાસ ફરક જણાતો નથી. આત્મસંતોષ ખાતર કરું છું.'

'બંધ ન કરશો. લાંબે ગાળે જરૂર ફાયદો થશે. હું તમને કાલનું એટલા માટે પૂછતો હતો, કે કાલે કંઈ કામ ન હોય, તો સવારે મારે ઘેર આવો!'

હું સહેજ અચંબામાં પડી ગયો. શું બોલવું તે સમજાયું નહિ એટલે એમણે જ ફરીથી કહ્યું: 'સંકોચ ન રાખશો. જરૂર આવજો. આપણે ભેગા જમીશું. જરા આનંદ આવશે. લ્યો આ મારું ઍડ્રેસ.' એમણે ખિસ્સામાંથી કાર્ડ કાઢીને મારા હાથમાં મૂક્યું.

મારે 'હા-ના' કરવાપણું રહ્યું નહિ. 'ભલે.' કહીને હું કાર્ડ લઇને ઑફિસની બહાર નીકળ્યો. ઑફિસના બે ચાર મિત્રો બહાર જ ઊભા હતા. કંઈક ચિંતામાં જણાતા હતા. હું બહાર નીકળ્યો કે તરત જ બધા મને ઘેરી વળ્યા: 'કેમ તને બહુ ઊભો રાખ્યો, યાર?'

'મને તો કાલે એમના ઘરે જમવાનું આમંત્રણ છે!' મેં હસીને કહ્યું અને એમના સરનામાનું કાર્ડ બધાને બતાવ્યું. બધા ઘડીભર મારી સામે તો ઘડીભર કાર્ડની સામે જોઈ રહ્યા. હું ગર્વભેર બધાની સાથે ચાલતો રહ્યો.

બીજે દિવસે સવારે હું દસેક વાગ્યે એમના ઘેર પહોંચ્યો ત્યારે એઓ આરામખુરશીમાં બેઠાબેઠા છાપું વાંચતા હતા. મને જોઇને એકદમ ઊભા થઈ ગયા. મને આવકાર્યો. હું બેઠો. અંદરથી લગભગ મારી જ ઉંમરની એક યુવતી હાથમાં પાણીનો ગ્લાસ લઇને ધીમેધીમે આગલા રૂમમાં આવી. હું જોઈ જ રહ્યો. એનો પગ પણ મારી માફક ખોડંગાતો હતો. શું કાકાની દીકરીને પણ પોલિયો થયો હશે? મને વિચાર આવ્યો.

મેં યુવતીના હાથમાંથી પાણી લઈ 'થૅંક્સ' કહ્યું. યુવતી મીઠું હસી. મેં પાણી પી લીધું. યુવતી ખાલી ગ્લાસ લઈને અંદર ચાલી ગઈ.

'તમારા કાકા શું કરે છે?' કાકાએ ધીમેથી મને પૂછ્યું.

'રીટાયર્ડ છે. પહેલાં સ્કૂલમાં નોકરી કરતા હતા.' મેં કહ્યું.

'કુમુદ, બહાર આવજે.' કાકાએ અંદરના રૂમ તરફ જોઈને બૂમ મારી અને મને ધીમેથી કહ્યું: 'અમારી કુમુદને પણ પોલિયો થયો હતો.' હું કંઈ બોલું એ પહેલાં તો કુમુદ ધીમે ધીમે બહાર આવી. કાકાએ એને સામેની ખુરશી ઉપર બેસવા ઈશારો કર્યો.

'તમારાં કાકીની ઉંમર કેટલી છે?' કાકાએ પૂછ્યું.

'કાકી પણ સાઠેકનાં તો છે, પણ તબિયત ઠીકઠીક ચાલે છે.'

'ઘરનું કામ બધું કાકી પોતે જ કરે છે?'

'હા. હું અને કાકા થોડી મદદ કરીએ એટલે કામ ગબડે છે. એમની આંખે પૂરેપૂરું દેખાતું નથી.'

'અમારે ત્યાં તો અમારી કુમુદ જ ઘરનું બધું કામ સંભાળે છે, કેમ કુમુદ?' કાકાએ કહ્યું અને કુમુદ શરમાઈને ઊભી થઈ ગઈ, અને અંદરના ઓરડામાં ચાલી ગઈ. એક ક્ષણ માટે મને મનમાં ઝબકારો થયો કે કદાચ કાકા એમની કુમુદનું મારી સાથે ગોઠવવા તો માગતા ન હોય? મેં ધીમેથી મારી શંકાનું સમાધાન કરવા માટે જ કાકાને પૂછ્યું: 'કુમુદબેન કેટલું ભણ્યાં છે?'

'આમ તો મૅટ્રિક થઈ છે, પણ કૉલેજમાં જતાં શરમાય છે. એને ખોડનું ભાન હવે ખૂબ જ શરમાવે છે. બાકી ભણવામાં ખૂબ જ હોશિયાર છે. હું એને ખૂબ ભણાવવા માગું છું, જેથી કોઈના ઓશિયાળા ન થવું પડે. તમને મારે ઘરે બોલાવવાનું મુખ્ય કારણ પણ એ જ છે, કે એને તમારો દાખલો મળે. અને એની શરમ કંઈક ભાંગે.' અને કાકા એકદમ ગળગળા થઈ ગયા. ધીમા અવાજે મારી નજીક સરકીને બોલ્યા: 'એને હજી તો ખબરપણ નથી કે હું એને અનાથાશ્રમમાંથી લઈઆવ્યો છું!'

અને કાકાના ચહેરા ઉપર એક વિજયનું સ્મિત રમી રહ્યું. હું એમના કપાળ ઉપર પડતી કરચલીઓને જોઈ જ રહ્યો. ❑

**મુકુન્દરાય પારાશર્ય** લિખિત એક 'વિશિષ્ટ વ્યક્તિચિત્ર'
**ગત સમયનો એક અદનો પણ દાનાદિલ આદમી**

# દાનો કોળી

**દાનો** એટલે ડાહ્યો, ઈમાનદાર, વિવેકી, ઉદાર. આવા કોઇ ગુણ પરખાયા પહેલાં જેનું નામ દાનો હતું અને પછી જેને વિષે 'નામ તેવા ગુણ', 'દાનો તો દાનો છે', એમ કહેવાતું અને હું જેને દાના ભાભા તરીકે ઓળખતો તે દાના કોળીની આ વાત છે.

કોટડા-સાંગાણી ગામને ફરતો ગઢ હતો. એ ગઢ બહાર પૂર્વ દિશામાં એના બાપ એક ઝૂંપડામાં રહેતા. ત્યાં ઈ. સ. ૧૮૭૦ની આસપાસ દાનાનો જન્મ. ત્યાં જ ઉછેર. ગઢમાં ગામ, ગામ બહાર વસતિ ન જેવી. આ દરવાજાની પૂર્વે નદીકાંઠે કબ્રસ્તાન, આગળ નિર્જનતા. દક્ષિણે નદીને સામે કાંઠે પંચનાથનું મંદિર, ત્યાં બાવાની મઢૂલી. સામે સમાધિની વાડી. દાનાનો ઉછેર આ નિર્જનતામાં થયો.

કબ્રસ્તાનથી જરા છેટે મારા પિતાનાં બે ખેતર હતાં. શિયાળાની એક સવારે મારા પિતા સાથે હું ખેતરે આવેલો. મારી દશેક વર્ષની વય હશે. ખેતરને ખૂણે ચણીબોરનાં જાળાંમાંથી બોર વીણી ખાતો'તો ત્યાં મારા પિતા સાથે દાનાભાભા આવ્યા. મને હજી એ યાદ છે. આધેડ વય, કાળો વાન, ચોરણી, કેડિયું, માથે પાઘડી, ને ખેસ પેઠે ખભે નાખેલી પછેડી. આ એનો વેશ. મને ખાસ તો એની ફરતી કરચલીઓ પડેલી ચળકતી હેતાળ આંખો યાદ આવે છે. મને એણે કહ્યું: 'કબ્રસ્તાનમાં બોર બહુ મીઠાં થાય છે. તેં ખાધાં છે?' હું જોઈ રહ્યો. કબ્રસ્તાનમાંથી બોર ખવાય એવી કલ્પના જ ન હતી, વળી ત્યાં જવાય જ નહિ એવી સમજ હતી. તેણે કહ્યું: 'નથી ખાધાં? હાલ ખવરાવું.' હું તો નવાઈથી થંભી રહ્યો. મારા પિતાએ કહ્યું: 'બાળપણમાં જે જોયું–ખાધું હોય તે મીઠું જ લાગે. ગમી જાય.' તેમણે કહ્યું: 'ખરી વાત છે વજુભાઈ, હું તો હવે ગોંડલ કામ કરું છું પણ મન આ સીમમાં દોડ્યું આવે છે.'

દાનાના બાપ મારા દાદા પાસે રહેતા, દવા ખાંડતા. અમારા કુટુંબમાં પ્રસંગેપ્રસંગે પોતાના બાળપણ વિષે દાનાએ આવું કહેલું કે ગઢ સામે નદીમાં માણસો નાતાં હોય, બાયું બેડાં ભરતી હોય, કપડાં ધોતી હોય, જોવું ગમે. તો ય હું તો ઉપરવાસ નદીકાંઠે હાલ્યો જાઉં. ન હોય માણસ, ન હોય ઢોર. નદી વેતી હોય. કાંઠે ક્યાંક પંખી હોય. હું તો વેનની વચાળે પાણા પર બેસી માછલિયું જોઉં. બપોર કેડે મારા બાપ ગોતવા નીકળે તો ત્યાંથી જડું. પાણીમાં ને કાંઠાનાં ઝાડપાનમાં જીવ રમ્યા કરે. ઝાડ મારાં ભેરુ. ગામમાં જાઉં, સૌને ઓળખું, પણ નદીનાં પાણી, ભેખડું ને ઝાડપાનને કાંક વધારે ઓળખું. ગોઠે એની હારે. છોડવાનાં નામ ને ગુણ કાનજીબાપાએ સમજાવ્યાં તે સમજ્યું, પણ ઘણું ભૂલી ગયો. એક વાર એવું થયું કે કાનજીબાપાએ બે દોથા ખડસલિયો વીણી લાવવા મને કહેલું. દી ઊગ્યે નદીકાંઠે ફરતો'તો. ખડસલિયા જોયા. વેલી સવારની ઝાકળ પડેલી. સામે લીલો પટ. પટમાં પાનેપાને ટીપાં. ટીપે ટીપે અજવાળાં ઝગે. જરા વા વાય, ખડ હલે ને ટીપાં વેરાય. હું છોડ ખેંચી ન શકું, વાંકો વળું ને હાથ પાછો ઠેલાય. વળી થાય કે બાપાએ મંગાવ્યા છે ને ગામમાં તાવનો કાળો કેર છે. માયા મેલીને એક દોથો ખેંચ્યા. બાપાએ પૂછ્યું: 'બેટા કેટલા લાવવા કીધું'તું?' મેં કીધું: 'બે દોથા. પણ બાપા, મારાથી એ ને ખેંચાય.' બાપા રાજી થયા. પછી મને કોઈ દિ ઈ કામ ચીંધ્યું નથી. જાતે જાતા.

**ઈ.** સ. ૧૮૭૯માં ઠાકોર તોગાજીનું અવસાન થયું. કુંવર મૂળવાજી સગીર હોવાથી રાજકોટ કોઠીએ વહીવટ સંભાળી કારભારી તરીકે જેમને મૂકેલા તે પીઢ વયના ને ઘણા વ્યવહારકુશળ હતા. સાથે નવા રુઆબના ને રૂઢિરિવાજ તરફ ખાસ્સો અણગમો દેખાડનારા હતા. રૂઢિચુસ્ત દેવીભક્ત રાજમાતા જામબાનો 'ભગતડી' નામથી ઉલ્લેખ ગમે તેને મોઢે કરતા. કાનજીભાઈ કેવળ રાજવૈદ્ય ન હતા, રાજકુટુંબ એમને ગુરુ તરીકે ગણતું. એ વૈદ્ય પ્રત્યે પણ કારભારીને અણગમો હતો. કારભારીની ઑફિસ દરબારગઢ પાસે હતી. એક વખત કોઈ માંદું હોવાથી તબિયત જોઈ આવી વૈદ્યે દવાનાં પડીકાં રાજમાતાને હાથોહાથ દેવા દાનાને મોકલ્યો. એ દઇને પાછો ફર્યો ત્યારે દરવાને તેને કારભારી સાહેબને મળવા ઉપર મોકલ્યો. પ્રશ્નોના જવાબમાં દાનાએ હતું તે કહ્યું ત્યારે કારભારીએ કહ્યું કે તારે દરબારગઢમાં આવવું જ નહિ. જો ફરી ભગતડીને કામે આવ્યો છો તો પરોણેથી બરડો ફાડી નાખીશ. 'ભગતડી કોણ?' દાનાથી પૂછી જવાયું. 'કોણ શું? જેને તું રાજમાતા કહે છે તે.' એવો જવાબ સાંભળી જેનો મૂછનો દોર હજી ફૂટતો હતો એ દાનો છંછેડાઈ ગયો, પણ ગમ ખાઇ બોલ્યો કે 'મારે ક્યાં કામ છે? વૈદ્યબાપાએ પડીકાં દેવા મોકલ્યો એટલે આવવું જ પડેને?'

એક વખત કારભારીનો થોડો સામાન રાજકોટથી આવવાનો હતો. રાજકોટ જેતલસર રેલવે તા. ૧૨-૪-૧૮૯૩થી શરૂ થઈ. સામાન ગાડામાં ચડાવવા ઉતારવા માટે કોટડેથી ગાડાવાળા સાથે કોઇને મોકલવા માટે વિચારતાં કારભારીની નજર દાના પર પડી. દાનાને એ પલોટવા માગતા'તા. કારભારીએ દાનાને બોલાવી ગાડા સાથે જવા હુકમ કર્યો. દાનાએ ના કહી. તેને સમજાવવામાં આવ્યો, ને છેવટ ન માન્યો ત્યારે એને લાકડીઓ મારવા કારભારીએ પટાવાળાને હુકમ કર્યો. પટાવાળાએ લાકડી ધીમેથી મારી. એનો કંઈ અર્થ નહિ, એમ સમજનાર કારભારીએ પોલીસ ચોકીદાર અલીભાઈને હુકમ કર્યો અને હુકમ મુજબ, કારભારી ખુશ થાય તેવી તેણે બે વખત લાકડી દાનાના બરડામાં ફટકારી. દાનો તો માન્યો જ નહિ. આ વાત ગામમાં ફેલાઈ ગઈ. બધાને નવાઈ લાગી. ઘણાને દુઃખ થયું. પણ કારભારીને વિશ્વાસ હતો કે મારની અસર જતે દિવસે થશે જ. એમની આગાહી ખરી પડી. દાનો કારભારીનું ચીંધ્યું કામ કરવા લાગ્યો. વગર ચીંધ્યે ફળિયું વાળવા લાગ્યો. તેમ તેમ તેને વધુ કામ સોંપવામાં આવ્યું. ઘર વાળવું, ગાદલાં પાથરવાં, સવારે ઉપાડવાં, બધું જ કરવા લાગ્યો. નોકરીની આશા આપી કારભારી દાનાના ભલા માટે પલોટતા હતા. દાનો એમને ત્યાં ખાતોપીતો નહિ. વહીવટકુશળ માણસને ત્યાં ઘરેણું કે પૈસોપાઈ ગમે ત્યાં પડ્યાં હોય એવું ન જ બને. છતાં દાનાને ક્યારેક એ વાળવામાં આવતાં ને એ સોંપી દેતો. કારભારી કે'તા કે દાનો હાથનો ચોખ્ખો લાગે છે, પણ છે ગમાર.

આમ એકાદ બે વરસ ગયાં પછી દાનાએ કારભારીને પગે લાગી કહ્યું કે મારા બાપે મને પરણાવ્યો છે. હવે રાજી થઈ રજા દ્યો તો ગોંડલ જઈ મજૂરી કરી ખાઉં. બે રૂપિયાના માસિક પગારથી રાજમાં ફરાસ તરીકે નોકરીએ રહેવા કહ્યું ત્યારે બાપથી જુદા રહેવાની પોતાની ઈચ્છા જણાવી દાનાએ નોકરી લેવા ના કહી. કારભારીની રજા લઈ એ ગોંડલ ગયો. મહિને પંદર દા'ડે બાપા પાસે આવતો ત્યારે કારભારીને સલામ ભરી જતો.

આમ બેએક વર્ષ ગયાં પછી દશેરાની રાતે હેરત પમાડે તેવો બનાવ બન્યો. કારભારીને ડેલે પહેરો ભરતા પોલીસ ચોકીદાર અલીભાઇનો બુકાની બાંધેલ કોઈ માણસે લાકડીના એક ફટકે સાથળેથી પગ ભાંગી નાખ્યો. કારભારી જાગ્યા. ઘરમાં તપાસ કરી તો તિજોરી ખોલેલી હતી. રૂપિયાની એક કોથળી ન હતી. હુકમ થતાં જ ગામમાં પોલીસ ફરી વળી. ગઢના દરવાજા રાતે બંધ રહેતા. હરામખોર ગુનેગારને પકડ્યા વગર એક પણ ડેલો ન ખોલવા હુકમ થઈ ગયો. તપાસમાં કોઈ પકડાયું નહિ. પગી પગેરું પારખી શક્યો નહિ. સૂરજ ઊગ્યે દરેક દરવાજે પો-

લીસ ચોકી તળે બેરાંને પાણી ભરવા જવા દેવાની ને બીજાને જોઈ તપાસી જવા દેવાની છૂટ આપવામાં આવી. વાત ફેલાતી ગોંડલ પહોંચી. તે રાતે દાનો કારભારીને મોઢે આવી ગયો ને પછી અલીભાઈને મળી આવ્યો. દિવસો ગયા. કોઈ પકડાયું નહિ. તપાસ સિવાય, શક ઉપરથી કોઈની મારઝૂડ કરવામાં આવી નહિ. જેમ આવતો તેમ પંદર દિવસે, મહિને દાનો આવતો ત્યારે કારભારીને સલામ ભરી જતો.

એ કારભારી નિવૃત્ત થતાં કોઠી સરકારે તેના જ પુત્રને કારભારી તરીકે નીમ્યા. દીકરાએ બાપની રીતરસમ બરાબર જાળવી રાખેલી, વિકસાવેલી, એમ પણ કહેવાતું. થોડા વખતમાં મૂળવાજી ગાદીએ બેઠા ને સત્તા હાથમાં લીધી. એ કારભારી તરીકે ચાલુ રહ્યા અને પોતાના સ્વભાવ પ્રમાણે બીજાના દેખતાં ઠાકોરને સુધ્ધાં હુકમ આપતા હોય તે અદાથી વાત કરવાનું ચાલુ રાખ્યું.

એ અરસામાં દાનાના બાપ ગુજરી ગયા. મા પાસે રે'વા દાનો પાછો કોટડે આવ્યો. નિવૃત્ત કારભારીએ દાનાને રાજમાં રાખી લેવા ભલામણ કરી પણ 'એમાં બોણી નથી' એમ યુવાન કારભારીએ કહ્યું ને તેણે વૈદ્યરાજને ભલામણ કરી. ઝાડને ભાંડુ ગણનારો એ જ દાનો દવા ખાંડવા વૈદ્યને ત્યાં રહ્યો. એ કહેતો: 'અનુભવે હું યે રીઢો થઈ ગયો છું. ખેડુ નિંદામણ ને લણણી કરે, કસાઈ બકરાં કાપે એમ હું યે ઝાડપાન તોડું, અ-ચાલે ક્યારેક છાલ પણ લઉં, પણ મૂળમાંથી ન ખેંચુ.'

એકવાર અરજે આવેલ ગામલોકોના દેખતાં નારાજ થઈ કારભારીએ મૂળવાજીને પ્રજાજનો સાથે રાજા તરીકેના રુઆબથી વર્તવાની સલાહ આપી. બીજા પ્રસંગે રાજમાતા પાસે ફરી છૂટથી જવાઆવવા લાગેલા હવેલીવાળા વાઘજીભાઇને રૂબરૂ બોલાવી ઠપકો આપી કારભારીએ તેમ ફરી ન કરવા સલાહ આપી. એક સાંજે ગોશાળામાં જઇ ઠાકોરને પગે પડી દાનાએ પૂછ્યું: 'બાપુ, ગામધણી કોણ? આપ કે કારભારી?' આમ પૂછી પછી કારભારીની તોછડાઇ સહન ન કરવા વિનંતી કરી. ઠાકોરે કહ્યું: 'હું હજી બિનઅનુભવી છું. કેમ કામ લેવું તે વિચારું છું. બાકી કારભારી બાપદીકરાએ પંદર વરસ વહીવટ કરી મારા રાજને આવું બનાવ્યું છે. એમનું કહેવું રાજના ભલા માટે હોય.'

દાનાએ કહ્યું: 'એવી મોટી વાત હું ન સમજું. લોકવરણ કેવાઉં. સીધું સમજું. નાનામોટાની રીત તો હોવી જોઈએને?'

'એ તો ભાઈ, મારે, તારે, બધાએ સમજવાનું છે ને?' એવા ઠાકોરના સામા સવાલથી સમાધાન લીધા વગર દાનો પાછો ફર્યો.

ત્યાં તુરત ત્રીજો પ્રસંગ બન્યો. મકરસંક્રાંતિને દિવસે રાજમાતાએ બ્રાહ્મણોને ધોતિયાં દેવા માટે સ્થાનિક જે વેપારીને ધોતિયાંની એક ગાંસડી મોકલવા કહેલું તેણે સંક્રાંતિને દિવસે સવારમાં પહોંચતાં કરીશ, એવી મહેતલ આપી હોવા છતાં બપોર થવા આવ્યા ત્યાં સુધી માલ ન મોકલ્યો ને છેવટ 'મારો માલ રાજકોટથી ન આવ્યો એટલે લાચાર છું' એવો બચાવ કર્યો. ઠાકોરે મારતે ઘોડે ગોંડલથી ધોતિયાં મગાવી લીધાં, પણ એમને એવી બાતમી મળી કે ધોતિયાં ન આવવા પાછળ કારભારીની વેપારીને એ જાતની સૂચના હતી.

એ પછી બેચાર દિવસમાં જ અઘટિત બનાવ બન્યો. વેપારીની દુકાનનું છાપરું તોડી, દુકાનમાંથી બીજું કાંઈ નહિ, ફક્ત ધોતિયાંની એક ગાંસડી કોઈ ચોરી ગએલું, ને ઘણા બ્રાહ્મણોના ફળીમાં એક એક ધોતીજોટો કોઈ ફેંકી ગએલું! એ સાથે જ કારભારીના ઘરમાંથી રૂપાના વાસણની ચોરી થઈ. ડેલે ચોકીદાર હતો, ઘરનું છાપરું કે પછીત કંઈ તોડેલું ન હતું છતાં એ કેમ બન્યું તેનું આશ્ચર્ય ફેલાયું. અગાઉના જેવી કાર્યવાહી થઈ. ચોર હાથ ન જ લાગ્યો. પોતપોતાના ઘેરથી બ્રાહ્મણો ધોતીજોટા દરબારમાં સોંપી આવ્યા, વેપારીએ મેળવી લીધા. તેમાંથી કંઈ ન ગયું, ફક્ત કારભારીનાં ઠામ હાથ ન આવ્યાં.

થોડા દિવસો પછી ઠાકોર સાહેબ કારભારી તથા પ્રતિષ્ઠિત ગામલોક સાથે બેઠા હતા ત્યાં જઈ સલામ ભરી દાનાએ કહ્યું: 'બાપુ, કારભારી સાહેબને ત્યાં ને વેપારીને ત્યાં ખાતર પડ્યું તેમાં આપનો હાથ હોય તો હોય, એવું ગામમાં બોલાય છે.'

'કોઈ એમ બોલતું નથી.' કડકાઈથી કારભારીએ કહ્યું.

'આપ મોટા માણસને મોઢે કોઈ એમ નો કે, પણ હું જાણું છું. કો તો એવાને લાવી મોઢે કરાવું. પણ હું તો ઈ કેવા આવ્યો'તો કે આમાં બાપુનો હાથ નથી, ઊલટાના ઈ કોચવાય છે. કચેરીમાં કોં છું કે બાપુ ઠેં જાણતા નથી. એમના પર આળ આવે છે ઈ હુંથી નથી ખમાતું.' દાનાએ કહ્યું.

ઠાકોરે કહ્યું: 'ભાઈ! હું રાજા હોઉં ને મારા જ ગામમાં ચોરી થાય, થાતાં થાય, પણ જો એ પડકાય નહિ તો શંકા થાય.'

'તો હું તે કે'વા આવ્યો છું કે ખાતર મેં પાડયું જે.' દાનાએ કહ્યું.

'તું શાને ચોરી કર?' કારભારીએ કહ્યું: 'તું જુઠો છો. તને ઓળખું છું.'

'જુઠો? ખોટો?' દાનાએ કહ્યુ: 'ખોટું શીદ કોં! હું કોળી છું. ખાતર પાડું, લૂંટી લઉં, મારું; પણ હું કોળીનો બેટો. હું ખોટું નો બોલું. બાપુ, ખાતર મેં પાડયું છે.' 'તો માલ હાજર કર.' ઠાકોરે કહ્યું.

'એમ નો કરું, બાપુ! આપ હારે હાલો. કારભારી સાહેબ પણ પધારે. બરોબર ગણી જુવો.' કહી દાનો આગળ થયો. ઠાકોર સહુને સાથે લઇને ગયા. દાનાએ કારભારીના ઘરની પછીતે ઉકરડો ઉખેળી, નીચેથી થોડુંક ખોદી ઠામ કાઢી આપ્યાં. એકે ઠામ ઓછું ન હતું. પછી નદીને સામે કાંઠે સમાધિની વાડીએ ખાડો ખોદી, છીપર ખેસવી કોથળી કાઢી આપી. કપડું ખવાઈ ગયું'તું. રૂપિયા ગણતાં તે પૂરેપૂરા હતા.

આશ્ચર્યથી કારભારીએ પૂછ્યું: 'આ રકમમાંથી તેં કાંઈ ન લીધું?'

દાનાએ કહ્યું: 'બાપ, રાજનો પૈસો ઈ પાપનો પૈસો. આપ જેવાને સદે, અમ જેવાને નૈં. એમાં ય આ તો તમે રળેલો પૈસો. અડવાથી પાપ લાગે. આ કોથળીને અડચો પછી થોડા દીમાં મારો બાપ મરી ગયો. એમાંથી વાપરું તો કયે ભવે છૂટું? તો ય અડચો. જેનો લૂણ રોટલો ખાઈએ તેની હારે ને એના ઘરના સૌ હારે જેમ રે'વું જોઈએ તેમ કારભારી સાહેબ નો રેતા. બાપુ તો કાંઈ નો બોલે પણ હુંથી રેવાણું નૈં.' હવે જે સજા કરવી હોય તે કરો. મારો. જેલમાં નાખો. કરવું હોય તે કરો.

એણે કઈ રીતે ચોરી કરી તે ઠાકોરે, કારભારીએ, ઘણાએ પૂછ્યું. દાનાનો જવાબ એક જ હતો: 'ઈ જાણીને શું કરવું છે? શીખવું છે? ઈ તો મને મારો તો ય નૈં કોં.' ને તેણે ન જ કહ્યું.

ઠાકોરે દાનાને છ માસની કેદની સજા કરી. કારભારી છૂટા થઈ રાજકોટ ગયા. દાનો છૂટો થયો ત્યારે ચોકીદારની જગ્યા દેવા કહ્યું. દાનાએ કહ્યું: 'બાપુ મને રાખવો હોય તો ગોમાતાની સેવામાં તમારી હારે રાખો; કાં મુસાફરી બંગલે ઝાડપાન વાવવા રાખો.' ઠાકોરે તેને માળી તરીકે રાખ્યો. મુસાફરી બંગલો, ફૂલવાડી તથા સમાધિની વાડી, ગોંડલની ને રીબડાની સડકો, ત્યાં એણે ઘણાં ઝાડ વાવ્યાં, ઉછેર્યાં. ખાતર વેરે, ક્યારા ગોડે, પાણી ખેંચી પાય. દી આખો કામ ખેંચે, પગ વાળી ન બેસે. સાંજે મૂળવાજી ઠાકોર સાથે ગોશાળામાં નીરણપૂળો વગેરે કામ કરે. મૂળવાજી ઈ. સ. ૧૯૧૩માં દેવ થયા ને દાનાએ નોકરી છોડી. ઠાકોરની નોકરી દરમ્યાન એ 'દાનો'માંથી દાનાભાઈ કહેવાયા. પછી એ ગોંડલ મજૂરી કરવા દશેક વર્ષ રહ્યા. છેલ્લાં વરસો અરડોઇના નૃસિંહ મંદિરની સેવામાં કાઢ્યાં. એ જગ્યામાં ઈ.સ. ૧૯૩૩માં હું તેમને છેલ્લે મળ્યો ત્યારે તેનો એકનો એક દીકરો ચોરીના આરોપસર ગોંડલની કેદમાં હતો. એણે કહેલું: 'મારા બાપે અને મેં કાનજીબાપાને વચન આપેલું કે ચોરી નૈં કરીએ. મારા બાપે નો કરી. મેં વચન ઉથાપ્યું. ત્રણ વાર ચોરી કરી: બે વાર કારભારીને ત્યાં અને એક વાર

કાપડના વેપારીને ત્યાં. મારો વા છોકરામાં આવ્યો. ને હવે તો સારા-સારા માણસોનો ય જીવ એમાં જાય છે. હરામનું લેવું ને હરામનું ખાવું એવો કાળ આવી લાગ્યો છે. હું નકામું કોઈનું વાંકું બોલું છું. હું પોતે જ આ જગ્યાનું ખાઈને જીવું છું ને!'

જગાનું એ ખાતા એ વાત ખરી પણ ત્યાં કાળી મજૂરી કરતા. માંદાસાજા હોય તો ય એની સેવામાં ફરક ન પડતો. એમને એ સદી ગએલી. જગાનું ખાવાનું એને દુ:ખ હતું એ જાણનાર પ્રેમદાસજી બાવા એને એવું સમજાવીને પરાણે ખવડાવતા કે આ જગાનું ને આ બહારનું, આ મારું, આ તારું, આ કોકનું, એવા ભેદ સંસારીએ કર્યા છે અને એ ભેદબુદ્ધિને અંગે જગામાં પણ સંસાર ઘુસાડે છે. વિચાર કરો કે જગામાં આવે છે એ, તમારે કે કોઈને ત્યાં હોય છે તે કે દુનિયામાં જ્યાં જ્યાં જે કંઈ પાકે છે એ કેમ પાકે છે, કોણ પકાવે છે ને કોની માલિકીનું છે. વિચાર કરશો તો સમજાશે કે બધું સમજીને પેદા કર્યું છે. આપણને પણ એણે પેદા કર્યા છે ને એ જ ખાવા પીવા દે છે, જીવાડે છે. આ જગાનું ને આ મારું એ ભેદ શું? કોઈનું કાંઈ નથી. બધું જગાનું જ છે, બધું રામજીનું છે. એનું ખાઈને એનું કામ કરી છૂટવું એ જીવનો ધર્મ છે.

પોતાના જીવનના સાર રૂપે એ કહેતા હોય એવું દાનાભાભા બોલેલા કે કાનજી દાદા પાસે બહુ બહુ ગમે. મજૂરી કરવી ફાવે પણ ઝાડપાન તોડવાં ને ઓસડ ખાંડવાં નો ગમે, જીવ બળે. ઢાંઢાનો જોતરું, નો હાંકું. લણણી નો કરું. મૂળવાજી બાપુએ રાખ્યો ઈ મીઠામાં મીઠો કાળ, ગાયુંની સેવા થૈ ને ઓસડ ખાંડ્યાંનું પાપ ઝાડપાન કછેરીને થોડુંક ધોયું. એ ભોળાનાથની દયા. હવે તો પ્રેમદાસજી બાપુએ કીધું છે કે મેં જગામાં જ દેહ છોડવો એટલે મેં છું.

અને એ ત્યાં જ રહ્યા. કેટલું રહ્યા, કેમ ગયા એની વિગત મને મળી નથી. એટલી ખબર છે કે એની નનામી ઉપાડવામાં પહેલા પ્રેમદાસજી બાવા હતા, એટલો એમનો પ્રેમ દાનાભાભાએ મેળવી લીધો હતો.

---

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૬૦થી
મૅડુરોડૅમ* લઈ ગયા. ત્યાં શ્રીમાન ચુંગેરીઅસ અને એમનાં પત્નીને મળ્યાં. અમે એમને મારું એક ચિત્ર તથા સૌરાષ્ટ્રના લોકભરતવાળા ચાકળાની ભેટ આપી. તેઓ બંને જણને એથી ઘણો આનંદ થયો. સામાન્ય શિષ્ટાચાર પતાવી અમે તુરત પ્રદર્શન અંગેની વાતચીત આદરી. બે દિવસ પછી ત્યાંના આપણા એલચી શ્રી કે. એસ. બાજપાઈના હસ્તે મારા ચિત્રપ્રદર્શનનું ઉદ્ઘાટન હોઈ ચુંગેરીઅસે તાત્કાલિક ચિત્રોની ફ્રેઈમ વગેરે માટે સૂચનો આપી દીધાં.

તા. ૮-૭-'૭૬ના રોજ જુદા જુદા દેશના એલચીઓ, સ્થાનિક કલાચાહકો અને અન્ય મહાનુભાવોની હાજરીમાં બાજપાઈજીએ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે અહીંની એક નવી વિશિષ્ટતા જોવા મળી. ઈ. સ. ૧૯૫૨માં હૉલૅન્ડનાં રાજકુમારી બીએટ્રિક્સે આ લઘુનગરી મૅડુરોડૅમનું ઉદ્ઘાટન કર્યું ત્યારથી તેઓ એનાં મેયર છે. પણ આ મૅડુરોડૅમની બાળ-મ્યુનિસિપલ કાઉન્સિલ માટે દર વર્ષે હેગની શાળાઓમાંથી ત્રીસ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ચૂંટવામાં આવે છે. આ બાળ-કાઉન્સિલરો પોતાનામાંથી એક ડેપ્યુટી મેયર અને એક ઑલ્ડરમૅન નિયુક્ત કરે છે. મૅડુરોડૅમમાં યોજાતા આવા દરેક ખાસ પ્રસંગે આ ડે. મેયર મુખ્ય મહેમાનને સત્કારે છે અને એની સાથે બધે ફરે છે. એના આ માનવંતા પદના પ્રતીક રૂપે એ હોલૅન્ડની નવ વિદ્યાપીઠોની સંજ્ઞાઓ સાથે ચાંદ-તારાના શોભનવાળી એક ખાસ રૌપ્યમાળા ધારણ કરે છે. એમની આ બાળ-મ્યુનિસિપાલિટી ડચ મ્યુનિસિપાલિટીઓના સંઘનું સભ્યપદ પણ ધરાવે છે.

એ દિવસે સાંજે બાજપાઈજીને ત્યાં ચાપાણી હતાં. ત્યાં પણ કેટલાક નવા પરિચયો થયા.

પ્રદર્શન ત્રણ સપ્તાહ સુધી રહેવાનું હતું. આ સમયમાં યુરોપમાં ઘણાં સ્થળે લાંબી રજાઓ ચાલતી હોય છે એટલે સ્થાનિક લોકો ઉપરાંત પરદેશી સહેલાણીઓ પણ મૅડુરોડૅમમાં ઊમટી પડે છે. રોજના એ હજારો લોકોના ધસારાને પહોંચી વળવા અહીંના આયોજકોએ ઘણી સુંદર વ્યવસ્થા કરેલી. ભીડને કારણે પ્રદર્શનખંડમાં પ્રવેશવું ન ફાવે તેમને માટે તેઓએ ટેલિવિઝન વડે બહાર રહીને પણ બધાં ચિત્રો જોઈ શકાય એવી સગવડ રાખેલી. સાથે સાથે ભારતીય સંગીત પણ વાગતું હોઈ વાતાવરણ વધુ આહ્લાદક લાગતું હતું. વળી, આ પ્રદર્શનના આયોજક ચુંગેરીઅસ તથા 'એર ઇંડિયા–ઍમ્સ્ટર્ડૅમ'ના મૅનેજર સૂર્ય પટેલે એક બીજી પણ મજેદાર વ્યવસ્થા કરેલી. દિલ્હીથી એમણે રામકૃષ્ણ સારથિ નામના એક હસ્તરેખાશાસ્ત્રીને પણ અહીં બોલાવેલા. એક ખાસ ખંડમાં એમની બેઠક રાખેલી. ત્યાં એમને હાથ બતાવીને પોતાનું ભવિષ્ય જાણવા પણ લોકોની સારી ભીડ જામતી હતી. બીજા એક ખંડમાં એરઇંડિયા તરફથી ભારતનો વિશેષ પરિચય આપતી રંગીન સ્લાઈડ્ઝ પણ બતાવાતી હતી જેમાં લોકો સારો રસ દાખવતા. એક ઝટપટ–ફોટોગ્રાફર વળી ઇચ્છુક લોકોના ફોટો પાડી આપતો હતો અને બધું જોઇને ગ્રાહક પાછા ફરે ત્યાં તો એના હાથમાં એમનો તૈયાર ફોટો પકડાવી દેતો હતો!

નિજી પ્રદર્શન માટે અણધાર્યા જ મળેલા હોલૅન્ડના આમંત્રણ અને રૂપકડી નગરી મૅડુરોડૅમનાં આ સંસ્મરણોની મધુરતા આજે યે સ્મૃતિપટ પર એટલી જ તાજી રહી છે.


---

*__મૅડુરોડૅમ__ ડચ ભાષામાં ડૅમ એટલે ગામ કે શહેર. મૅડુરો નદીના મુખ પર વસેલું એ પરથી એનું નામ પડ્યું મૅડુરોડૅમ. હોલૅન્ડના એ અસલ શહેરનો ઇતિહાસ તો છેક ઈ. ૧૧૦૦થી આરંભાય છે. અહીં જેની વાત છે એ તો મિનિયેચર મૅડુરોડૅમની છે. ઈ. સ. ૧૯૫૨માં એની સ્થાપના થઈ હતી. બીજા વિશ્વયુદ્ધમાં ઈ. ૧૯૪૦ના મે માસમાં નાઝીઓએ હોલૅન્ડ પર આક્રમણ કર્યું ત્યારે એમની સામેના યુદ્ધમાં જ્યૉર્જ મૅડુરો નામના એક યુવાન સૈનિકે એમાં બહાદુરી બતાવેલી. એ બદલ એને એના દેશનું 'વિલેમસૉર્ડ'નું માન મળેલું. પણ આ માનનો એ જાતે સ્વીકાર કરી ન શક્યો. એ સમયે એ જર્મન કેદ-છાવણીમાં હતો અને એમાં જ ઈ. ૧૯૪૫માં એ મૃત્યુ પામ્યો. પોતાના આ એકના એક પુત્રની યાદમાં એનાં માતાપિતા જે. એમ. એલ. મૅડુરોએ કંઈક કાયમી સ્મારક રચવા વિચાર્યું. ડચ વિદ્યાર્થીઓના સૅનિટેરિયમના એક વહીવટી સલાહકાર મિસિસ બી. બૂન-ફાન ડેર સ્ટાપે એમના પ્રસ્તાવને વધાવી લઈને મૅડુરોડૅમ નામની આ લઘુનગરી રચવાનો વિચાર આપ્યો. દેશની બીજી અનેક સંસ્થાઓએ પણ જ્યૉર્જ મૅડુરો અને એના જેવા પોતાના દેશના અન્ય શહીદ સૈનિકોની યાદમાં રચાતા આ સ્મારક માટે ઉદાર હાથે સહાય કરી. હેગની નગરપાલિકાએ એ માટે ૧૮૦૦ ચો. મીટર જમીન આપી.

હોલૅન્ડ ભરનાં ઐતિહાસિક અને અદ્યતન સ્થાપત્યનાં પ્રતિનિધિરૂપ મકાનોથી આ નગરી વસાવાઈ છે. દેવળો અને આવાસો, રેલવે સ્ટેશન, વિમાનમથક ને બંદરગાહ, કારખાનાં ને જાહેર સ્થાનો, બાગબગીચા ને રમતગમતનું સ્ટેડિયમ, નદીનાળાં ને દરિયાકિનારો, આગબોટો ને હોડકાં, રેલગાડી ને મોટરો જ નહિ, જાહેરાતનાં પાટિયાં સુધ્ધાં એમની ઝીણામાં-ઝીણી વિગતોની અસલિયત સાથે જોવા મળે છે. અને એમાં હરતાફરતા લોકો પણ ખરા જ. પણ બધું જ મૂળ કરતાં ૧/૨૫ કદમાં. હોલૅન્ડની બધી જ લાક્ષણિકતાઓ અહીં એક સાથે રજૂ થઈ છે. રાતે એને અજવાળવા ૪૬૦૦૦ જેટલા ટચૂકડા દીવાબત્તી ને દીવાદાંડીના તેજલિસોટાને પણ ભુલાયો નથી. રોજ હજારો સહેલાણીઓ અહીં આવે છે. બાળકો માટે તો આ મૂર્ત થએલી સ્વપ્નનગરી જ છે. સહેલાણી માટે અહીં બધી જ સુવિધા છે. એમના દ્વારા તથા દેશમાંથી મળતા અવારનવારના દાનથી થતી મબલખ કમાણી ડચ વિદ્યાર્થીઓ માટે અનેકવિધ સહાયના રૂપમાં વપરાય છે. —સં.

# જગતી કે કર્ણપીઠ [ભારતીય મંદિર-સ્થાપત્યનાં વિવિધ અંગ-૬]

લેખક · હરિપ્રસાદ સોમપુરા





ભારતીય દેવમંદિરોની સ્થાપત્ય-રચનામાં મૂળ દેવપ્રાસાદની તળરચનાને અનુરૂપ એવો પ્લિંથ લેવલનો ઓટલો એટલે 'જગતી'. એને 'જાંગી', 'પીઠ' કે 'કર્ણપીઠ' પણ કહે છે. (જુઓ ઉપરની આકૃત્તિ) એની ચારે બાજુને વિધવિધ પ્રકારના રૂપથરથી અલંકૃત કરવામાં આવે છે. મૂળ પ્રાસાદના આકાર-છંદ પ્રમાણે જ જગતી કરવાનો શિલ્પશાસ્ત્રોમાં આદેશ છે. એની લંબાઈ-પહોળાઈ ને ઊંચાઈ વગેરેના માન-પ્રમાણની બારીકીમાં ન ઊતરતાં આપણે એટલું જાણી લઈએ કે મૂળ પ્રાસાદની પહોળાઈના પ્રમાણથી બમણી જગતી શ્રેષ્ઠ, ચાર ગણી મધ્યમ અને પાંચ ગણી કનિષ્ઠ ગણાય છે.

જગતી એ દેવપ્રાસાદનું આસન છે. પ્રાસાદના તલસ્વરૂપ પ્રમાણે જ એનું સ્વરૂપ યોજાય છે. એથી ભિન્ન છંદની જગતીનો શિલ્પશાસ્ત્રોએ નિષેધ કર્યો છે. જગતીના મુખ્ય પાંચ પ્રકારો છે: ૧ સમચોરસ તે 'વીરભદ્રા', ૨ લંબચોરસ તે 'સુ-પતાકા', ૩ ગોળ 'પૂર્ણભદ્રા', ૪ લંબગોળ તે 'ભદ્રિકા' અને ૫ અષ્ટકોણ 'જયા' અથવા 'સ્વસ્તિકા' ને 'વિજયા'. આ પાંચ સ્વરૂપો ઉપરાંત, સોળ કોણની જગતીને 'અજિતા' અને બત્રીસ કોણવાળી જગતીને 'અપરાજિતા' તરીકે ઓળખવામાં આવે છે. છેલ્લા ત્રણ પ્રકારની જગતી ૧૨મી સદીના હોયસળ યુગમાં બંધાએલા હળેબિડના કેશવ, હોયસલેશ્વર, કેદારેશ્વર આદિ મંદિરોમાં જોવા મળે છે. શિલ્પાલંકારોથી એ ખીચોખીચ છે. જૈન મંદિરોમાં દેવપ્રાસાદથી છથી સાત ગણી મોટી જગતી કરવામાં આવે છે. હિંદુ મંદિરોમાં—ખાસ કરીને પુરુષત્રય–બ્રહ્મા, વિષ્ણુ અને શિવ-મંદિરોમાં પણ આ પ્રમાણ જોવા મળે છે.


જગતીની ઊંચાઈના ૨૮ જેટલા વિભાગો થાય છે. તે આ પ્રમાણે છે: (૧) ૩ ભાગનો 'જાડંબો', (૨) ૨ ભાગની 'કર્ણિકા', (૩) ૩ ભાગની પદ્મપત્ર (કમલપત્ર) યુક્ત 'સરપટ્ટિકા' (છજ્જી અને ગ્રાસપટ્ટી), (૪) ૨ ભાગનો 'ખુરક' (ખરો), (૫) ૭ ભાગનો 'કુંભક' (કુંભો), (૬) ૩ ભાગનો 'કલશ' (કળશો), (૭) ૧ ભાગની 'અંતરપત્રિકા' (અંતરાલ અથવા અંધારી), (૮) ૩ ભાગની 'કપોતાલી' (કેવાલ) અને (૯) ૪ ભાગનો 'પુષ્પકંઠ' (હાશો). આમ ૨૮ ભાગ છે.

પણ આ ૨૮ વિભાગો ઉત્કીર્ણ કરવાને બદલે માત્ર 'જાડંબો' અને 'કર્ણિકા' (કણી) કરેલી તથા ઉપર સાદા ઓટલાવાળી સામાન્ય જગતી પણ નાનાં મંદિરોમાં જોવા મળે છે. એમાં 'ગ્રાસપટ્ટી', 'ખરો', 'કુંભો' વગેરે ન કરતાં સાદા ઓટલાને 'પુષ્પકંઠ' મેળવી દઈને ખર્ચમાં કરકસર કરેલી જોવા મળે છે.

'જાડંબો', 'કણી' અને 'છજ્જી' સહિતની ગ્રાસપટ્ટીને 'કામદ પીઠ' કહે છે. માત્ર 'જાડંબો'ને 'કણી' કરેલી હોય તો એને 'કર્ણપીઠ' કહે છે, જ્યારે 'મહાપીઠ'માં ૫૩ વિભાગો હોય છે. એમાં જાડંબો, અંતરપત્રિકા અને છજ્જિકા સાથેની ગ્રાસપટ્ટી સુધીના ૨૩ ભાગ પછી ૧૨ ભાગનો 'ગજથર', ૧૦ ભાગનો 'અશ્વથર' અને ૮ ભાગનો 'નરથર' કંડારાયો હોય છે. અશ્વથરના બદલે ઘણી વાર જેનો પ્રાસાદ હોય એ દેવના વાહનનો થર પણ જોવા મળે છે.




△ સામાન્ય જગતી





(આ અને પાછળના પૃષ્ઠ પરની આકૃતિઓ 'શિલ્પ-રત્નાકર'પરથી)


૨૮ ભાગવાળી જગતી △




માત્ર જાડંબો અને કર્ણિકાવાળી 'કર્ણપીઠ'



જાડંબો, કર્ણિકા, છજ્જિકા અને ગ્રાસપટ્ટીવાળી 'કર્ણપીઠ' ▷



તેરમી સદીના કોણાર્કના પ્રસિદ્ધ સૂર્યમંદિરની રથાકાર રચનામાં પણ જગતીના કેટલાક શાસ્ત્રોક્ત અંશો કંડારેલા છે. એમાં સૂર્યરથનું પૈડું જેની ઉપર આધારિત છે એ ગજથરની ઉપર ગ્રાસપટ્ટી કરીને કુંભો અને કળશો કંડારીને રૂપથર કરેલા છે. જગતીનાં આવાં મિશ્ર સ્વરૂપો ઓરિસ્સાનાં બીજાં કેટલાંક મંદિરોમાં પણ જોવા મળે છે. પરંતુ મધ્યપ્રદેશ, ગુજરાત કે રાજસ્થાનનાં મંદિરોમાં જે અચૂક જોવા મળે છે એવાં પ્રચલિત સ્વરૂપની જગતી આસામ કે બંગાળ તરફ જોવા મળતી નથી.

કર્ણાટકમાં સોમનાથપુરનાં ૧૨મી સદીનાં કેશવાદિ મંદિરોની મહાપીઠ શિલ્પાલંકારથી ખચિત જોવા મળે છે. એના રૂપથરોનું ઝીણવટભર્યું અલંકરણ ક્રિયા તેમજ ભાવમાં તરબોળ જણાય છે. વળી, પ્રચલિત રૂપથર ઉપરાંત એમાં વેલબુટ્ટાનો થર, હંસથર કે વિભિન્ન પ્રકારની માનવક્રિયાઓ પણ કંડારાએલી છે. શિલ્પની દૃષ્ટિએ એ સમૃદ્ધ લાગે છે એ ખરું, પણ અંગત રીતે મને એ થાગડથીગડવાળું જણાય છે.


સ્થાપત્યની દૃષ્ટિએ મધ્યપ્રદેશનાં મંદિરો તળથી કળશ સુધી સુરેખ ને પ્રમાણબદ્ધ લાગે છે. એના મંડોવરમાં શિલ્પોની ભરમાર જોવા મળે છે, છતાં એની કર્ણપીઠ, જગતી કે મહાપીઠ એટલી અલંકૃત નથી, જેટલી દક્ષિણના હળેબિડ-બેલૂરમાં છે. ખજુરાહોના પાર્શ્વનાથના પ્રસિદ્ધ મંદિરની જગતી માત્ર કુંભા-કળશાથી જ અલંકૃત છે, તો વિશ્વનાથ મંદિરની જગતી બહુ અલંકૃત ન હોવા છતાં માન-પ્રમાણના સુમેળથી અત્યંત નમણી લાગે છે. રાજસ્થાન અને ગુજરાતમાં લગભગ બધે જ જગતીની આગવી જ નજાકત જોવા મળે છે, જ્યારે મહારાષ્ટ્રમાં અમરનાથના શિવમંદિરની જગતીના કુંભાને પણ શિલ્પાલંકારથી શણગારેલો છે. મહારાષ્ટ્રમાં એ કદાચ એક અપવાદ જ છે.

દક્ષિણનાં મંદિરોમાં જગતી—કર્ણપીઠનો આકાર કંઈક ભિન્ન છે, પણ એમાં તદ્દન વિરોધાભાસ કે શૈલીભેદ નથી. પરંતુ તેમાં કુંભો-કળશો આદિ અંગો જોવા મળે છે. તમિળનાડના ત્રિચિરાપલ્લીના ૧૦મી સદીના સુવારકોવિલ મંદિરમાં કમળપત્ર ઉપરથી શરૂ થઈને કળશા પછી પ્રાણીમુખ ઉપર સીધો મંડોવરનો આરંભ કરેલો છે. મદ્રાસનું ઐરાવતેશ્વર મંદિર પણ એ જ રીતે કુંભા-કળશાથી આવૃત્ત છે. આમ, શિલ્પાંકનની દૃષ્ટિએ બેલૂર-હળેબિડનાં મંદિરો તથા સ્થાપત્યની દૃષ્ટિએ ગુજરાત, રાજસ્થાન ને મધ્યપ્રદેશનાં મંદિરોની જગતીઓ શ્રેષ્ઠ કહી શકાય તેવી છે.

---

## ટિકિટ-સંગ્રહ

'રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ કૅમિસ્ટ્રી'ની શતાબ્દી નિમિત્તે ૨૭ માર્ચ બહાર પડનારી બ્રિટનની આ ચાર ખાસ ટિકિટો પર નૉબેલ પ્રાઈઝ જીતનારી ચાર જગહિતકારી વૈજ્ઞાનિક શોધોનું સૂચક નિરૂપણ કરેલું છે. મૂલ્યાનુક્રમ પ્રમાણે પહેલી ટિકિટ પર 'કૉન્ફર્મેશનલ ઍનેલીસિસ'ની શોધ કે જેના દ્વારા કેટલાક ઔષધીય પદાર્થોને કૃતિમ રીતે તૈયાર કરવાનું શક્ય બન્યું તેનું નિદર્શન છે. ગોળી, કૅપ્સ્યુલ, ઇન્જેક્શન વગેરે સાથે સ્ટેરોઈડના બંધારણની આકૃતિ આપી છે. બીજી ટિકિટ પર ખાટાં ફળોમાંથી પ્રાપ્ત થતા 'વિટામિન-સી'ને કૃત્રિમ રીતે તૈયાર કરવાનું શક્ય બનાવનાર શોધનો નિર્દેશ કરતું એ વિટામિનના બંધારણનું ને તેની પાછળ નારંગીનું આલેખન છે. ત્રીજી ટિકિટ પર 'ક્રૉમેટોગ્રાફી'ની શોધ અંગેનું ડિઝાઈન છે. આ શોધ દ્વારા ઔદ્યોગિક ઉત્પાદનોની ગુણવત્તાની ચકાસણી વધુ ચોક્કસ બની છે. છેલ્લી ચોથી ટિકિટ પર ક્ષ-કિરણોની સહાયથી પદાર્થના સ્ફટિકોની ફોટોગ્રાફી શક્ય બનાવનાર 'ક્રિસ્ટલોગ્રાફી'ની શોધને રજૂ કરતું મીઠાના રાસાયણિક બંધારણનું સૂચક આલેખન આપવામાં આવ્યું છે. (પ્રેષક : રમણિકલાલ સોલંકી-લંડન)



# ઠાકોરલાલ ઠાકોર

## યાને ઠાકોરભાઈ પાંચમા

'વિનોદ'ની નજરે
[૧૧]
લેખક
વિનોદ
ભટ્ટ



ઠાકોરભાઈ મારા સગા થાય—શ્વસુરપક્ષે. મારા તે 'ટીચર-ઈન-લૉ' છે. મારી પત્નીના તે વિજ્ઞાન-શિક્ષક હતા. હાલમાં તેમની શાળામાં મારી પત્ની શિક્ષિકા છે, એટલે ક્યારેક કામ પ્રસંગે હું દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળામાં જાઉં ત્યારે ઠાકોરભાઇને મળું છું. ઠાકોરભાઈની નજરમાં, સસરાની આંખમાં જમાઈ પ્રત્યે હોય એવો દયાનો–સહાનુભૂતિનો ભાવ ડોકાયા કરે છે. (દરેક સસરાની આંખમાં જમાઈ માટેનો આવો જ ભાવ જોવા મળવાનો.)

નામ ને અટક બન્ને એક જ હોય એવી આ પહેલી વ્યક્તિ મેં જોઈ છે. કોઈ વ્યાયામવીર જેવું પહોળું પહોંચતું શરીર, ઘેરો પણ ડૉમિનેટિંગ અવાજ, બરછટ ચહેરો, છતાં બાળકોને આકર્ષે એવું હૂંફાળું હૈયું ધરાવનાર આ માણસનું મિત્રવર્તુળે ય ખાસ્સું મોટું છે. મેઘધનુષી વ્યક્તિત્વ ધરાવનાર ચન્દ્રવદન ચી. મહેતા ય તેમના અંતરંગ મિત્ર છે, તો સામે છેડે કાચિંડાની જેમ રંગ બદલતા રાજકારણીઓ ય તેમના મિત્ર-વર્તુળના પરિઘમાં આવી ગયા છે. શાળાજીવન દરમ્યાન તો ચન્દ્રવદન મહેતા ઠાકોરભાઇનો પડછાયો બની ગએલા. 'બાંધ ગઠરિયાં'માં ચન્દ્રવદને એક પ્રસંગ પણ આલેખ્યો છે. વાત જાણે એવી બનેલી કે ચન્દ્રવદન એક છોકરીના પ્રેમમાં પડી ગએલા. (ચન્દ્રવદન પોતાના સિવાય અન્ય કોઈના પ્રેમમાં પડે એ વાત જ આમ તો માની શકાય એવી નથી.) એ છોકરી (કરુણ હિન્દી ફિલ્મમાં આવે છે એ રીતે) બીજી જગ્યાએ પરણી ગઈ. ચં. ચી.ને માથે તો જાણે આભ તૂટી પડયું. 'હમ જીકે કયા કરેંગે... જબ દિલ હી તૂટ ગયા' એ ગીતના પ્રકારનું કોઈ ગીત ગણગણતા તે આત્મહત્યા કરવા તૈયાર થઈ ગયા. આત્મહત્યા કરનારાઓમાં એક શિરસ્તો એવો હોય છે કે તેણે કોઇને કશી ય જાણ કર્યા વગર છાનામાના જ આત્મહત્યા કરી નાખવાની હોય છે. પણ આપણા ચં. ચી. કાયમ પ્રણાલિકાભંજક જ રહ્યા છે. તેમણે એક મિત્રને પોતાના આ નિર્ણયની જાણ કરી દેતી ચિઠ્ઠી લખી નાખી. મિત્રોને ય ભેટયા–રડયા; પછી ઊપડયા તાપી નદી તરફ. તાપીના પુલના કઠેડા પર પગ લટકાવીને મિત્રોને આવવાની રાહ જોતા બેઠા. ઠાકોરભાઇ ને બીજા એક બે મિત્રોએ સી. સી.ને આપઘાત કરતા અટકાવ્યા. ચં. ચી. આમ તો કોઈનું માને એવા નથી; પણ આ વખતે (કોઈ મનાવે એની જ રાહ જોતા બેઠા હોઇ) તે માની ગયા. ઠાકોરભાઇએ ના વાર્યા હોત તો પોતે જરૂર આપઘાત કરી નાખત એવી છાપ ચં. ચી.એ પોતાના લખાણમાં પાડી છે. આ બાબતમાં મેં ઠાકોરભાઇને પૂછ્યું, તો કહે: 'તમે ચન્દ્રવદનની વાત કરો છો ને?...એક નંબરનો હાંકેડુ માણસ છે. દરેક બાતમાં તેનું તો નાટક જ હોય... જો ખરેખર આવું બન્યું હોય તો હું તેને પડવા દઉં; આડો ના આવું...'

ચન્દ્રવદન ને ઠાકોરભાઈમાં એક ફરક છે. ચન્દ્રવદન પોતાના દરેક કાર્યને લોકો તાલીઓથી વધાવી લે એવું ઇચ્છે છે; (જો 'વન્સમૉર' મળે તો આત્મહત્યાનું દૃશ્ય પણ બીજી વખત ભજવી બતાવે) જ્યારે ઠાકોરભાઈ તાળીઓ પડે એટલે પડદા પાછળ સંતાઈ જાય એવા શરમાળ છે. (જો કે ઠાકોરભાઇને 'શરમાળ' કહીએ એ તેમને ના ગમે પાછું. 'હું ક્યાં કોઈની શરમ રાખું છું?' કહીને ઊભા રહી જાય એવા છે.)

ઠાકોરભાઈ બ્રહ્મક્ષત્રિય છે. તે ક્ષત્રિય વધારે છે કે બ્રાહ્મણ, એ કહેવું અઘરું છે. બ્રાહ્મણનું કાર્ય, શિક્ષણ આપવાનું—જ્ઞાન આપવાનું એમણે જેટલી નિષ્ઠાપૂર્વક કર્યું છે એટલા જ જુસ્સાથી ક્ષત્રિયનું કામ પણ કર્યું છે. આ ક્ષણ સુધી તેમણે પોતાની તલવાર મ્યાન કરી નથી. તેમની જીભમાં ય ક્ષાત્રતેજના ઝબકારા છે. જીભથી તેમણે કરી શકાય એટલાને નારાજ કર્યા છે. એમના મિત્રો એમને એ વખતે ય ટોકતા ને આજે પણ ટકોરે છે: 'ઠાકોરભાઈ, મુલાયમ ભાષા વાપરો.' ત્યારે તે કહે છે: 'માખણની વાણી મારી ગળથૂથીમાં નથી તેને હું શું કરું?' સાચી વાત છે. તેમણે જીભને જો થોડી ઓછી વળવા દીધી હોત તો આજે તે બહુ ઊંચા આસને બેઠા હોત એ નિઃશંક છે. પણ ઠાકોરભાઈનું ગણિત પહેલેથી જ કાચું. નફા-તોટાના દાખલા જીવનમાં તે શીખ્યા જ નહિ ને સરવાળે ભાગાકાર થઈ ગયો! ખોટનો જ વેપલો કર્યો છે તેમણે આજ સુધી.

જીવનની શરૂઆત તેમણે એક જર્મન કંપનીના સેઈલ્સમૅન તરીકે કરેલી. પગાર પણ સારો: એ જમાનામાં દોઢસો મળતા. મિલોમાં ડાઇંગ માસ્તરને કેમિકલ પહોંચાડવા ઘોડાગાડીમાં જવાનું. સાઠના પગારદાર ડાઇંગ માસ્તરને છસ્સો રૂપિયા લાંચ આપવાની— કંપની તરફથી. આવું સહેલું કામ ઠાકોરભાઇને ના ફાવ્યું. દોઢસો રૂપિયાની નોકરી છોડીને એંશીના પગારે તે પ્રોપ્રાએટરી હાઈસ્કૂલ (આજની દીવાન-બલ્લુભાઈ માધ્યમિક શાળા)માં શિક્ષક તરીકે જોડાયા. પ્રિન્સિપલ બળવંતરાયનાં દીકરી કીર્તિદાબેન ઠાકોરભાઈના ક્લાસમાં ભણે. બલ્લુભાઇએ ઠાકોરભાઈ પર વારી જઇને પોતાનાં સુપુત્રી કીર્તિદાબેનને તેમની સાથે પરણાવ્યાં. (એ જમાનામાં ઈનામો આ રીતે અપાતાં હશે. ઈનામનું ઈનામ ને જન્મટીપની જન્મટીપ!) આજે ય ઠાકોરભાઈ એ વાત ભૂલ્યા નથી. (કોણ ભૂલી શક્યું છે તે ઠાકોરભાઈ ભૂલે?) ત્યારથી બે વાત તેમણે ગાંઠે બાંધી: એક તો પોતાના શ્વસુરના કુટુમ્બની કોઈ વ્યક્તિને તે શાળામાં નોકરી નથી આપતા; ને બીજું કોઈ પતિ-પત્નીને સાથે સ્કૂલમાં નોકરીએ રાખતા નથી. (એમાં એકસાથે બે રાજીનામાં મળી જવાનો ભય રહેલો હોય છે.) શિક્ષક તરીકેની પોતાની કારકિર્દીમાં ઠાકોરભાઈએ ક્યારેય ટ્યૂશન નથી કર્યું. હા, સેઈલ્સમૅન હતા ત્યારે એકાદ ટ્યૂશન કરતા, પણ ટ્યૂશનની જરૂર ઊભી થઈ ત્યારે ટ્યૂશનો બંધ કર્યાં. આવી તો ઘણી બધી વિરોધાભાસી વર્તણૂક તેમનામાં જોવા મળે છે.

અત્યારે અવસ્થાને કારણે તે ઓછું સાંભળે છે. આમ તો શરૂઆતથી જ લોકોનું તે ઓછું સાંભળે છે. એક વાર તેમણે વિદ્યાર્થીઓનો પ્રવાસ અમાસને દિવસે જ ગોઠવેલો. કેટલાક લોકોએ કહ્યું: 'સાહેબ, આજે અમાસ છે. આજે પ્રવાસ શરૂ કરીને વહેમ આવે એવું શા માટે કરો છો?' ત્યારે તેમણે પોતાની લાક્ષણિક ઢબે કહ્યું: 'વહેમ ને બહેમ. અમે તો અંધારામાંથી અજવાળા તરફ જઈ રહ્યા છીએ. એમાં વળી વહેમ શા?'

આ ઠાકોરભાઈએ પોતાના શિક્ષણકાર્યનાં વર્ષો દરમિયાન કોઈ પણ

વિદ્યાર્થી પર સોટી નથી ઉગામી. (સોટી વાગે ચમ ચમ, વિદ્યા આવે ધમ ધમ'વાળી કહેવતની ય તેમણે શરમ નથી ભરી.) કોઈનો કાન સુધ્ધાં પકડયો નથી. સૈનિક માટે બંદૂક હોય છે એટલી જ શિક્ષક માટે સોટી અનિવાર્ય હતી એ દિવસોમાં, ને તે છતાં ઠાકોરભાઈએ સોટીનું શરણું કયારે પણ લીધું નથી. તેમના પ્રેમની ધાકથી જ છોકરાં તેમનો આદર કરતાં, ભણતાં.

પોતાની ઑફિસનાં બારણાં તે કાયમ ખુલ્લાં જ રાખે—છોકરું મા પાસે નહિ આવે તો બીજે જશે કયાં?—એ વિચારે. (જયારે બીજી શાળાઓમાં તો પ્રિન્સિપલને મળવું હોય તો વિદ્યાર્થીએ તોફાન કરવું પડે છે.) આ એક જ શાળા મેં એવી જોઈ છે જેમાં મૅનેજિંગ ટ્રસ્ટી, પ્રિન્સિપલ, સુપરવાઈઝર—બધા ય ખુલ્લામાં સાથે જ બેસે છે. ઠાકોરભાઈ પોતાનાં પત્તાં હમેશાં ખુલ્લાં જ રાખે છે. કોઈનાથી કશું છુપાવતા નથી.

ઠાકોરભાઈ આજન્મ શિક્ષક છે. તેમ આજન્મ યોદ્ધા પણ છે. શરૂઆતમાં તેમણે આઠમા ધોરણથી અંગ્રેજી ભણાવવાની નીતિને ટેકો આપેલો. બે-ત્રણ વર્ષ સુધી છોકરાઓને અંગ્રેજી બોલતાં સાંભળ્યા પછી તેમને લાગ્યું કે આ ખોટું છે. અંગ્રેજી તો પાંચમા ધોરણથી જ શીખવવું જોઈએ. બીજો કોઈ માણસ હોય તો એક વખત સંમતિ દર્શાવ્યા પછી ચૂપચાપ બેસી રહે. પણ આ ઠાકોરભાઈ માટે તો ચૂપ રહેવાની વાત જ જ અશકય. એ ના બોલે તો એમનું તાળવું બોલે. એમણે તો સારો એવો ઊહાપોહ મચાવ્યો. એક બાજુ સરકાર ને બીજી તરફ ઠાકોરભાઇ. ખરાખરીનો ખેલ થઈ ગયો. સામે કૉંગ્રેસ પક્ષે પણ એવા જ મક્કમ બીજા ઠાકોરભાઈ હતા: ગુજરાત કૉંગ્રેસના મંત્રી ઠાકોરભાઈ દેસાઈ—ઠાકોરભાઈ આઠમાના નામે ખ્યાત થએલા.

આ પાંચમા ને આઠમાના મુદ્દા પર આપણા ઠાકોરભાઈ જીવ પર આવી ગયા. જાહેરમાં બોલવા માંડયું: 'સરકારના "તેલ"થી આપણા દીવા નથી બળતા.' (જો કે ખાનગીમાં તો 'તેલ'ને બદલે કોઈ બીજો જ શબ્દ તે વાપરતા.) સરકારે આ પ્રશ્નને પોતાની પ્રતિષ્ઠાનો સવાલ બનાવી દીધો. અંગ્રેજી આઠમાના હિમાયતી એક મોટા શિક્ષણકારે તો જાહેરમાં કહેલું પણ ખરું: 'ખોંખારો ખાઓ ને ગ્રાંટ બંધ કરી દઈશું.' તો સામેથી 'ખોંખારો ખાતાં તમને ગળે ડચૂરો બાઝી જશે...' ઠાકોરભાઈએ વળતો હુમલો કરેલો.

પછી તો ધારાસભામાં ય આ પાંચમાથી અંગ્રેજીના મુદ્દા પર ઠાકોરભાઈ વિરોધપક્ષ સાથે બેસી જતા. કહેતા પણ ખરા: 'મારો આત્મા મેં કૉંગ્રેસને વેચ્યો નથી.' તેમની સામે 'ડિસિપ્લિનરી ઍકશન' લેવાનું દબાણે ય કૉંગ્રેસપક્ષ દ્વારા થએલું. (પણ પછી, 'તમે સારા માણસ છો' એવું કહીને તેમને જતા કરવામાં આવેલા.) તેમની શાળાને મળતી ગ્રાંટ બંધ કરવામાં આવી. કીડી પર કોશના ડામ જેવું સરકારનું એ પગલું હતું. પણ ઠાકોરભાઈ એમ ગાંજયા જાય? તેમણે કૉંગ્રેસ છોડી, એટલું જ નહિ, આ મુદ્દા પર અમદાવાદ મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં કૉંગ્રેસને સાફ પણ કરી નાખી. અને ઠાકોરભાઈ આઠમાની પાછળ પાછળ તેમના જ મતવિભાગ ગણદેવીમાં જઈ, ભાષણો કરી તેમને હરાવ્યા. સરકાર સામે બરાબર લડી લીધું—અને જીત્યા ય ખરા (પણ જીતીને ય એ તો હારી જ ગયા. 'સત્તા આગળ શાણપણ' વળી કહેવત આજે ય તેમને મોઢે નથી ચડી.) જો કે એક વાત છે: શિક્ષણને રાજકારણથી બને એટલું દૂર રાખવા તેમણે પ્રયત્ન કર્યો છે. બંને વચ્ચે ભેળસેળ કદી ય થવા દીધી નથી. રાજકારણમાં શિક્ષણની વાત આવે ત્યારે તે ધસી ગયા છે; પણ શિક્ષણમાં રાજકારણ આવે ત્યારે તે ખસી ગયા છે.

તેમના વિરોધીઓમાં સ્વ. મગનભાઈ પ્ર દેસાઈ પણ આઠમાના હિમાયતી હતા. (જો કે ગુસ્સો પણ તે અંગ્રેજીમાં જ કરતા...અંગ્રેજી ગાળો બોલવાનું તેમને વધારે ફાવતું!). શિક્ષણના પ્રશ્ન અંગે ઠાકોરભાઈ કેટલીક વાર ડૉ. રાધાકૃષ્ણનને ય મળેલા. જ્યારે ઠાકોરભાઈ મળે ત્યારે ડૉ. રાધાકૃષ્ણન્ તેમને અચૂક પૂછતા: 'હાઉ ઈઝ યૉર મગનભાઈ?'

ઠાકોરભાઈ એકસાથે બબ્બે ઘોડે સવારી કરી શકતા. માધ્યમિક શાળાઓના શિક્ષક-મંડળના તે પ્રમુખ ને આચાર્ય મંડળના ઉપ-પ્રમુખ હતા. વિધિની આ જ કસોટી હતી. એક વખત આચાર્ય મંડળ અને શિક્ષક મંડળ વચ્ચે પગાર બાબત મતભેદ પડયો. ઠાકોરભાઈ મુશ્કેલીમાં મુકાયા: કોનો પક્ષ લેવો? શિક્ષકોની માગણી વાજબી જણાતાં શિક્ષકોની પડખે તે ઊભા રહ્યા ને આચાર્ય મંડળના ઉપ-પ્રમુખપદેથી રાજીનામું આપી દીધું. એક ખેતરપાળ બનીને ઠાકોરભાઈએ શિક્ષકોના હિતની રક્ષા કરી છે. શિક્ષકોને તે હમેશાં કહે: 'સિંહ બનો...'

અને ૧૯૭૩ની સાલમાં એમની જ શાળાના શિક્ષકો ખરેખર સિંહ બની ગયા! ઠાકોરભાઈ સામે એ લોકો લડયા. (ઠાકોરભાઈ માટે તો 'મેરી બિલ્લી ઔર મુજસે મ્યાંઉ''વાળો ઘાટ થયો.) સામસામે પત્રિકાબાજી ચાલી. બન્ને પક્ષ મમત પર આવી ગયા. શિક્ષકો ઈશ્વર પેટલીકરને મળ્યા, દરમિયાનગીરી કરવા વિનંતી કરી. ઈશ્વર પેટલીકરે પોતાનો નિખાલસ મત દર્શાવ્યો: 'ઠાકોરભાઈની જિદ્દને તો હું તો શું, પેલો ઉપરવાળો ઈશ્વર પણ ના પહોંચે. મારું આમાં કામ નહિ.' પછી ઉપવાસો શરૂ થયા. મારી પત્ની એ શાળામાં શિક્ષક હોવાને કારણે શિક્ષકોના પક્ષે તેને ય ઉપવાસ પર ઊતરવાનું થયું. આવા સંજોગોમાં આદર્શ પતિની દશા કફોડી થાય છે એની પેલા બેમાંથી એકે ય પક્ષને ખબર નહિ, પત્નીને મૂકીને જમવાનું ગમે ય શી રીતે? એટલે આ પ્રશ્નનું જલદી સમાધાન થાય એમાં મને પણ રસ હતો. પછી આ પ્રશ્નમાં, સ્વભાવ વિરુદ્ધ જઇને ઠાકોરભાઇએ નમતું જોખ્યું. શિક્ષકોના ગૌરવ ખાતર પોતાના અહમને ઠોકરે ચડાવી દીધો. (બેઝિકલી તો પોતે ય શિક્ષક જ ખરા ને!) શિક્ષકો સાથે બેસીને પારણાં કર્યાં. (અહીં તે હારીને જીતી ગયા.) એ વખતનું દશ્ય ખરેખર હૃદયંગમ હતું. ઠાકોરભાઈ શિક્ષકો સામે 'પ્રોડિગલ સન' સામે બાપ જુએ એ રીતે લુકા-છીપીથી જોઈ લેતા. આ પછી શિક્ષકો સામે કયારે ય તેમણે કિન્નો નથી રાખ્યો.

ઠાકોરભાઈના મગજમાં કોઈ વાત (સાચી કે ખોટી) એક વાર ઘૂસ્યા પછી ઝટ કાઢવી મુશ્કેલ. એ જિદ્દે ચડે પછી રોકાય નહિ. જિદ્દે ચડેલા માણસ માટે વાત મોટી છે કે નાની એ ગૌણ બાબત હોય છે. (ખૂબીની વાત એ છે કે આવા લોકો પોતાને નહિ, પણ બીજા બધાને જિદ્દી માનતા હોય છે.) એક વખત શાળાના વિદ્યાર્થીઓને લઇને તે પ્રવાસ પર નીકળેલા. એમની બોગી પહેલેથી જ રીઝર્વ્ડ. કોઈ સ્ટેશને તે નીચે ઊતર્યા—પગ છુટ્ટો કરવા. પ્લૅટફૉર્મ પર થોડુંક ફર્યા. પાછા ફરતાં ભૂલમાં બાજુના ડબામાં પ્રવેશી ગયા. પણ પછી તો એ ડબામાં બહારના કોઇને અંદર ઘૂસવા જ ના દે. બારણાની વચ્ચોવચ ઊભા રહીને બૂમો પાડે: 'આગળ જાઓ! આ ડબો રીઝર્વ્ડ છે.' સાથેના શિક્ષકો તેમને સમજાવવા પ્રયત્ન કરે, હાથ ખેંચે, પણ સાંભળે તો ને! છેવટે તેમને જાણ થઈ કે પોતે ખોટા ડબામાં ચડી બેઠા છે ત્યારે તે મોટેથી હસી પડયા—બાળકો હસે છે એવું, નિર્દોષ-ફૂલ જેવું. તેમને ખોટા ડબામાંથી ઉતારવામાં પડેલા શ્રમને લીધે એક-બે શિક્ષકોના હાથ કળતા'તા!

તેમની તંદુરસ્તી જોઇને મને તો મારા શરીર માટે શરમ જ ઊપજે છે. એક વખત મેં તેમના તંદુરસ્ત દીર્ઘાયુષ્યનું રહસ્ય પૂછયું. તો કહે: 'દૂધ, સીંગ ને મૂળા એ જ મારા તંદુરસ્ત દીર્ઘાયુષ્યનું કારણ છે.' આ ભલે હશે, પણ તેમને ઑક્સિજન તો શિક્ષણ નામના પદાર્થમાંથી જ મળી રહેતો હોવો જોઈએ. આઠ-દસ વર્ષ અગાઉનાં છાપાંઓની ફાઇલો ફેંદીએ તો છાશવારે એમનું શિક્ષણને લગતું કોઈ નિવેદન કે ચર્ચાપત્ર હોય, હોય ને હોય જ, જો એકાદ અઠવાડિયું સળંગ ખાલી જાય તો વાચકોને ચિંતા થાય, શંકા પડે કે ઠાકોરભાઈ બીમાર તો નહિ હોય ને!

લઘુકથા

# છેલ્લું સ્મિત

પી. જી. કડીવાર

જીવીનો જીવ ડચૂરાતો હતો. મધરાતથી તેને વસમું લાગી રહ્યું હતું. સવારે ખૂબ આજીજી કર્યા પછી આવેલા ડૉક્ટરે ઈન્જેકશન આપી, પૈસા લઈ, જતાં જતાં કહેલું: 'એકાદ કલાક સુધીમાં બોલવા જેટલું ભાન આવે તો આવે—મને વધુ આશા નથી.'

ડૉક્ટરના શબ્દો જેવો કઠોર બપોરનો તડકો તપવા આવ્યો તો યે જીવીના હોઠ ખૂલ્યા નહિ. બધાં તેના ખાટલાને વીંટળાઈને ઊભાં હતાં. બે ય છોકરા પણ નિમાણા થઈ રડમસ ચહેરે માંદી મા સામે જોઈ રહ્યા હતા. બે-ત્રણ વાર સાનથી જીવીનું મન પારખવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યા પછી વાલુ ડોસીથી નિઃશ્વાસ નંખાઈ ગયો: 'ઘણે બાપડીને કાંઈક કે'વું છ, પણ બોલાતું નથી. હવે તો આ કઠ્ઠટામણમાંથી ભગવાન જટ સૂટકારો કરે તો હાંઉ!'

એક બાજુ સૂનમૂન થઈને ઊભેલા દેવાના ખભા પર હાથ મૂકી રવજીએ આશ્વાસન આપતાં કહ્યું: 'હંધી યે લેણદેણની વાતું છે. આપણું હું કામ આવે, ભઈ!'

પણ દેવાના મનમાં કંઈક જુદું જ વલોવાઈ રહ્યું હતું... એ ધીમા પગલે જીવીના ખાટલા પાસે ગયો, બાજુમાં ઊભેલા નાના છોકરાના માથા પર હાથ મૂકી, જીવીના કાન પાસે મોઢું રાખી, આંસુ ભરી આંખે બોલ્યો: 'જીવી, આજથી દારૂ પીવો તો ઠીક, પણ ઈ ને અડવું યે હરામ! દારૂ આજથી મને આ કાનિયાના લોઈ બરાબર! જીવી, હમ ખાઈને કવ છું આ છેલવેલા મારા પર વિસવા(વિશ્વાસ) રાખ... બસ, આ છેલવેલા...' દેવાથી આગળ ના બોલી શકાયું. એ રડી પડ્યો.

—અને જાણે આટલું સાંભળવા જ જીવી જીવતી રહી હોય તેમ, જિંદગીની સાર્થકતાનું છેલ્લું સ્મિત હોઠના ખૂણે આછું ફરકાવી, છેલ્લો ચમકારો મારી એણે આંખો મીંચી દીધી. □

---

ઠાકોરભાઈ મશ્કરા પણ ભારે. કોઈ મજાક કરે તો જવાબ પણ મજાકમાં જ આપે. થોડાં વર્ષો અગાઉ ઠાકોરભાઈ જૂના મૉડેલની કાળી ઑસ્ટીન મોટર વાપરતા. પોતે જ ગાડી હાંકતા. કોઈને ય ગાડી અડકી ના જાય એનો ખાસ ખયાલ રાખે ને બહુ જ ધીમી ચલાવે. ચિનુભાઈ પટવા 'ફિલસૂફ' એ વખતે જીવતા. પટવાએ એક વાર મશ્કરીમાં ઠાકોરભાઈને કહ્યું: 'તમારું તો ગાડું છે, ગાડું...' ત્યારે ઠાકોરભાઈએ સામેથી કહ્યું: 'મારું તો ગાડું છે, પણ તમારી તો ગાંડી છે, ગાંડી!' (એ વખતની સરકારના સંદર્ભમાં જ ઠા. ઠા. આમ કહેતા હતા.)

એક વાર ઠાકોરભાઈ દવાબજારમાં ગયા. એક દવાની દુકાનની બહાર સેઈલ્સ-ગર્લ ઊભેલી. તે માથાની દવાની ગોળીનાં ફ્રી સૅમ્પલ્સ આપતી હતી. ઠાકોરભાઈ સામે માથાની ગોળી ધરતાં તે બોલી: 'લઈ જાઓ કાકા, માથાની ગોળી.' ઠાકોરભાઈ કહે: 'જો બેન, મને તો માથાનો દુઃખાવો ક્યારે ય નથી થતો. હા, હું લોકો માટે માથાનો દુઃખાવો છું. વારે આપવી હોય તો આપ. મારાથી કોઈનું માથું દુઃખશે તો તેને હું ગોળી આપીશ.'

ઠાકોરભાઈ લોકશાહીમાં માને છે. દીવાન-બલ્લુભાઈ માધ્યમિક શાળાના તમામ શિક્ષકોને માધ્યમિક શિક્ષણ સંઘના સભ્ય થવાની તેમજ સક્રિય રસ લેવાની છૂટ આપે છે. (મોટા ભાગની શાળાઓ સંઘને બખડજંતર ગણાવીને, પોતાની શાળાનાં શિક્ષકોને તેનાથી દૂર રાખે છે.) વચ્ચે એક વખત તો એવું થએલું કે ઠાકોરભાઈની શાળાનો એક સામાન્ય શિક્ષક મા. શિ. સં.નો પ્રમુખ બનેલો ને ઠાકોરભાઈ કારોબારીના એક સભ્ય તરીકે તેની સામે-સાથે-બેસતા. પોતે મા. શિ. સં.ના પ્રમુખ થયા પછી બીજી શાળાઓમાંથી કાઢી મૂકવામાં આવતા શિક્ષકોને ય પોતાની શાળામાં સમાવી લેતા. તેમને મન શિક્ષક જેવો કોઈ પવિત્ર શબ્દ વિશ્વમાં નથી ને શિક્ષણ જેવું કોઈ મંદિર નથી.

શાળાજીવનમાં ઠાકોરભાઈ એક અચ્છા ક્રિકેટર હતા. ક્રિકેટ ટીમના કૅપ્ટન પણ હતા. ક્રિકેટ નામની આ રમતનું હાર્દ 'ખેલદિલી' આજે ય તેમની પાસે અકબંધ છે. કોઈની સાથેના મતભેદને મનભેદનું સ્વરૂપ આપ્યું નથી. કોઈ એક લગ્ન પ્રસંગમાં બન્ને ઠાકોરો—પાંચમા ને આઠમા ભેગા થઈ ગયા. બન્ને ઠાકોરોનો ગજગ્રાહ એ વખતે જગબત્રીસીએ બરાબર ચડેલો. બન્નેએ એકબીજા સામે બરાબરની તલવારો ખેંચેલી—જાહેર જીવનમાં. પણ અહીં તો બન્નેને હસીને વાતો કરતા જોઈને લોકો આશ્ચર્યમાં પડી ગયા. ત્યારે ઠાકોરભાઈ પાંચમા લોકોને સંબોધીને બોલ્યા; 'તમે કહેતા હો તો અમે સજોડે ફોટો પડાવીએ...' ને પડાવ્યો પણ ખરો.

વનિતા વિશ્રામના નવા મકાનના ઉદ્‌ઘાટનમાં વખતે મોરારજીભાઈ ને મગનભાઈ દેસાઈ આવેલા. ગાદી પાસે એ બન્નેએ પોતાનાં પગરખાં કાઢ્યાં, જે ઊંચકી લઈને ઠાકોરભાઈ પોતે જ બાજુ પર મૂકી આવ્યા.

ઠાકોરભાઈની ખેલદિલી અંગેનો એક સરસ પ્રસંગ ઝીણાભાઈ દેસાઈ સ્નેહરશ્મિએ આલેખ્યો છે. ઝીણાભાઈ ને ઠાકોરભાઈ બન્ને મોટે ભાગે સામસામે ટકરાતા જ હોય. બન્નેમાં વિચારભેદ સખત. આ ઝીણાભાઈની દીકરી ઉમા એસ.એસ.સી.ની પરીક્ષામાં બેઠેલી. એ વખતે તે લગભગ મૃત્યુને આરે આવીને ઊભેલી. શરીર રોગગ્રસ્ત હોવા છતાં પરીક્ષા આપવા તેણે જિદ્દ કરી. પરીક્ષા વખતે તેને ઠાકોરભાઈની શાળામાં બેસવાનું આવ્યું. લખતાં આંગળીઓને મુશ્કેલી પડતી. આંગળીઓ અકડાઈ જતી. આ વાતની ખબર પડતાં ઠાકોરભાઈ ઉમા પાસે પહોંચી ગયા. પોતાની હૂંફમાં લઈને ઠાકોરભાઈએ ઉમાનું ખૂબ ધ્યાન રાખ્યું. પરીક્ષા દરમિયાન વખતોવખત તેની આંગળીઓ અને તબિયતની તે તપાસ કરી આવતા. ઉમા સાંજે ઘેર જઈને ઝીણાભાઈને ઠાકોરભાઈ અંગેની આ વાત કરે અને ઝીણાભાઈ પોતાની ભીની આંખ ધોતિયાથી લૂછતા લૂછતા એ સાંભળે.

આ ઠાકોરભાઈ, મને લાગે છે કે, કોઈ ખોટી ટ્રેઈનમાં ચડી જઈને ખોટા સ્ટેશને ઊતરી ગયા છે...નહિ તો અમદાવાદમાં ક્યાંથી હોય?

# અંગ્રેજી સાહિત્યનું આચમન

—ખંડ ૫મો · પ્રકરણ ૩જું · મહાકવિ મિલ્ટન—

## મિલ્ટનની વિદ્યાયાત્રા

કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પોતાનું શિક્ષણ પૂરું કર્યા પછી મિલ્ટને કોઈ સારો વ્યવસાય પસંદ કરી લેવો જોઈએ એવી એના પિતાની અને મિત્રોની પ્રબળ ઇચ્છા હતી જીવનના આરંભકાળમાં એને ધર્મગુરુના વ્યવસાય માટે આકર્ષણ હતું; પણ ચર્ચમાં ચાલતા સત્તાપ્રપંચો, દંભ અને અનાચારથી તે હવે વાકેફ બની ચૂક્યો હતો. એને તો કવિ થવાની મહેચ્છા જાગી હતી, ને એ હવે મહોરવા માંડી હતી. ઈ. ૧૬૩૭માં તો એ કવિ થવા માટે પોતાની પાંખો વીંઝી રહ્યો હતો—ઊંચાં ઊડ્ડયન કરી તેને કવિતાનાં શિખર સર કરવાં હતાં. એના પિતાએ એના મનોરથના આ માર્ગમાં અવરોધ થવાનું પસંદ કર્યું નહિ, એટલું જ નહિ પણ એના ચિત્તની ક્ષિતિજો વિસ્તરે ને એના કાવ્ય-શિક્ષણને વેગ મળે એ હેતુથી તેમણે પુત્રને સારો એવો ખર્ચ વેઠીને પણ યુરોપના પ્રવાસે મોકલ્યો. મિલ્ટને પારી(સ), ફ્લૉરેન્સ, નેપલ્સ, રોમ અને ગ્રીસ જેવાં એ યુગનાં સમૃદ્ધ કલાધામોની યાત્રા કરી. ત્યાંના વિદ્વાનો, કવિઓ, સંગીતકારો ને ચિત્રકારોના સહવાસનું તેને સદ્‌ભાગ્ય મળ્યું. કેટલીક શિક્ષણ-સંસ્થાઓ અને કલબોમાં પણ તેણે સાહિત્ય-કલાનો વૈભવ માણ્યો. મહાકવિ થવા માટેની સામગ્રી-સજ્જતા તેને આ વિદ્યાયાત્રાએ પૂરી પાડી. 'પૅરૅડાઈઝ રીગેઈન્ડ' જેવી કૃતિમાં રોમનું સુપ્રસિદ્ધ ચિત્ર મિલ્ટને આલેખ્યું છે તે રોમની યાત્રાની પ્રસાદી છે. આ વિદ્યાયાત્રાએ તેને પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ગૅલિલીઓની મુલાકાતની તક મેળવી આપી; લીઓનારા બરોનીના સંગીતનો રસાસ્વાદ તેની વિદ્યાયાત્રાનું એક મીઠું સંભારણું બની રહ્યો. પણ મિલ્ટનને એની આ યાત્રા જરા ઉતાવળે સમેટી લેવી પડી. ઇંગ્લૅન્ડમાં એ સમયે રાજા અને પ્રજા વચ્ચે આંતરવિગ્રહનાં એંધાણ તેને મળ્યાં. પોતાના દેશબાંધવો સ્વાતંત્ર્ય માટે ઝૂઝતા હોય ત્યારે સાંસ્કૃતિક પ્રવાસનો વૈભવ માણવામાં તેને અધમતા લાગી અને ૧૬૩૯માં એ ઇંગ્લૅન્ડ પાછો આવી ગયો.

## જીવનનો વળાંક

સ્વદેશ પાછા ફર્યા પછી મિલ્ટને પોતાનું એક સ્વતંત્ર નિવાસસ્થાન રાખ્યું અને પોતાના ભાણેજના શિક્ષણનું કાર્ય હાથ પર લીધું. પણ પારી(સ), રોમ અને ગ્રીસની જ્ઞાનયાત્રામાં તેણે પોતાના કવિત્વ વિષે ઘણી અપેક્ષાઓ જગાવી હતી. તેના ઇંગ્લૅન્ડના મિત્રો પણ હવે તેની પાસેથી ઉત્તમ કવિતા ક્યારે પ્રકટે તેની આતુરતા સેવી રહ્યા હતા. અને સૌથી વિશેષ તો તેના અંતરનો અવાજ તેને કાવ્યસર્જન માટે સતત પ્રેરી રહ્યો હતો. સતત અને સખત પરિશ્રમ, ઉત્કટ અભ્યાસ અને ઈશ્વરના અનુગ્રહથી પોતે ભાવિ પેઢીઓ માટે ચિરંજીવ કલાકૃતિ મૂકી જવાનો છે એવી આત્મશ્રદ્ધા તેનામાં પ્રદીપ્ત થઈ રહી હતી. પોતાના મહાન સર્જન માટે તેણે અનેક વિષયોનું તોલન કરી જોયું, અંતે બાઈબલના કથાપ્રસંગ પર તેનું ચિત્ત ઠર્યું; અને 'પૅરૅડાઈઝ લૉસ્ટ' માટેનું તેના અંતરમાં ઊંડું બીજારોપણ થયું.

આમ તે મહાકાવ્યની રચનામાં પ્રવૃત્ત થાય એટલામાં તો ઇંગ્લૅન્ડમાં રાજા અને પ્રજા વચ્ચેના સંબંધો ખૂબ તંગ બનવા માંડયા. સ્ટુઅર્ટ વંશના જેમ્સ પહેલાએ ઈશ્વરી હકનો દાવો આગળ ધરીને પ્રજાના સ્વાતંત્ર્ય પર તરાપ મારી હતી. એલિઝાબેથના વલણમાં જે સમાધાનવૃત્તિ હતી તેનો આ રાજામાં સદંતર અભાવ હતો. એની પછી ચાર્લ્સ પહેલાએ પણ પિતાની જ આપખુદ, મનસ્વી નીતિ જારી રાખી. પોતાના અધિકારો માટે ધીરેધીરે સભાન બની ચૂકેલી પાર્લમેન્ટને અનુકૂળ બનીને વહીવટ કરવાની ઇચ્છા કે ધીરજ આ રાજાઓમાં નહોતી. તેમણે પાર્લમેન્ટની ઉપેક્ષા કરવાનું વલણ જ દાખવ્યું. પ્રજામાં પોતાના અધિકારોની બાબતમાં જાગ્રત એવો એક નવો વ્યાપારી વર્ગ ઉદય પામી રહ્યો હતો. તેને પાંખમાં લેવાનું શાણપણ પણ તેમને સૂઝ્યું નહિ. પ્રજા રાજકીય અને ધાર્મિક સ્વાતંત્ર્યની બાબતમાં વિચારશીલ અને પક્વ બની રહી હતી એ હકીકત તેમના લક્ષમાં આવી જ નહિ. પાર્લમેન્ટને મનસ્વીરીતે વિખેરી નાખીને ચાર્લ્સ પહેલાએ પ્રજા પાસે જોરજુલમથી નાણાં કઢાવવાના પ્રયત્નો કર્યા. ચાર્લ્સનું વલણ કૅથલિક ધર્મ તરફનું હતું, પાર્લમેન્ટમાં પ્યુરીટનોનું વર્ચસ્ હતું; એટલે એમની વચ્ચે મેળ જામે તે શક્ય નહોતું. રાજાએ પોતાની અવિચારી ધાર્મિક અને રાજકીય નીતિથી સ્કૉટલૅન્ડમાં, ફ્રાન્સમાં, આયર્લૅન્ડમાં બધે હોળી સળગાવી. સ્પેઈન સાથે તો લડાઈ હતી જ. આ બધાં યુદ્ધો લડવા માટે એની પાસે નાણાં નહોતાં. અંતે પરિસ્થિતિથી તંગ આવીને તેણે ઇતિહાસમાં 'લાંબી પાર્લમેન્ટ' તરીકે જાણીતી થયેલી પાર્લમેન્ટ બોલાવી. પણ પાર્લમેન્ટ હવે પૂરેપૂરી સાવધ હતી. ચાર્લ્સની આપખુદી અને મનસ્વિતા પર અંકુશ મૂકવા માટે તેણે પગલાં લેવા માંડયાં. રાજાએ પ્રજાના હૅમ્પડન ને પીમ જેવા આગેવાનોને પકડી લેવા માટે પાર્લમેન્ટ પર સૈનિકો સાથે આક્રમણ કર્યું. એ પછી તો ચાર્લ્સ અને પ્રજા વચ્ચે સમાધાનની કોઈ શક્યતા જ રહી નહિ. સમગ્ર પ્રજામાં રાજાના આપખુદ વર્તન સામે વિરોધ ફાટી નીકળ્યો ને ચાર્લ્સને લંડન છોડી જવું પડયું.

આ સમગ્ર રાજકીય ઘટનાઓએ મિલ્ટનના જીવનને અને તેની કારકિર્દીને એક નવો જ વળાંક આપ્યો. પ્રજાની સ્વાતંત્ર્ય વિષેની ભાવનામાં અને ધર્મજાગ્રતિમાં તેને ભવ્યતાનું દર્શન થયું. રાજા અને પ્રજા વચ્ચેના આંતરવિગ્રહમાં તેને નૂતન ઇંગ્લૅન્ડના જન્મ પૂર્વેની વેદનાનો આવિર્ભાવ દેખાયો. તેનાં રોમેરોમ આ નવીન ચેતનાથી પુલકિત થઈ ઊઠયાં, એનો નૂતન રાષ્ટ્રનિર્માણ માટેનો આશાવાદ મહોરી ઊઠયો અને ગમે તેવાં મહાન જોખમો વેઠવાની તૈયારી સાથે તેણે પ્રજાના પક્ષે ઝૂઝવાનો નિર્ણય કરી લીધો. આ કસોટીના કપરા કાળમાં મહાન કાવ્યસર્જનનો મનોરથ તેને તત્કાળપૂરતો દબાવી દેવો પડયો. વીસ વર્ષ લગી તેણે રાજકારણમાં સક્રિયપણે ભાગ લીધો અને તેની ભાવિ કારકિર્દી પર તેના આ કાર્યની પ્રબળ અસર પડી.

ચાર્લ્સે લંડન છોડયા પછી ઇંગ્લૅન્ડ પર ચડાઈ કરવા માટે લશ્કર ભેગું કરવા માંડયું હતું. ઇંગ્લૅન્ડની પ્રજા પોતાનું ખમીર પ્રકટ કરવા સજ્જ બની હતી. એ સમયે મિલ્ટન એના પિતાના મૂળ વતન ઑક્સફર્ડ શાયરમાં ગયો. ત્યાં તેણે મેરી પૉવેલ નામની યુવતી સાથે લગ્ન કર્યું. મેરી પૉવેલ મિલ્ટન સાથે દામ્પત્ય માણવા લંડન આવી; પણ બંનેનું દામ્પત્યસુખ ઝાઝું ટક્યું નહિ. એક તો પૉવેલ કુટુંબના સભ્યો ચાર્લ્સના પક્ષકાર હતા. વળી, મિલ્ટન અને મેરી વચ્ચે ઉંમરનો પણ ખાસો ભેદ હતો—મેરીની વય કરતાં મિલ્ટનની વય બમણી હતી. મિલ્ટન પ્રકૃતિએ પણ ચુસ્ત અને આગ્રહી હતો. તેને પોતાના જેવી ભાવનાશીલ વિદૂષી કન્યા જોઇતી હતી; મેરીને મિલ્ટનના કરતાં સમાજના ગમા-અણગમાની વધુ કિંમત હતી. મેરીને લગ્નજીવનનું ભાવિ ઊજળું દેખાયું નહિ, એટલે પોતાના પિયરની મુલાકાતને મિષે તે ચાલી ગઈ. તેના આ વિદ્રોહથી મિલ્ટનનો

રોષ ભભૂકી ઊઠયા. તેણે છૂટાછેડા અંગે જલદ ભાષામાં ચોપાનિયાં લખ્યાં: અને છૂટાછેડાની પ્રક્રિયા સુગમ અને સરળ બને તે માટે પ્રબળ હિમાયત કરી. પણ મિલ્ટનના કેટલાક મિત્રોના પ્રયત્નથી બંને પક્ષે સમાધાન થયું. મેરી મિલ્ટનને ત્યાં પાછી ફરી, અને ત્રણ દીકરીઓ મિલ્ટનને ભેટ ધરીને તે ૧૬૫૩ કે ૧૬૫૪માં મૃત્યુ પામી.

મિલ્ટને ૧૬૫૬માં ફરી લગ્ન કર્યું. એ પત્ની માટે તેને ખૂબ પ્રેમભાવ હતો. પોતાના એક સૉનેટમાં તેને 'Espoused saint' તરીકે તેણે ઓળખાવી છે. પણ એ પત્ની લગ્ન પછી થોડા જ સમયમાં અવસાન પામી. મિલ્ટને ૧૬૬૩માં ત્રીજી વાર લગ્ન કર્યું ને એ પત્નીનો સહવાસ તેને જીવનભર સાંપડયો.

ઈ. ૧૬૪૦ થી ૧૬૬૦ સુધીનો સમય મિલ્ટન માટે સક્રિય જાહેર-જીવનનો હતો. કવિ તરીકેની તેની કારકિર્દી માટે ઉજ્જવળ ભાવિ હતું, પણ નૂતન રાષ્ટ્રના નિર્માણના ઉત્સાહે તેને કાવ્યની દિશામાંથી રાજકીય ક્ષેત્રે વાળી દીધો. એ સમયે રાજકીય વિચારણામાં ધાર્મિક વિચારણા મિશ્રિત હતી. મિલ્ટને ઉત્સાહપૂર્વક ચોપાનિયાં લખીને ધાર્મિક સુધારણાની જેહાદ શરૂ કરી. આરંભમાં તેણે પ્રેસ્બિટેરિયન ધર્મસમાજનો પક્ષ લીધો હતો, પણ ધીમે ધીમે એ ધર્મસમાજના જડ, અસહિષ્ણુ વલણથી તેની શ્રદ્ધા તેમાંથી ઊઠતી ગઈ. અને જ્યારે પ્રેસ્બિટેરિયન પાર્લમેન્ટ અને લશ્કર વચ્ચે સંગ્રામ થયો ત્યારે જરા પણ અવઢવ વિના તે લશ્કરને પક્ષે ઊભો રહ્યો અને ચાર્લ્સના પરાજય પછી તેનો ઈ. ૧૬૪૯માં શિરચ્છેદ થયો ત્યારે તેણે ઉત્સાહભેર એ શિરચ્છેદ વાજબી ઠરાવ્યો. આ બાબતમાં લશ્કરના પ્રત્યેક કાર્યનો તેણે બચાવ કર્યો. એનાં એ વિષયને લગતાં ચોપાનિયાંમાં એની પ્રતિભાની ભવ્યતાની ઝાંખી થાય છે. ચાર્લ્સ પહેલાનો શિરચ્છેદ થયા પછી સત્તાનું સૂત્ર સેનાપતિ ક્રૉમ્વેલના હાથમાં આવ્યું. એ દિવસોમાં યુરોપના લોકોના ચિત્તમાં બે જ વ્યક્તિઓ અંકિત થઈ હતી; ઑલિવર ક્રૉમ્વેલ અને મિલ્ટન. ક્રૉમ્વેલની સત્તા દરમ્યાન મિલ્ટનના ભાગ્યનો સિતારો ચમકવા માંડયો અને તેને સેક્રેટરી ફૉર ફૉરેઈન ટન્ગ્ઝનું સ્થાન મળ્યું.

મિલ્ટને પ્રજાના ધાર્મિક સ્વાતંત્ર્ય માટે અને મુક્ત પ્રજાસત્તાક સરકાર માટે ખૂબ આશાઓ રાખી હતી. પણ ક્રૉમ્વેલના મરણ પછી થોડાં જ વર્ષોમાં જ્યારે લોકોએ ચાર્લ્સ બીજાના રાજ્યારોહણને વધાવી લીધું ત્યારે મિલ્ટને સેવેલી આશાઓ નષ્ટ થઈ ગઈ. હવે નવાં ચોપાનિયાં કે દલીલબાજીનો કશો અર્થ તેને દેખાયો નહિ. રાજકારણમાં સક્રિયપણે ભાગ લેતાં તેણે આંખનું નૂર ગુમાવવા માંડયું હતું. ચોપાનિયાં લખવામાં તેની આંખો પર ખૂબ ભાર આવ્યો હતો. તેની ડાબી આંખ તો ૧૬૪૪થી જ તેણે ગુમાવી હતી અને ૧૬૫૨ સુધીમાં તો બીજી આંખ પણ જવા બેઠી. તેના દુશ્મનોએ આ વ્યાધિમાં વિધાતાનો કાવ્યન્યાય જોયો. પણ મિલ્ટને ખૂબ ધીરજ અને સંયમથી આ આપત્તિ સ્વીકારી લીધી. એના 'અંધાપા' વિષેના સૉનેટમાં એના આંતરિક શૌર્ય અને ધૈર્યની પ્રતીતિ થાય છે.

ચાર્લ્સ બીજાના રાજ્યારોહણ પછી તેણે મિલ્ટનનો શિરચ્છેદ કેમ ન કર્યો એ ઘણાને માટે આશ્ચર્યની વાત બની રહી છે. ક્રૉમ્વેલના શબની દુર્દશા થઈ પણ મિલ્ટન રાજાના રોષમાંથી સાવ ઊગરી ગયો એ કેમ બન્યું હશે? મિલ્ટને રાજાશાહીની આકરી ટીકા કરવાની પ્રવૃત્તિ ચાલુ જ રાખી હતી. સ્ટુઅર્ટ વંશના રાજવીઓ માટે તેનો તિરસ્કાર સર્વથા સ્પષ્ટ હતો. મિલ્ટને જીવનને હોડમાં મૂકીને પણ પોતાને લાગ્યું તે સત્ય પ્રકટ કર્યું હતું. તેના પર આપત્તિના ઓળા હતા તે સમયે તેના કેટલાક મિત્રોએ તેને ક્યાંક સંતાડી રાખેલો, પણ અંતે ૧૬૬૦માં બધા રાજવિરોધી પુરુષોને માફીનું જાહેરનામું બહાર પડયું અને મિલ્ટન મોટી આફતમાંથી ઊગરી ગયો.

(ચાલુ)

## શતરંજ: મૅન્યુઅલ ઍરોન આઠમી વાર રાષ્ટ્રીય વિજેતા

કલકત્તા ખાતે થોડા વખત પહેલાં રમાએલી ૧૪મી રાષ્ટ્રીય 'અ' શતરંજ ટૂર્નામેન્ટ જીતી મૅન્યુઅલ ઍરોને આઠમી વખત રાષ્ટ્રીય વિજેતાપદ મેળવ્યું. ૧૩મી રાષ્ટ્રીય 'અ'ના પહેલા ૬ અને ૧૪મી રાષ્ટ્રીય 'બ'ના પહેલા ૧૪ ખેલાડી આ ટૂર્નામેન્ટ રમવા હકદાર હતા. તેમાંથી મહારાષ્ટ્રના રામગુલ હસ્સન અંગત કારણસર ન રમી શક્યા. ૧૯ ખેલાડીની આ લીગ પદ્ધતિની ટૂર્નામેન્ટમાં તમીળનાડુના મૅન્યુઅલ ઍરોન અને રાજા રવિશેખર બન્નેને ૧૩½ પૉઈન્ટ મળ્યા. પણ ઍરોનનો S. B. Score વધુ હોઈ તેઓ વિજેતા જાહેર થયા. વાચકોને યાદ હશે કે ગયે વર્ષે પટણામાં પણ આ બન્ને ખેલાડીના સરખા જ પૉઈન્ટ થયા હતા. ત્યારે રવિશેખરનો S. B. Score સારો હતો.

સત્તરમા રાઉન્ડને અંતે ઍરોનના ૧૩, રવિશેખરના ૧૨ તથા નસીરઅલીના ૧૧ પૉઈન્ટ હતા. ઍરોન સહેલાઈથી વિજેતાપદ પાછું મેળવશે તેમ લાગતું હતું, પણ ૧૮મા રાઉન્ડમાં ફૉર્મમાં નહોતા તેવા અબ્દુલ જબ્બાર સામે હાર્યા અને પરિણામે રવિશેખર તેમની સાથે થઈ ગયા. ૧૯મા અને છેલ્લા રાઉન્ડમાં ઍરોનને પ. બંગાળના યુવાન ખેલાડી શ્યામલ દત્ત સાથે અને રવિશેખરને આંધ્ર પ્રદેશના મહમ્મદ હસ્સન સામે રમવાનું હતું. શ્યામલ દત્ત સારું રમ્યા અને સ્થિતિ સારી મેળવી પણ જીતવા જેવી સાબિત ન થઈ-રમત ડ્રૉ ગઈ. બીજી બાજુ રવિશેખરે સારી પકડ જમાવીને ઊંટના બદલામાં હાથી મેળવ્યો, પણ મહમ્મદ હસ્સન જેવા ધરખમ ખેલાડી સામે જીતવા તેટલું પૂરતું નહતું. પરિણામે બન્ને ખેલાડીના ૧૩½ પૉઈન્ટ થયા.

અત્યાર સુધી રમાએલી ૧૪ રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાંથી ઍરોન ૧૩માં રમ્યા છે. આમાંથી એમણે આઠ વખત પ્રથમ અને ચાર વખત બીજું સ્થાન મેળવ્યું છે. ઉત્તર પ્રદેશના નસીરઅલી પણ જ્યારે જ્યારે રમ્યા છે ત્યારે ઈનામ જીત્યા છે. આ વખતે ૧૨½ પૉઈન્ટ મેળવી ત્રીજું ઈનામ મેળવ્યું. આંધ્ર પ્રદેશના મહમ્મદ હસ્સને ૧૧ પૉઈન્ટ સાથે ચોથું ઈનામ મેળવ્યું. તે પછી પ. બંગાળના આનંદકુમાર ઘોષ, આંધ્ર પ્રદેશના નસિરૂદ્દીન ગાલિબ અને મહારાષ્ટ્રના વિજય અધિકારીએ ૧૦½ પૉઈન્ટ મેળવ્યા. ઘોષનો S. B. Score સારો હોઈ તેમને પાંચમું ઈનામ મળ્યું. બાકીના બેના S.B.Score પણ સરખા હતા. તેથી લૉટ કે સિક્કો ઉછાળીને ગાલિબને છઠ્ઠું સ્થાન અને અધિકારીને સાતમું સ્થાન અપાયું. આથી ગાલિબ ૧૫મી રાષ્ટ્રીય 'અ'માં સીધા રમી શકશે જ્યારે અધિકારીને રાષ્ટ્રીય 'બ'માં રમવું પડશે.

વિજેતાપદ S. B. Score પર નક્કી થાય તેમજ છઠ્ઠી-સાતમી જેવી અગત્યની સ્થિતિ લૉટ કે સિક્કાથી નક્કી થાય તે દુ:ખદ વાત છે.

બાકીના ખેલાડીઓએ મેળવેલા ક્રમ તેમના પૉઈન્ટ અને જરૂર હોય ત્યાં કૌંસમાં S. B. Score નીચે આપ્યા છે:

૮) ટી. એન. પરમેશ્વરન(તમિળનાડ)–૧૦ પૉ.
૯) રામચંદ્ર સપ્રે (મહારાષ્ટ્ર)–૯ પૉ.
૧૦) સુરેશ શાલિગ્રામ (મહારાષ્ટ્ર)–૮(૬૪)
૧૧) કે.બી.એલ. શ્રીવાસ્તવ (દિલ્હી)-૮(૬૩½)
૧૨) રફીક ખાન (મધ્યપ્રદેશ)–૮,૬૩½)
૧૩) અબ્દુલ જબ્બાર (મહારાષ્ટ્ર)-૭½
૧૪) મોહન લાગુ (મહારાષ્ટ્ર)–૭
૧૫) શ્યામલ દત્ત (પ. બંગાળ)–૭ (૫૯½)
૧૬) એન. નીલકંઠન્ (મહારાષ્ટ્ર)–૭(૫૨½)
૧૭) એસ. વી. નટરાજન્ (તમિળનાડ)–૬½
૧૮) એસ. એન. રવિશંકર (કર્ણાટક)-૫½(૪૭½)
૧૯) વિરાફ આવરી (ગુજરાત)–૫½ (૪૫)

ગુજરાતમાંથી રાષ્ટ્રીય 'અ'માં પહોંચવાવાળા બીજા ખેલાડી(૧૯૭૩માં ગૌરાંગ મહેતા રમ્યા હતા)ને ૧૯મો ક્રમ મળ્યો છે. આ અનુભવને આધારે અને મહેનત લઈને ભવિષ્યમાં ગુજરાતી ખેલાડીઓ આગળ આવશે એવી આશા રાખીએ.

**સુરેશ મોદી**

સાહિત્યસંપર્ક

## ભાવરંગ-લહરી*

મધુસૂદન ઢાંકી

સાંપ્રતકાલીન હિંદુસ્તાની સંગીત-પરિપાટીની મોટામાં મોટી કરુણતા એમાં થએલી સાહિત્યપક્ષની ઘોર અપેક્ષા, ને એથી ઉમદા ગેયકૃતિઓ—ચીજો—બંદિશોનો, વરતાતો અભાવ નહિ તો યે ઓછપ છે. એટલું કમ હોય તેમ, તેમાં મુસ્લિમ ગાયકોના પ્રાબલ્યને કારણે છેલ્લી બે સદીઓમાં બ્રાહ્મણીય સંસ્કૃત સાહિત્યનો સંપૂર્ણપણે ઊડી ગયેલો છેદ, તેમ જ ઊંચી ધ્રુવપદ પરંપરાની વ્રજભાષાની કૃતિઓનો ગાવામાં થએલ ઘટાડો અને તેને સ્થાને કેવળ સાંસારિક-શૃંગારિક ભાવોને જ વ્યક્ત કરતી, ઘણી વાર તો બીભત્સરીતે દ્વયર્થક, સસ્તી, તેમ જ છંદોલયની પૂર્ણતયા અવગણના કરતી રચનાઓની થએલી અમર્યાદ બહુલતા શોચનીય છે. આ પરિસ્થિતિ સામે કમર કસીને પહેલી-વહેલી નવીન ભક્તિ-પરિપૂર્ણ તેમજ ઊર્ધ્વગામી ભાવોને પોષતી-પ્રકટ કરતી કૃતિઓની રચના, ઉત્તરાપથ-સંગીતોદ્ધારક પં. વિષ્ણુ દિગમ્બરે કરી, અને પછી ગુરુને પગલે ચાલી સંગીત-માર્તંડ પં. ઓમકારનાથ ઠાકુરે પણ કેટલીક સુંદર ભાવવાહી અને અર્થગહન સ્વરનિબદ્ધ ગીતરચનાઓ કરી. આ પ્રશસ્ય પરંપરાને અનુસરી પંડિતજીના પટ્ટધર, સંગીત-વાદનાચાર્ય ઉપાધ્યાય બલવંતરાય ભટ્ટે 'ભાવરંગ' તખલ્લુસથી ઈ. સ. ૧૯૬૪માં 'ભાવરંગલહરી (પ્રથમ ભાગ)'માં વિવિધ રાગો અને તાલોમાં નિબદ્ધ સવાસો જેટલી ચુનંદી, કર્ણ-મનોહર ને રસળતી ગીત-રચનાઓ પ્રગટ કરી. એ જ વખતે બીજી ૧૨૧ જેટલી, એટલી જ ઉદાત્ત અને સરસ રચનાઓ પણ બાંધેલી, જે આર્થિક સહાયને અભાવે ત્યારે પ્રગટ ન થએલી, તે હવે 'ભાવરંગ લહરી' (દ્વિતીય ભાગ) રૂપે ઉત્તર ભારતના સંગીતજગત સમક્ષ આવે છે.

આ વખતની રચનાઓનાં કેટલાંક નવીન પાસાં પણ છે. જેમ કે કેટલીક ચીજો અપ્રચલિત રાગોમાં બાંધેલી છે. ઉદાહરણરૂપે બંગાલભૈરવ, શિવમતભૈરવ, પ્રભાસ, સૌરાષ્ટ્રટંક, હંસકિંકિણી, શ્યામદેશ ઈત્યાદિ. એ જ રીતે કર્ણાટક-સંગીતમાંથી અધુના આયાત થએલા કલાવતી (ક૦ વેલાચી) જેવા અને આજે ઠીકઠીક પ્રચલિત થએલા રાગો પણ આવરી લીધા છે. જેમ રાગોમાં વૈવિધ્ય છે તેમ તાલોની પસંદગીમાં પણ પંચસવારી, ચન્દ્રાસ્ત, લક્ષ્મી, ફેરોદસી, પૌરાણિક, ધુમાલિ જેવા ઓછા વપરાતા, ભુલાતા જતા તાલો (જેમાંના કેટલાક મુશ્કેલ પણ ખરા)નો પ્રયોગ પણ જોવા મળે છે. ઉપરાંત સરસ-તરલ છંદોલયમાં ઊપડતા ને વહેતા તરાનાઓ પણ (ચતુરંગ પ્રકાર સહિત) યોગ્ય માત્રામાં આપ્યા છે. પ્રત્યેક બંદિશ, આગળના પ્રકાશનની જેમ, માત્રાબદ્ધ-સ્વરલિપિબદ્ધ કરી હોઈ, વિદ્યાર્થીને શીખવામાં પ્રાથમિક મદદ મળી રહે છે. આ ઉપરાંત બંદિશોની પૂર્વે રાગાલાપની ચારિઓ પણ સવિસ્તર બતાવી છે.

બંદિશના સાહિત્યને મોટે ભાગે રાગભાવાનુકૂલ, અને ઊલટપક્ષે સાહિત્યની પ્રકૃતિ પ્રમાણે રાગોની યથોચિત પસંદગી પણ આ પ્રકાશનનું એક દેખાઈ આવતું અને પ્રશસ્ય પાસું છે. સાહિત્યમાં લાલિત્ય, શબ્દૌચિત્ય તેમજ અર્થવિમલતા સ્પષ્ટ રીતે પ્રકટ થતાં હોઈ, તેમજ તાલના છન્દોમાં એકાકાર થતાં હોઈ, બંદિશોમાં એ રીતે ચતુર્મુખ ચાતુરી તેમજ ઔચિત્ય છતાં થાય છે. સામાન્યતઃ હિંદુસ્તાની સંગીતમાં વિલંબિત અને દ્રુત રચનાઓ વચ્ચે વર્ણ્ય વિષયનું ભારે અસામંજસ્ય દેખાય છે. પણ પં૦ ભટ્ટે પ્રથમ ભાગની જેમ બન્ને પ્રકારની રચનાઓ વચ્ચે અસ્ખલિત સંબંધ સ્થાપ્યો છે, જેથી રચનાઓમાં ગેય વસ્તુની સંગતતા અને દોર જળવાઈ રહે છે. પોતાની ભૂમિકામાં તેમણે હિંદુસ્તાની પદ્ધતિનાં રાગરૂપો સાથે કર્ણાટકી તેમજ કાલિંગ સંપ્રદાયનાં રાગરૂપોની પણ યથોચિત અને ઉપયુક્ત તુલના કરી છે. પં૦ બલવંતરાય ભટ્ટનું હિંદુસ્તાની સંગીતના ઉત્તમ વાગ્ગેયકારોમાં સ્થાન આ બન્ને મૂલ્યવાન પ્રકાશનોથી સુનિશ્ચિત બન્યું છે. (આજે પ્રસિદ્ધ ગાયન-કલાધરો શ્રીમતી ભૂપેન્દ્ર સીતલ, રસિકલાલ અંધારિયા અને શ્રીમતી એન. રાજમ સરખાં બેલાવાદકોએ પણ આ ગ્રંથોમાંથી ચીજોનો ઉપયોગ કરવો હવે શરૂ કરી દીધો છે, જેની નોંધ લેવી ઘટે.)

બન્ને પ્રકાશનોનું મૂલ્ય, તેમાં આજનાં આપણાં પ્રથમ કક્ષાનાં સંગીતશાસ્ત્રજ્ઞ, ઉપાધ્યાય પ્રેમલતા શર્માના ઊંડા શાસ્ત્રાવગાહનના આધારે લખાએલ અભ્યાસપૂર્ણ અને મનનીય લેખોના સમાવેશથી વિશેષ વર્ધમાન બને છે. પ્રથમ ભાગમાં 'પ્રબન્ધકા શાસ્ત્રીય અધ્યયન એક સંક્ષિપ્ત દિગ્દર્શન' અને દ્વિતિય ભાગમાં 'સંગીતમેં નિબદ્ધ ઔર અનિબદ્ધ'એ બન્ને લેખો પ્રાચીન ભારતીય સંગીતના અભ્યાસકો માટે તો બહુ મૂલ્યવાન સંપદારૂપ બની રહે છે. પં. બલવંતરાય ભટ્ટ એક અચ્છા ગાયક હોવા ઉપરાંત પ્રથમ કોટિના વાગ્ગેયકારરૂપે પણ હવે પ્રસિદ્ધિમાં આવી રહ્યા હોઈ, ગુજરાતીઓ માટે સંગીતક્ષેત્રે એ વાત ગરિમાનો વિષય સહેજે બની રહે છે.

*ભાવરંગ-લહરી (દ્વિતીય-ભાગ): લેખક-પ્રકાશક પં. બલવંતરાય ગુલાબરાય ભટ્ટ, 'ભાવરંગ', વારાણસી રૂ. ૨૦

## શબ્દકથા : વાઘરી

સંસ્કૃત वागुरा એટલે 'પશુપક્ષીને પકડવાની જાળ કે પાશ'. પ્રાકૃત वागुरा, वाउरा કે वग्गुरा. મરાઠીમાં તે वाघूर કે वाघर રૂપે જળવાયો છે.

સંસ્કૃત वागुरिक એટલે જાળ કે ફાંસા વડે હરણ વગેરે પશુ કે પક્ષીને પકડનાર શિકારી. પ્રાકૃત वाउरिअ કે वग्गुरिअ. તે ઉપરથી એક તરફ પંજાબી बउरीआ અને બંગાળી તથા ઓડીસી वाउरी—'જાળથી પશુ પકડનારી એક નીચલી વરણ', તો બીજી તરફ ગુજરાતી અને મરાઠી वाघरी થયા.

પ્રાકૃત वग्गुरिअ ઉપરથી નિયમ પ્રમાણે તો वागरी થાય. वाघरीમાં કાંઈક અનિયમિતપણે ग् ને બદલે घ् મળે છે. આ र કારની અસર હોવાનું જણાય છે. मगर કેટલીક ગુજરાતી બોલીઓમાં मघर ઉચ્ચારાય છે. शगराम અને शघराम, તથા नागोरी અને नाघोरी એમ બંને શબ્દસ્વરૂપ પ્રયોજાય છે. सिगरेट, सिघरेट પણ જાણીતા છે. ळ કારની અસર નીચે પણ ग् નો घ् થયાનો એક દાખલો છે: સં. सकल, જૂની ગુજરાતી सगलउं, અર્વાચીન ગુજરાતી सघळुं.

सोनी અને सोनुं, माळी અને माला, तेली અને तेल એમ એ કોમના (કે ધંધાના) નામનો ધંધાની વસ્તુ કે સાધન સાથેનો સંબંધ જોઈ શકાય છે. પરંતુ धोबी, कणबी, मोची, घांची, दोशी, मोदी, सई, नाई, જેવામાં નામ હવે પારદર્શક નથી રહ્યું. वाघरीની બાબતમાં પણ તેવું જ બન્યું છે. પણ મરાઠીમાં घायर અને वाघरी બંને મળે છે, તેથી તેમાં वाघरी પારદર્શક અર્થવાળો છે.

હરિવલ્લભ ભાયાણી

# મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



**યશવંત ત્રિવેદી**

જન્મ : ૧૬-૯-૧૯૩૪, મહુવા (સૌરાષ્ટ્ર)માં. કાવ્યસંગ્રહ, કવિતાનો આસ્વાદ, અભ્યાસલેખો, વાર્તા, વાચનશ્રેણી વગેરે વિષયનાં દસ પ્રકટ અને ચાર અપ્રકટ પુસ્તકો-સંપાદનોના કર્તા, અને એ બદલ 'કવિલોક', 'સંત તુકારામ રાષ્ટ્રીય ઍવૉર્ડ', ગુજરાત રાજ્ય, જૈન સોશિયલ ગ્રુપ વગેરેનાં પારિતોષિકો ને 'સવિતા'નો સુવર્ણચંદ્રક પામનાર. મુંબઈની સર એમ. વી. અને ચીનાઈ કૉલેજમાં પ્રાધ્યાપક. ચારેક વર્ષ ભૂમિદાન યજ્ઞ ને સાધનક્ષેત્ર યોજનામાં કાર્ય. હિંદી-અંગ્રેજીમાં એમનાં ઘણાં કાવ્યો અનુવાદિત થયાં છે. મહુવા-ભાવનગરથી મદ્રાસ સુધી અનેક વ્યાખ્યાનો આપ્યાં છે.

૧. કવિ તરીકે પંડિતયુગ, ગાંધીયુગ અને વર્તમાનકાળનાં કાવ્યો અંગે આપના શા પ્રતિભાવ છે?

**ઉ.** અગાઉના બંને યુગો કરતાં આધુનિક કવિતા અલગ પડે છે. એનાં ઊંચાઈ, ઊંડાણ અને વ્યાપ વધ્યાં છે. આ સદીના પશ્ચિમી સાહિત્ય પેઠે એમાં પણ એકલતા, નૈરાશ્ય, વૈફલ્ય, ખાલીપણું, આત્મ અને પરપીડન વગેરે છે; ઓછી વધુ મર્યાદાઓ પણ છે. રૈઢિયાળ કલ્પનો, ઇંદ્રિયવ્યત્યયોનો અતિરેક, આત્મસંજ્ઞાની અસ્તિની પ્રકાશપૂર્ણ ખોજના બદલે અહં-અહમિકાની ક્ષુદ્રતા, બૌદ્ધિકતા અને તાર્કિકતાને પ્રાજ્ઞતા ગણાવવાની રમત, વર્ણસામ્ય, આદર્શો અને પુનરાવર્તનોની સપાટીની રમતો, કલ્પના અને તરંગની સીમા ભૂંસીને ઊભી કરેલી સંકરતા એ બધું આ બે દાયકાની સરજત છે.

૨. ત્રણેમાંથી કયા યુગનો ફાળો મહત્ત્વનો ગણી શકાય?

**ઉ.** ત્રણે યુગના કવિઓનો ફાળો મહત્ત્વનો છે. પ્રકટીકરણની રીત ભલે ભિન્ન હોય, પણ ગુર્જરી કવિતાના આકાશમાં આ ત્રણે ઋતુઓની તેજઆભા મુખર થાય છે.

૩. ગુજરાતી ભાષાના કયા કવિ આપને પ્રમુખ લાગે છે?

**ઉ.** બધા કાવ્યસર્જકો મને પ્રિય છે. આપણે ત્યાં ઘણી સારી કવિતાઓ લખાઈ છે, પણ મને કોઈ 'મેજર' કવિ લાગતા નથી. બ. ક. ઠાકોર, કાન્ત અને નાનાલાલ એ ત્રણે મળીને મારો કવિ રચાય છે. એમના પ્રતિ મને પ્રેમાદર છે.

૪. પ્રાધ્યાપક તરીકે કેળવણીક્ષેત્ર અંગે આપને કંઈ કહેવું છે?

**ઉ.** આપણા દેશમાં અપાતી કેળવણીના માળખાથી તો મારું મન મૂંઝાય છે. શાંતિનિકેતન, ગ્રામદક્ષિણામૂર્તિ કે સણોસરાની લોકભારતી જેવું સ્વતંત્ર વિદ્યા-એકમ રચવાની મને ઝંખના છે. યુગધર્મ અને સત્ત્વનો અનુભવ કરાવીને વિદ્યાર્થીની મૌલિકતા પ્રકટાવી એને ખરા અર્થમાં મુક્ત કરી શકે એવી કેળવણીની જરૂર છે.

૫. આપે વિવેચનો પણ કર્યાં છે, કુશળ વિવેચક આપ કોને કહો?

**ઉ.** સર્જકની અને ભાવકની ચેતનાને સંકોરવાને બદલે કેવળ આડેધડ કુઠારાઘાત કરતા રહે એવાને હું વિવેચક નહિ, પણ કઠિયારા ગણું છું. વૈજ્ઞાનિક શિસ્ત અને કાવ્યમયતાથી કલાકૃતિમાં નિહિત સૌંદર્યને સમગ્ર પ્રજા સમક્ષ પ્રકટ કરી આપે એ જ વિવેચક. ગુજરાતી સર્જકો વિષેનાં અમુક વિવેચનોમાં આવતો નનૈયો—સાત્ત્વિક રોષને બહાને પ્રકટતો લગભગ નકાર મને ગમતો નથી.

૬. કલા-સર્જન અંગેના સૌંદર્યની આપની માન્યતા શી છે?

**ઉ.** કવિ-સર્જક ભાષા દ્વારા જ ભાવકને ભાષામાંથી મુક્ત કરાવી એક અપૂર્વ અનન્ય અનુભૂતિનો પ્રગાઢ અનુભવ કરાવે એ જ સૌંદર્ય.

## નવી નવલકથાઓ

### બહાદુરશાહ પંડિત

**એના :** ઑસ્પિટલમાં એના નામની એક નર્સ પોતાના પ્રભાવ અને દમામથી પ્રમોદને પોતાના તરફ આકર્ષી, એની માતાની માનીતી બની, અંતે કેવી રીતે એની હૃદયરાણી બને છે એ દર્શાવતી શ્રી અરવિંદ નર્મદાશંકર શાસ્ત્રીની ચીલાચાલુ ઢબની નવલકથા (પ્ર૦ એન. એમ. ત્રિપાઠી, મુંબાઈ-૨, પૃ. ૩૯૫, પાકું, રૂ. ૧૯)

**કુરુક્ષેત્રને પંથે :** કૌરવો સાથે દ્યૂત રમતાં પાંડવો હારી ગયા અને બાર વર્ષ વનમાં રહી તેરમા વર્ષે વિરાટનગરમાં અજ્ઞાતવાસમાં રહ્યા ત્યાંથી શરૂ કરી મહાભારતના યુદ્ધ સુધીના પ્રસંગો એ મહાકાવ્યને વફાદાર રહી આલેખતી શ્રી દક્ષિણકુમાર જોશીની નવલકથા (ગૂર્જર, અમદાવાદ-૧, પૃ. ૩૬૮, પાકું પૂઠું, રૂ. ૧૭)

**અલખ નિરંજન :** 'જનની જીવો રાજા ગોપીચંદની' એ જાણીતા લોકગીતના નાયક ગોપીચંદે પોતાની માતા મેનાવતીની ઇચ્છાને વશ થઈ કેવી રીતે સંન્યાસ ધારણ કર્યો એ ઐતિહાસિક પ્રસંગને લોકવાયકાની સહાયથી નિરૂપતી ઘટના પ્રધાન ચીલાચાલુ મધ્યમ કક્ષાની નવલકથા. (લે. વૈદ્ય મોહનલાલ ચુ. ધામી, પ્ર. નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ. પૃ. ૩૦૩, પાકું પૂઠું, રૂ. ૧૪-૫૦)

### અશોક પ્રકાશન · મુંબાઈ-૨

**અવાજનો આકાર :** હત્યા અને ખૂનનાં રોમાંચક વર્ણનો અને જાસૂસીની ચીલાચાલુ પદ્ધતિએ, મોટા ભાગે અંગ્રેજી કથાઓમાંથી આધાર લઈ લખાતી ડિટેક્ટિવ નવલકથાઓમાં શ્રી વર્ષા અડાલજાની આ લઘુનવલ વિષયની નવીનતા, નિર્વહણની સાહજિકતા ને પાત્રાલેખનની જીવંતતાના કારણે જુદી જ ભાત પાડે છે. એક અંધ યુવાન માત્ર પગલાંના અણસાર અને માનવ સ્વભાવના અભ્યાસના સામર્થ્ય દ્વારા પોતાના પિતા નંદબાબુને ખૂની તરીકે પકડી પાડવામાં ઇન્સ્પેક્ટરને કેવી રીતે સહાય કરે છે એનું આ ડિટેક્ટિવ નવલકથામાં સરસ રીતે આલેખન કરવામાં આવ્યું છે. કૃતિ વાચકને સાદ્યંત જકડી રાખી શકે એટલી આહ્લાદક બની છે. એ બદલ લેખિકા ધન્યવાદને પાત્ર છે. (પૃ. ૧૬૨, પાકું પૂઠું, રૂ. ૭-૫૦)

**ચંબલની ચમેલી :** ગામના ઠાકુર અર્જુનસિંહનો હવસ પોષવા રૂપાળી યુવતી ચમેલીને પરણવા માગતા હરભજનનો ભત્રીજો બારેલાલ એ યુવતીને પરણીને ગામના ઠાકુર, ફોજદાર અને કાકાના રોષનો ભોગ બની જેલનિવાસી થતાં ચમેલી નાસી જાય છે એવી

અફવા ફેલાય છે, અને બારેલાલ બહારવટિયો બની જાય છે એની સાથે વેશ્યાની એક પુત્રી શાનો પણ બહારવટામાં જોડાય છે. આમ સંજોગોનો ભોગ બની બહારવટે ચડનાર બારેલાલ આખરે પુનર્લગ્ન કરી ચૂકેલી ચમલીને મળી પાછા ફરતાં પોલીસના હાથે માર્યો જાય છે. શ્રી રસિક મહેતાની આ કથા મધ્ય કક્ષાની વાચનક્ષમ કથા બની છે. (પૃ. ૨૯૬, પાકું, રૂ. ૧૪)

**ફરી મળાય, ન મળાય** : એક જ બિલ્ડિંગની જુદી જુદી ઑફિસોમાં કામ કરતાં સેતુ ને સીમા વચ્ચે મૈત્રી થાય છે, પણ સેતુની સગાઈ થઈ ગઈ છે. એ જાણતાં સીમા એની સાથેનો સંબંધ છોડી દઈ પિતાની પસંદગીના યુવાન રવીન્દ્ર સાથે પરણી જાય છે. બહુ સમય પછી સીમા અને સેતુનું મિલન થાય છે અને સીમા બસની ટિકિટ પર પોતાનો ફોન નંબર આપે છે. દુર્ભાગ્યે સેતુનું ખિસ્સું કપાતાં એના પગાર સાથે એ ટિકિટ પણ ચાલી જાય છે. સેતુ આ આઘાતથી માંદો પડી જાય છે. સેતુનો ફોન નહિ આવતાં સીમા એનું ઘર શોધતી જાય છે અને સેતુ એને જોઈ ઉત્સાહમાં આવી જાય છે. સેતુની પત્ની સીમાનો ફોન લખાવી લે છે.

શ્રી ચંદુલાલ સેલારકાએ આ લાંબી ટૂંકી વાર્તા સફાઈબંધ રીતે લખી છે, પણ સીમા ને સેતુના પ્રણયનું નિરૂપણ પ્રતીતિકર બનતું નથી અને સેતુની પત્ની સરિતા સીમાને જે રીતે સ્વીકારી લે છે, એ સ્ત્રીના સ્વભાવ સાથે સુસંગત બનતું નથી. મધ્યમ કક્ષાની પ્રણયકથા. (પૃ. ૧૧૬, પાકું પૂઠું રૂ. ૫-૫૦)

**જિન્દગીના ધબકારા** : જિંદગીમાં રોજ રોજ બનતા પ્રસંગોમાં પ્રકટ થતા વિવિધ માનવભાવોને સાકાર કરવા માટે લેખક શ્રી ચંદુલાલ સેલારકાએ 'સંદેશ' અને 'ચિત્રલેખા'-માં કટારો રૂપે આપેલા પ્રસંગોનું ગ્રંથસ્થ સ્વરૂપ. પ્રસ્તાવનામાં લેખકે કબૂલ કર્યું છે એમ આમાંની ઘણી ઓછી કથાઓ શુદ્ધ નવલિકા સ્વરૂપ પામી છે. (પૃ. ૧૨૮, પાકું પૂઠું, રૂ. ૬.)

**ત્રીજી વ્યક્તિ**: લગભગ 'જિંદગીના ધબકારા'ને મળતી આવતી ચંદુલાલ સેલારકાની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ (પૃ. ૧૫૨, પાકું. રૂ. ૭.)

**રંગમોલનાં આંસુ** : ભારતના દેહ પરનાં ગૂમડાં સમાં દેશી રાજ્યો પૈકી કેટલાંકના રાજવીઓની વાસનાવૃત્તિનું પાશવી દર્શન કરાવતી કથાઓનો સંગ્રહ. શ્રી રસિક મહેતાએ આ કથાઓ તૈયાર કરવા પાછળ લીધેલો સંશોધન-શ્રમ પ્રશંસનીય છે. (પૃ. ૨૯૫, પાકું, રૂ. ૧૪.)

**તિલક મંજરી**: અવંતીપતિ રાજા ભોજના સખા મહાકવિ ધનપાલે સંસ્કૃતમાં લખેલી 'તિલકમંજરી' નામની ગદ્યકથા પરથી વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામીએ લખેલી આ નવલકથા મધ્યમ કક્ષાની વાચનક્ષમ કથા બની છે. (પ્ર. નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ. પૃ. ૩૧૨, પાકું પૂઠું, રૂ. ૧૫)

**કમનીય કાંગસીવાળી** : મારવાડના કોઈ રાજાની રખાતના પુત્રના ત્રાસથી માભોમનો ત્યાગ કરી સૌરાષ્ટ્રમાં આવી વસેલી, મલડા કે મલ્લ જાતિની કાંગસીઓ વેચતી સ્ત્રીઓને કેન્દ્રમાં રાખી લખાએલી દેવશંકર મહેતાની આ પ્રણય-નવલકથામાં ઇતિહાસ, લોકવાયકા અને ભૂતપ્રેતની માન્યતાઓનું મિશ્રણ થયું છે. નવા વિષય તરીકે કથા વાચકોને આકર્ષી શકે એવી છે. (પ્ર. નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ; પૃ. ૩૬૦, પાકું પૂઠું, રૂ. ૧૭-૬૦)

# નવાં પ્રકાશનો

**ધીરુ પરીખ**

## નવભારત સાહિત્ય મંદિર

રતનપોળ નાકા, ગાંધીરોડ, અમદાવાદ-૧

**બલવંતરાય ઠાકોર**: આપણા જાણીતા સન્નિષ્ઠ વિવેચક ને કવિ મનસુખલાલ ઝવેરીએ લગભગ છેલ્લા ચાર દાયકા દરમિયાન જુદા જુદા સમયે આપણા સમર્થ કવિ બલવંતરાય ઠાકોર પર લખેલા આઠ લેખો આ પુસ્તકમાં સંગૃહીત કરવામાં આવ્યા છે, જેમાં ઠાકોરના કેટલાક સંગ્રહો, કૃતિઓ, તેમની કવિપ્રતિભા અને કાવ્યવિભાવના પર મનસુખભાઈની વિવેચનાશક્તિ સુપેરે કામે લાગેલી જોઈ શકાય છે. ઠાકોરના કવિવ્યક્તિત્વ અને કવિતાવિચારને એમણે એમના કવિકર્મની તપાસ કરતાં કરતાં ઝીણવટથી ચકાસ્યા છે, જેમાં એમનો ઠાકોરનો ઊંડો અભ્યાસ અને સૂક્ષ્મ વિવેચનસૂઝ પ્રતીત થયા વગર રહેતાં નથી. ગુજરાતી કાવ્યસાહિત્યના અને ઠાકોરના ચાહકોને આ વિવેચન-લેખો સંતર્પક જણાયા વગર રહેશે નહિ. (કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૫.)

**ભગવાન અને ઈન્સાન**: જાણીતા નવલકથાકાર રસિક મહેતાએ આ પુસ્તકમાં ઈસુ, મહાવીર જેવા પુરુષોત્તમોથી માંડી મૌલાના આઝાદ, લિંકન અને નેહરુ જેવા મહાનુભાવોના ટૂંકા, વિગતસભર અને રસપૂર્ણ ચરિત્રલેખો આપ્યા છે. લેખકનું વલણ આ ચરિત્રનાયકોનાં પ્રભાવક તત્ત્વોને આપણી યુવાન પેઢી સમક્ષ મૂકવાનું રહ્યું છે. આ પ્રેરણાદાયી ચરિત્રો આપણી ઊગતી પેઢીને ખૂબ જ ઉપયોગી વાચન પૂરું પાડે તેવાં છે. (પાકું પૂઠું, પૃ. ૧૮૮, રૂ. ૯.)

**સમય શાંત છે** : મીનળ દીક્ષિતના આ વાર્તાસંગ્રહમાં કુલ ૨૦ વાર્તાઓ આપવામાં આવી છે, જેમાંની લગભગ બધી જ વાર્તાઓ પાત્રોના વિવિધ મનોવ્યાપારને કુશળતાથી નિરૂપે છે. સ્થૂળ ઘટનાઓ કરતાં પાત્રમાનસમાં ચાલતી ઘટનાઓને અહીં પ્રાધાન્ય આપી વાર્તા નિષ્પન્ન કરવાનો લેખિકાએ સારો પ્રયાસ કર્યો છે. વાર્તાઓની શૈલી રોચક અને સુઘડ છે, જે લેખિકાની કલમની શક્તિનો પુરાવો બની રહે છે. (પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૯-૨૫.)

## નવયુગ પુસ્તક ભંડાર

નવા નાકા રોડ, રાજકોટ—૩૬૦૦૦૧

**હાસ્યરસિક નાટિકાઓ** : જાણીતા નાટ્યલેખક દામુ સાંગાણીના આ સંગ્રહમાં સાત હાસ્યપ્રધાન નાટિકાઓ આપવામાં આવી છે, જેમાં મુખ્યત્વે સામાજિક વસ્તુને આધારે પ્રસંગાયોજન અને સંવાદશ્લેષ તથા ચાટુક્તિઓમાંથી વિનોદ જન્માવવાનો લેખકે સફળ પ્રયાસ કર્યો છે. (પાકું પૂઠું, પૃ. ૨૦૪, રૂ. ૧૦.)

**નટશૂન્ય પ્રહસનો** : માત્ર સ્ત્રીપાત્રોથી જ ઊભી કરવામાં આવેલી આ સંગ્રહની સાત નાટિકાઓ સ્ત્રીસંસ્થાઓને નાટ્યપસંદગી માટે દિલાસારૂપ બની રહે તેવી છે. (લે. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૧૦.)

**નટીશૂન્ય પ્રહસનો** : આ સંગ્રહનાં ૯ એકાંકીઓ સંગ્રહના શીર્ષક પ્રમાણે નટીશૂન્ય હોઈ, હજુ પણ જ્યાં સ્ત્રીપાત્રો મેળવવાની મુશ્કેલી હોય ત્યાં ભજવવાં સુકર થઈ પડશે. લેખક સાંગાણી એક સિદ્ધ નાટ્યકાર છે એટલે લખાવટ કે ભજવણીના પ્રશ્નો ખાસ નડે તેવા નથી. (પાકું પૂઠું, પૃ. ૨૩૬, રૂ. ૧૦)

**નટીશૂન્ય એકાંકી** : નટીશૂન્ય એકાંકીના આ એમના બીજા સંગ્રહમાં વિવિધ રસપ્રધાન સાત એકાંકી આપવામાં આવી છે. (લે. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૨૦૩, રૂ. ૧૦.)

**ઈમારત બાંધકામ-શાસ્ત્ર** : આજે પોતાનું મકાન કરી લેવાની વૃત્તિ વિકસતી છે ત્યારે, મધ્યમવર્ગને ધ્યાનમાં રાખીને, મકાનો કેવાં બાંધી શકાય તેનું શાસ્ત્રીય છતાં સૌને સમજાય તેવું નિરૂપણ આ ગ્રંથના લેખક અને નિવૃત્ત ઈજનેર મૂલચંદભાઈ જે. મહેતાએ કર્યું છે. (પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૧૫)

# —અને છેલ્લે

ઘણા લેખકોને પોતાના લેખનકાર્ય દરમિયાન કાંઈક ને કાંઇક ચાવવું કે પીવું ચાલુ રાખવાની ટેવ હોય છે. જાણીતા નાટ્યકાર ડાહ્યાભાઈ ધોળશાજીને નાટકો અને તેનાં ગાયનો લખતી વેળા મમરાસેવ ચણવાની ટેવ હતી. ચવાણાના બબ્બે દાણા મોંમાં મૂકતા જાય, વિચાર કરતા જાય ને પ્રેરણા આવે તે ય લખતા જાય. આપણા કવિ રાજેન્દ્ર શાહનું પણ આવું જ છે. જાણીતા ફ્રેન્ચ લેખક બાલ્ઝાકને લેખન દરમિયાન કૉફીના ઘૂંટડા ભરતા રહેવાની ટેવ હતી. અંગ્રેજ કવિ શેલી લખતી વેળા સતત બ્રેડના ટુકડા ચાવ્યા કરતો—અને પરિણામે અપચાથી પીડાતો.

# 'કુમાર'નાં ઈ. ૧૯૭૬ના વર્ષનાં પારિતોષિકો

| પારિતોષિક | વિષય | વિજેતા | નિર્ણાયકો |
|---|---|---|---|
| <br>કુમાર ચન્દ્રક | વર્ષભરમાં શ્રેષ્ઠ લેખો આપવા માટેનો "'વિનોદ'ની નજરે"ની લેખમાળા માટે | <br>વિનોદ ભટ્ટને | સર્વશ્રી<br>વિષ્ણુપ્રસાદ ત્રિવેદી<br>અનંતરાય રાવળ<br>યશવન્ત શુક્લ |
| શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તરફથી રૂ. ૫૧ | વર્ષભરના ઉત્તમ કાવ્ય માટે | ભગવતીકુમાર શર્માને 'ચલો વાંસળી' માટે | રાજેન્દ્ર શાહ અને ધીરુભાઈ પરીખ |
| " | વર્ષભરના શ્રેષ્ઠ ગદ્યકૃતિ માટે | મધુસૂદન ઢાંકીને 'કૌંતલીય શોભાંકનો' માટે | 'કુમાર'ના તંત્રી |
| " | વર્ષભરના શ્રેષ્ઠ રંગચિત્ર માટે | નાગજીભાઈ ચૌહાણને 'પ્રતીક્ષા' માટે | " |
| ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી તરફથી રૂ. ૫૧ | વર્ષભરના શ્રેષ્ઠ વિજ્ઞાનલેખ માટે | ડૉ. પરંતપ પાઠકને 'કૃત્રિમ ઉપગ્રહ' લેખમાળા માટે | " |
| ગિરીશકાકા પારિતોષિક તેમના પરિવાર તરફથી રૂ. ૨૫ | જોડણીશુદ્ધ, વ્યાકરણશુદ્ધ શ્રેષ્ઠ લખાણ માટે | પ્રો. વસંત જોશીને | " |
| 'કુમાર' તરફથી રૂ. ૩૦ પારિતોષિક | વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ નવલિકા માટે | અશ્વિન પી. શાહને 'સંધ્યાના રંગ' માટે | અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી |
| એક 'કુમાર'પ્રેમી તરફથી રૂ. ૨૦ | વર્ષભરનાં કાવ્યોમાં બીજા ક્રમના કાવ્ય માટે | 'સલીલ'ને 'મૌન' માટે | રાજેન્દ્ર શાહ અને ધીરુભાઈ પરીખ |
| એક 'કુમાર'પ્રેમી તરફથી રૂ. ૧૦ | વર્ષભરનાં કાવ્યોમાં ત્રીજા ક્રમના કાવ્ય માટે | ઊજમશી પરમારને 'જેગવી દીધાં તન' માટે | " |
| એક 'કુમાર'પ્રેમી તરફથી રૂ. ૨૦ | વર્ષભરની ગઝલોમાં શ્રેષ્ઠ ગઝલ માટે | 'કિસ્મત' કુરેશીને ગઝલ 'કફન કાળાં' માટે | જલન માતરી અને ધીરુભાઈ પરીખ |
| એક 'કુમાર'પ્રેમી તરફથી રૂ. ૧૦ | વર્ષભરની ગઝલોમાં બીજા ક્રમની ગઝલ માટે | મહેન્દ્ર 'સમીર'ને ગઝલ 'હિસાબ' માટે | " |
| એક 'કુમાર'પ્રેમી તરફથી રૂ. ૫ | વર્ષભરની ગઝલોમાં ત્રીજા ક્રમની ગઝલ માટે | મનસુખ વાઘેલાને ગઝલ 'નથી' માટે | " |
| એક 'કુમાર'પ્રેમી તરફથી રૂ. ૨૦ | વર્ષ દરમ્યાનની શ્રેષ્ઠ લઘુકથા માટે | રમેશ ત્રિવેદીને 'સ્ત્રી' માટે | અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી |
| એક 'કુમાર'પ્રેમી તરફથી રૂ. ૧૦ | વર્ષ દરમિયાનની બીજા ક્રમની લઘુકથા માટે | સતીશ વૈષ્ણવને 'પ્રતીક' માટે | " |
| દેવેન્દ્ર દવે તરફથી તેમના પિતા વિજયશંકરની સ્મૃતિમાં રૂ. ૧૫ | વર્ષભરના શ્રેષ્ઠ સૉનેટ માટે | કનૈયાલાલ મ. પંડ્યાને 'પ્લેટોને ઠપકો' માટે | રાજેન્દ્ર શાહ ધીરુભાઈ પરીખ |

શ્રી છોટાલાલ માવજી કોઠારી તરફનું 'પ્રાચીન ઇતિહાસ'ને લગતું રૂ. ૧૦૧નું પારિતોષિક તથા 'એક સજ્જન' તરફથી 'વિકરાળ પ્રાણીનો સામનો' માટેનું રૂ. ૨૫નું પારિતોષિક તે તે વિષયના લેખોને અભાવે મુલતવી રખાયાં છે.

# કલાવાર્તા

## એક મધુર સ્મૃતિ

### બિહારીલાલ બારભૈયા

ઈ. ૧૯૭૪ના ડિસેમ્બરમાં મુંબાઈની 'તાજ આર્ટ ગૅલેરી'માં મારાં બાટિક્સનું પ્રદર્શન હતું. હું ત્યાં વિચારમાં મગ્ન બની બેઠો હતો.

'શા વિચાર કરો છો ?' મારાં પત્નીએ પૂછ્યુ.


'હવે આ બાટિક છોડી કંઈ નવું કામ કરું'

પણ અમારી વાત આગળ ચાલે એ પહેલાં કંઈક વધુકી ભરાવદાર અને પાકટ ભમ્મરોવાળા એક સજ્જન આવી ચડ્યા. સમયની ખેંચ હોય એમ ઉતાવળે મારી કૃતિઓ પર નજર ફેરવી લઈ એમણે મારી પાસે આવીને પૂછ્યુ: 'આના કલાકાર કોણ છે ?'

મેં મારી ઓળખ આપી અને એમણે ઉત્સાહપૂર્વક કહ્યું: 'આપના કામથી હું ઘણો પ્રભાવિત અને પ્રસન્ન થયો છું. આપને હું હોલૅન્ડમાં પ્રદર્શન માટે આમંત્રણ આપું તો ત્યાં આવશો ?' આ તદ્દન અણધાર્યા પ્રસ્તાવથી હું આભો જ બની ગયો ને મેં હા પાડી. પોતાની ઓળખ આપતાં એમણે કહ્યું: 'મારું નામ યુંગેરીઅસ છે. ઈન્ડોનેશિયા, સિંગાપુર, હૉંગકૉંગ ને મલેશિયા થઈને હું અહીં આવ્યો છું. અમારે ત્યાં બાટિક્સની ઉત્તમ કૃતિઓ રજૂ કરવા હું કોઈ અચ્છા કલાકારની શોધમાં જ હતો, ને આપ મળી ગયા. આ મારું કાર્ડ. એકાદ મહિના પછી મને પત્ર લખજો.' મેં કાર્ડ લીધું. વાંચ્યું

## ફોટો-કલાકાર અશ્વિન મહેતા

'અમૂર્ત આકાર અને ભાત' (૧૯૬૬), 'એક દૃષ્ટિ-બીજો અર્થ (૧૯૬૯), 'માનવદેહનું આકારસૌંદર્ય'(૧૯૭૧), 'ફોટો-ગ્રાફિક્સ'(૧૯૭૨), સાગર-સ્વરૂપો-૧ અને-૨ (૧૯૭૩ અને '૭૫) આવા આવા નવતર વિષયની ફોટો-કલાકૃતિઓનાં નિજી પ્રદર્શનો બાદ તાજેતરમાં અશ્વિન મહેતાએ મુંબાઈની 'તાજ આર્ટ ગૅલેરી'માં 'વેરાએલા કાળ-અવશેષો'-Scattered Aeons નામે ખડકોનું સૌંદર્ય પ્રકટ કરતાં ફોટોચિત્રોનું એક પ્રદર્શન તાજેતરમાં યોજ્યું હતું, ખાસ કરીને ઈડર અને ભેડાઘાટના ખડકોનાં આ ફોટો-ચિત્રોમાંની એક કૃતિ આ અંકના પૂઠા પર આપી છે. કુદરતનાં ગોપિત સૌંદર્યને પ્રકટ કરતાં એમનાં બધાં ફોટો-પ્રદર્શનોમાં એમની કલાદૃષ્ટિ અને એમના ફોટોકૌશલનો સુંદર પરિચય મળે છે.



ભારતના સ્વાતંત્ર્યની રજતજયંતીનું નિમિત્ત સાંકળી લઈને કોડાક ગૅલેરીએ ન્યૂ યૉર્કમાં 'ટુ-ડેઝ ઈંડિયા'—આજનું ભારત—એ વિષય પર રંગીન ફોટોચિત્રોનું એક પ્રદર્શન ઈ. ૧૯૭૩માં યોજેલું ત્યારે તેમાં ભારતમાંથી માત્ર જે બે જ ફોટોકલાકારોની કૃતિઓ સ્થાન પામી શકી હતી એમાં એક અશ્વિન મહેતા હતા. પારી(સ)ના બિબ્લીઓથેક નૅશનેલની કૅબિનેટ દ એસ્ટામ્પીઝમાં પણ એમનાં ફોટોચિત્રો સંઘરાયાં છે. આ ઉપરાંત, 'કૅમેરા' (લ્યૂસર્ન), 'કૅમેરાર્ટ' (તોકિયો), 'ફોટોગ્રાફી' (લંડન), 'ઑરીએન્ટેશન્સ' (હૉંગકૉંગ), 'આશાઈ ગ્રાફિક્સ' (તોકિયો), 'કૉડાક ઈન્ટરનેશનલ ફોટોગ્રાફી' (રૉચેસ્ટર—અમેરિકા), 'આર્કિટેક્ચરલ ડાઈજેસ્ટ' (લૉસઍન્જેલિસ), 'પૅસિફિક'(તોકિયો) ને ભારતીય સામયિકોમાં એમની કૃતિઓ પ્રકટ થતી રહી છે. ઑસ્ટ્રેલિયાના 'હેમિસ્ફીઅર' તથા તોકિયોના 'પેન્ટેક્સ ફેમિલી મૅગૅઝિન'માં પણ એમનાં ફોટોચિત્રો પ્રકટ થવામાં છે.

હાલ તેઓ હિમાલયમાં અતિ ઊંચાઈએ આવેલાં સરોવરોની 'હિમસર' નામની એક ફોટોચિત્ર-શ્રેણી પર કામ કરી રહ્યા છે. પોતાનાં કલા અને કૌશલને યોજના અને દૃષ્ટિપૂર્વક વિકસાવીને એમણે સાધેલી આ આગવી અને અભિનંદનીય સિદ્ધિ ફોટોગ્રાફી અપનાવનાર સૌ કોઈને પ્રેરણાદાયક બની રહે એવી છે.





△ પ્રદર્શનના પ્રવેશદ્વારે કલાકાર બિહારીલાલ બારભૈયા એમનાં પત્ની સાથે; અને મૅહુરૉડૅમના પ્રદર્શનખંડમાં એમનાં બાટિક ચિત્રો. △

## કલાત્મક ડાયરી

ચીમનલાલ પેપર કંપની દ્વારા આયોજિત ભારતીય સ્પર્શવાળી કલાત્મક ડાયરીના પ્રકાશનથી 'કુમાર'ના કાયમી વાચકો પરિચિત છે. દર વર્ષે કંઈ નવી જ રજૂઆત સાથે બહાર પડતી આ ડાયરી વિવિધ કારણોસર સર્વલભ્ય નથી બની શકતી, પણ એનાં નવલાં સ્વરૂપોથી 'કુમાર'ના કલાચાહક વાચકો પરિચિત થાય એ ઉદ્દેશથી એની નોંધ અહીં અપાતી રહી છે. આ વર્ષે (૧૯૭૭)ની ડાયરીમાં પૂઠા પર ગણેશના ચિત્રથી શુભ આરંભ કરી એમાં દર મહિને એક લેખે બાર રાશિઓનાં પ્રાચીન પોથીચિત્રોની ઢબનાં સ્વરૂપચિત્રો આપ્યાં છે. પ્રાચીનતાને અનુરૂપ અને શ્વેત ભભકથી આંખને આંજી ન દે તેવા આછા પીળા કાગળ પર સામસામાં પાનાંમાં અઠવાડિયાના સાત દિવસની નોંધ માટેનાં સાત પાનાં અને છેડે જે તે માસની પૂરી તારીખોવાળી એની પૃષ્ઠરચનાની વચ્ચે દર માસે એક એક રાશિનું ઉપર્યુક્ત ચતુરંગી સ્વરૂપચિત્ર આપ્યું છે. (જેમાં જોકે કર્ક, મકર, સિંહ વગેરેનાં ચિત્રો યથાતથ નથી.) આ રાશિચિત્રોમાં મેષથી મીન સુધીનો જે ક્રમ રાખ્યો છે તેના બદલે જે તે માસની રાશિ પ્રમાણેનો ક્રમ રાખ્યો હોત તો? દા. ત. જાન્યુઆરી માસમાં મેષ રાશિના ચિત્રને બદલે આરંભમાં મકર રાશિનું ચિત્ર મૂકી જાન્યુઆરી-ફેબ્રુઆરી વચ્ચે કુંભ, ફેબ્રુ.-માર્ચ વચ્ચે મીન, માર્ચ-એ-



પ્રિલ વચ્ચે મેષ ને એપ્રિલ-મે વચ્ચે વૃષભ એ રીતે, અથવા તો જે તારીખે રાશિ બદલાય તે તારીખવાળા અઠવાડિયાનાં પાનાં વચ્ચે નવી બેસતી રાશિનું ચિત્ર મૂક્યું હોત તો રજૂઆતની શૈલી સાથે એક વધુ ભારતીય ખયાલ પણ ઉમેરાત. આટલા અમારા મંતવ્ય સાથે ફરી એક વાર મેસર્સ ચીમનલાલ પેપર કંપનીને તેમની આ કલાત્મક ડાયરીમાટે અભિનંદન આપીએ છીએ.

---

તો ખબર પડી કે તેઓ હોલૅન્ડમાં મૅડુરોડૅમ નામની એક વિખ્યાત લઘુનગરીના વહીવટકર્તા હતા. દર વર્ષે તેઓ જુદાજુદા દેશમાંથી કલાકારોને પોતાને ત્યાં આમંત્રણ આપતા.

મહિનો થયો. ઉપર બીજા પંદરેક દિવસ પણ વીતી ગયા. અચાનક એ કાર્ડ મારી નજરે ચડયું ને મેં તુરત એમને પત્ર લખ્યો. પંદર દિવસમાં જવાબ પણ આવી ગયો : 'આપને તેમજ આપનાં પત્નીને ૧૯૭૬ના જુલાઇમાં ડેનહૅગ આવવાનું અમારું હાર્દિક આમંત્રણ છે... અહીંની અમારી ગૅલેરી મોટી છે એટલે આપ પ્રદર્શન માટે સાઠ-સિત્તેર ચિત્રો લાવી શકશો.'

પૂરતો સમય હતો. મેં કામ શરૂ કરી દીધું અને દોઢેક વર્ષના એ ગાળામાં ચોપન જેટલાં નવાં ચિત્રો કર્યાં. જવા અંગેના આવશ્યક વિધિ પતાવી અમે પતિપત્ની બંને ઈ. ૧૯૭૬ની ૫મી જુલાઈએ મુંબાઈથી વિમાન માર્ગે ઍમ્સ્ટરડૅમ જવા ઊપડયાં. વચ્ચે દિલ્હી થઈને કાઈરો (ઇજિપ્ત)ના માર્ગે અમારે સફર કરવાની હતી. દિલ્હીમાં એકાદ કલાક રોકાઈ અમારી લાંબી સફર શરૂ થઈ. વિધવિધ ખાનપાનથી થતી સરભરા, વિવિધ સ્થળના સ્થાનિક સમયભેદ તથા હવામાનના ફેરફાર અંગેની માહિતી પામવા સાથે વિમાનમાંથી દેખાતાં અવનવાં દશ્યો ને હવાઈ સફરના અનુભવની વાતો કરતાં અમે કાઈરો પહોંચ્યાં. ત્યાં પણ નવું બળતણ લેવા તથા વિમાનની યાંત્રિક ચકાસણી માટે એકાદ કલાકનું રોકાણ થયું. મુંબાઈથી સાથે આવેલી પરિચારિકાઓએ અહીંથી વિદાય લીધી અને એમના બદલે બીજી બહેનો ફરજ પર આવી.

આ નવી બહેનોમાંની એકને મેં ક્યાંક જોઈ હોવાનો મને ભાસ થયો. ખૂબ પ્રયત્ન કર્યો પણ કંઈ યાદ આવ્યું નહિ. એવામાં એક બીજી બહેને એને નામ લઈને બોલાવી ને મને એમની ઓળખનો કંઈક અણસાર મળી ગયો. ખાતરી કરવા એ જ્યારે મારી પાસે આવી ત્યારે મેં પૂછયું : 'તમને વાંધો ન હોય તો એક અંગત પ્રશ્ન પૂછું ?' હસીને એણે કહ્યું : 'જો આપને વાંધો ન હોય તો હું જ પૂછું. આપ બારભૈયા સાહેબ તો નહિ ?' તુરત મને ખયાલ આવ્યો કે એ મારી એક ભૂતપૂર્વ વિદ્યાર્થિની જ હશે. અને એ ખરું જ હતું. પછી તો એણે પોતાની સાથીદાર બહેનો સાથે મારા અંગે તેઓએ જે અટકળો લડાવેલી એની રમૂજભરી વાત કહી. એમાંની એકે મને નૃત્યકાર ને બીજીએ સંગીતકાર ધારી લીધેલો. ખાતરી કરવા એમણે વિમાનના પ્રવાસીઓની નામાવલિ પણ જોઈ લીધેલી. અંતે પેલી પરિચિત બહેને કહેલું કે હું ચિત્રકાર છું અને પોતે હોમસાયન્સમાં મારી એક વિદ્યાર્થિની હતી. પછી તો વિમાનચાલકે ઍમ્સ્ટરડૅમ નજીક આવી ગયાનું જાહેર કર્યું ત્યાં સુધી અમારી વાતોમાં વીતી ગએલા ત્રણ કલાકનો પણ અમને ખયાલ રહ્યો નહોતો.

પણ હવે કુતૂહલવશ અમે બારી તરફ વળ્યાં. નીચે દૂર દૂર પવનચક્કીના આ દેશની સાગરકંઠાર ને તેમાં રમકડાં જેવડી લાગતી સ્ટીમરો તથા સાગર સામે રક્ષણ પામવા આ દેશે કરેલા ભગીરથ પુરુષાર્થના મૂર્ત રૂપ સમી બંધ બાંધવાની ઈજનેરી કરામતો જોવામાં અમે દંગ થઈ ગયાં.

ઍમ્સ્ટરડૅમ પહોંચ્યાં ત્યારે સાંજના સાડા પાંચ વાગ્યા હતા. આપણે ત્યાં ભારતમાં તો ત્યારે રાતના દસેક થવા આવ્યા હશે. અમને લેવા બે ભાઇઓ વિમાનમથકે આવેલા એટલે કંઈ તકલીફ પડી નહિ. તેઓ અમને ડેનહૅગમાં અમારા ઉતારે પહોંચાડી ગયા. અહીં તો હજી દિવસ હતો એટલે જરા સ્વસ્થ થઇને અમે બંને ગામમાં લટાર મારવા નીકળી પડયાં.

ઘણું સુંદર-સુઘડ એ ગામ હતું. બીજા વિશ્વયુદ્ધ પછી અહીં બધાં ઘર એકસરખી ઊંચાઈનાં જ રાખવાનો નિયમ કરેલો છે. સ્વચ્છતા પણ એવી કે આજુબાજુના કોઈ ઘરની બારીના કાચ પર અમે જરા શો ડાઘ પણ ન જોયો. એ કાચ પાછળ સુંદર પર્દા પણ ખરા, પરંતુ આડશ માટે નહિ, માત્ર શોભા માટે જ એ હતા. વળી, એ બારીઓમાં અને આંગણમાં જતનથી ઉગાડેલા ફૂલછોડોથી તો એ ઘરો ઓર દીપી ઊઠતાં હતાં. માર્ગમાં ચોક વચ્ચે યે રંગબેરંગી ગુલાબની ક્યારીઓ જોઈ. એનાથી મઘમઘતા વાતાવરણમાં એક બાંકડા પર અમે આસપાસની લીલા નિહાળતાં બેઠાં. બાજુમાં જ એક બસ-સ્ટૅન્ડ હતું. સાંજનો સમય હોઈ લોકોની આવજા પણ વિશેષ હતી, પણ ધક્કામુક્કીને બદલે શાંતિથી એમને ચડતાઊતરતા જોઈને તથા આવતીજતી અનેક જાતની મોટરો જોઇને અમને આપણે ત્યાંની સ્થિતિ યાદ આવી ગઈ. બસ માટેની આપણે ત્યાંની અધીરાઈ અને લગભગ એક જ સરખી મોટરો જોવાથી ટેવાએલી અમારી આંખને આ એક નવો અનુભવ હતો. સાંજ ઢળતાં ઠંડી વધવા લાગી એટલે અમે વધુ ન રોકાતાં ઉતારે પાછાં ફર્યાં.

બીજે દિવસે સવારે પેલા ભાઇઓ અમને

[અનુસંધાન પૃ. ૪૭]

# શિવતરંગ*


અમદાવાદના દૈનિક પત્ર 'જનસત્તા'ની રવિવારની પૂર્તિમાં 'શિવતરંગ' નામે ચાર કાર્ટૂનોની શ્રેણી જેઓ જોતા હશે તેમને એના આલેખક 'શિવ'ની કલમ અને કટાક્ષનો પરિચય હશે જ. ચિત્રકાર—તથા હવે કવિ તરીકે પણ તેઓ ખ્યાત છે. 'શિવતરંગ' નામે હમણાં એમનાં ૧૫૪ વ્યંગચિત્રોનો એક સુંદર સંગ્રહ પ્રકટ કર્યો છે. વિષયાનુરૂપ સૂચનથી વિશેષ કંઈ પણ આડંબર વિનાનાં સહજ, સરળ ને સચોટ એમનાં આ વૈવિધ્યપ્રચુર વ્યંગચિત્રો માત્ર ખપપૂરતા જ લખાણ સાથે આપોઆપ જ જોનારના મગજમાં ઊતરી જઈ એક અનોખી રમૂજ પ્રેરે છે. તોફાની બારકસોના તુક્કા, પત્નીની શિરજોરી ને છબરડા, વર્તમાન સ્થિતિ પર કટાક્ષ કે સામાન્ય જનની કરુણતાને એમણે હળવી રમૂજી રીતે વ્યક્ત કરી છે. એમાંની વાનગી રૂપ આ સાથેની કેટલીક કૃતિઓ એની સાક્ષી પૂરશે.

















*શિવતરંગ, ત્રિરંગી કાચું પૂઠું, પૃ. ૧૬૪, ૧૫૪ વ્યંગચિત્રો. પ્રકાશક: સાધના પ્રકાશન, ૩૦ સ્પેક્ટ્રમ કૉમર્શિયલ સેન્ટર નં. ૧ જનરલ પોસ્ટ ઑફિસ પાસે, અમદાવાદ-૧. કિં. ૭ રૂપિયા.

# પચ્ચીસ વર્ષ પહેલાં




ફેબ્રુઆરી ૧૯૫૨·સળંગઅંક૩૩૮

**ત્યા**રે ચાલતી, ડૉ. શિવપ્રસાદની 'કાયાની કરામત' નામની લેખમાળામાં આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના ફેબ્રુઆરી ૧૯૫૨ના અંકમાં આપણા શરીરના એક અદ્ભુત અંગ 'ચામડી' અને તેના ઉપરના વાળ, મસા, તલ, લાખાં, ખીલ, ખરજવાં, મુદ્રાછાપ, નખ વગેરેની અજબ વાતો વર્ણવતો લેખ હતો. તેમાંથી વાળ ઉપરની રસપ્રદ માહિતી ઉતારીએ :


આખી પ્રાણીસૃષ્ટિમાં આંચળવાળાં પ્રાણીઓની વિશિષ્ટતા શરીર ઉપર વાળ હોવાની છે. આ વાળ ચામડીના ઉપલા પડનાં દ્રવ્યોના બનેલા છે. સામાન્ય રીતે વાળનો હેતુ શરીરની ગરમી જાળવી રાખવાનો છે. જોકે માણસજાત માટે તેનો ઉપયોગ આજે તો રહ્યો નથી. પણ એ ઉત્ક્રાન્તિ દરમિયાનનું પ્રાણીસૃષ્ટિ સાથેનું આપણું સામ્ય દર્શાવતા અવશેષો તો નહિ હોય ને? વિજ્ઞાનીઓ કહે છે કે પ્રાગૈતિહાસિક કાળમાં માનવી જ્યારે જંગલી દશામાં હતો ત્યારે તેના શરીર ઉપર પુષ્કળ વાળ હતા: શરીર ગરમ રાખવા અને ઈજાઓથી રક્ષણ પામવા, પછી જેમજેમ તે વસ્ત્રો પહેરેતો થયો તેમતેમ વાળ ઓછા અને આછા થતા ગયા છે.


અને સભ્યતા ખાતર આપણે યે કેટલાક ભાગોના વાળ કાઢી પણ નાખીએ છીએ. પરંતુ તે ઉપયોગ વગરના છે એવું પણ નથી. લાંબા, કાળા અને ખૂબ ભરાઉ વાળ સ્ત્રીઓના સૌંદર્યનો શણગાર છે. ભમર અને પાંપણોના વાળ તો આંખ અને મોંને અદકું રૂપ અર્પે છે, શરીરનાં પોલાણો (મોં, નાક, કાન. આંખ વગેરે) આગળના વાળ જંતુઓ અને ધૂળ-રજને પ્રવેશબંધી કરનારી કુદરતી રક્ષણ હરોળો છે. બગલ અને ભગાસ્થિ ઉપરના વાળ પરસેવો સંઘરી રાખે છે, જેની ગંધ પ્રાણીઓમાં કામોત્તેજક અને જાતિગત આકર્ષણરૂપ નીવડે છે.

વાળે બાહ્ય ત્વચામાંથી છેક આંતર ત્વચામાં ઊંડે જઈને મૂળ નાખેલું હોય છે, અને ત્યાંથી બીઆમાંથી ફણગો ફૂટે તેમ ફૂટીને, ચામડીના થરો ભેદીને તે બહાર આવ્યો હોય છે. વાળનું એ મૂળ લસી નલિકાઓની મધ્યમાં ગોઠવાયેલું હોય છે ને તેની આસપાસ લોહીની નળીઓ તથા જ્ઞાનતંતુઓ હોય છે. વળી તેમાં મેદસ્વી ગ્રંથિઓની નલિકાઓ પણ ખૂલે છે. આ બધાંમાંથી પોષણ મેળવીને વાળ વધે છે તેમજ સુંવાળા અને ચમકદાર રહે છે. ચામડીની ઉપર નીકળી આવેલા વાળમાં નથી હોતી લોહીની નળીઓ કે જ્ઞાનતંતુઓ. આથી તે કાપતાં નખની પેઠે નથી ઊપજતી વેદના કે નથી વહેતું લોહી.

વાળના મૂળ પાસે બે નાની માંસપેશીઓ હોય છે. ઠંડી, ભય, ઉદ્વેગ અને ત્રાસ વખતે તે સંકોચાય છે. આથી વાળ ખડા થઈ જાય છે. જોકે આવું આપણામાં માણસમાં તો ખાસ બનતું દેખાતું નથી, પણ એવે વખતે આપણી ચામડી ઉપર ફણસીઓ ઊપસી આવી હોય તેવો દેખાવ થઈ આવે છે. વાળ ખડા થવાથી શરીરની ગરમી જળવાય છે. શિયાળાની કે ચોમાસાની ઠંડીમાં ફુલાવેલાં પીછાંમાં ડોકું પેસાડી બેસી રહેલાં પક્ષીઓ, કે વાળ ઊભા થઈ ગએલાં કૂતરાં બિલાડાં આપણે ક્યાં નથી જોતા હોતા? ભયગ્રસ્ત બિલાડીમાં પણ વાળ ઊભા થએલા જોવા મળે છે. આ વખતે તે ભયંકર પણ લાગે છે, એટલે તે તેના શત્રુથી રક્ષણનું સાધન પણ છે.

વાળનાં મૂળ ચામડીમાં સ્ક્રૂની જેમ જડાએલાં હોય છે. આથી તે જોસથી ખેંચાવા છતાં તરત ઊખડી નથી આવતા; અને ઊખડે છે તો પણ તેના બીજાંકુરો તો નથી જ ઊખડતા. આથી તેમાંથી નવો વાળ ઊગવાની શક્યતા કાયમ રહે છે. વાળમાં જસતના તાર જેટલી તણાવાની પણ શક્તિ છે. વળી સામાન્ય વાળ દોઢથી અઢી ઔંસ ભાર ખમી શકે છે, જ્યારે મજ-



△ વાળના છેદનું વિરાટ દર્શન: વાળના કાપેલા છેડાને સૂક્ષ્મદર્શક યંત્રમાં ૩૦૦ ગણો મોટો કરીને જોતાં તેમાં આવાં ચાર પડ અને તે દરેકમાં આવી સૂક્ષ્મ સુંદર આકર્ષક ભાત જોવા મળે.

◁ ચામડીમાંથી નીકળતા વાળના મૂળથી માંડીને ટોચ સુધીના અંગઉપાંગ દર્શાવતા આ ચિત્રમાં વાળને મુલાયમ રાખતી મેદસ્વી ગ્રંથિને તથા (મથાળે) વાળને પોતાને વર્તુલમાં મોટાં કરીને બતાવ્યાં છે.

બૂત માથાના બધા વાળ તો ૬૦૦૦થી ૫૪૦૦ રતલ જેટલું વજન! સરકસમાં ચીના નટ ચોટલી વડે આખા શરીરનું વજન ઉપાડતા કે ભરેલી મોટર ખેંચતા નથી દેખાતા?

ગર્ભાવસ્થાના પાંચમા માસે બાળકના શરીર પર વાળ ઊગવા શરૂ થાય છે, તે છેક તેના જીવન પર્યંત કાયમ રહે છે. આપણા આખા શરીર પર નાના-મોટા વાળ હોય છે, ફક્ત ત્રણ ભાગ સિવાય: હથેલી, પગનાં તળિયાં ને આંગળીઓનો નખવાળો સાંધો. ગોરા માણસોને માથાના વાળ સુંવાળા ને વધારે હોય છે જ્યારે કાળા માણસોને જાડા. ને આછા રાતા વાળ પણ જાડા હોઈ સંખ્યામાં ઓછા હોય છે.

શરીરના કેટલાક ભાગોના વાળ લાંબા વધે છે, જ્યારે ક્યાંક નથી વધતા. સ્ત્રીઓના શરીર પર તે આછા હોય છે જ્યારે પુરુષોના દેહ પર વધારે. વળી પુરુષોને દાઢી મૂછ ને છાતી ઉપર વાળ હોય છે. તે પૌરુષની નિશાની છે. અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવ અનુસાર તે ઊગતી જુવાની વખતે ફૂટે છે (સ્ત્રીઓમાં આ વખતે માથાના વાળ વધે છે.) તથા તેનો ભરાવો કદ અને દેખાવ પણ તેના પર અવલંબે છે.

વળી, શરીર પર પથરાએલા વાળ એક જ દિશામાં નથી હોતા. હાથ પગ ઉપરના વાળ જુઓ: જુદીજુદી દિશામાં હશે. આપણે ટૂંટિયું વાળી બેસીએ તો શરીર પર પડતું વર્ષાદનું પાણી તે ઉપરથી નીતરી જાય એવી રચનામાં શરીર ઉપરના વાળ ઊગેલા છે. વળી એ પણ જાણવા જેવું છે કે આપણા બધા વાળ એકસરખા આકારના પણ નથી. માથાના વાળ ગોળ છે જ્યારે દાઢી-મૂછના ત્રિકોણાકાર!

વાળનો છેદ સૂક્ષ્મદર્શક યંત્ર નીચે જોઈએ તો તેમાં ત્રણ પડ, અને એ દરેક પડમાં સુંદર અને આકર્ષક ભાત જોવા મળે છે. ચામડીના જેવા રંગ-કણો વાળમાં પણ છૂટાછવાયા વેરાયેલા છે. આને લીધે તપખીરિયા, રાતા, કાળા, એવા જુદાજુદા તેના રંગ હોય છે. વાળના પોલાણમાં વાયુના પરપોટા જામી આ રંગકણો કમી થાય છે ત્યારે વાળનો રંગ બદલાઈ ધોળો થાય છે. આવું સામાન્ય રીતે ઘડપણમાં થાય છે; પણ કોઈને જુવાનીમાં જ આમ રંગ બદલાવા માંડતાં આપણું ધ્યાન ખેંચાય છે. આના કારણરૂપ કામનો સતત બોજો, ઓચિંતો કે લાંબા વખતનો તીવ્ર ઉદ્વેગ, લાગણીઓનો સતત ઉશ્કેરાટ, ન્યૂરેલ્જિયા (જ્ઞાનતંતુનો વ્યાધિ) અનારોગ્ય વગેરે મનાય છે.

વિજ્ઞાનીઓની એવી ગણતરી છે કે વાળ મહિનામાં અરધો ઈંચ વધે છે: રાત કરતાં દિવસે અને શિયાળા કરતાં ઉનાળામાં વધારે ઝડપથી, લંબાઈમા તે ત્રીસ ઈંચથી માંડી ત્રણ કે ચાર ફૂટ જેટલા લાંબા થાય છે. વાળના આયુની અવધો છે. પાંપણોના વાળ છ માસ ટકે છે, માથાના વાળ ત્રણથી પાંચ વર્ષ, અને સ્ત્રીઓના સાત વર્ષ સુધી. નિતંબ સુધી લાંબા પથરાતા કિશોરીઓના કેશકલાપમાં તો જન્મના પહેલા વર્ષે ઊગેલા વાળ હોવાનો પણ સંભવ છે.

### તાલ

પણ બહુ ખરતા વાળ અને તાલ ચિંતાનું કારણ થઈ પડે છે. ચીનાઓ અને આઇરિશ લોકોને તાલ જ નથી પડતી! સ્ત્રીઓમાં પણ તે જવલ્લે જ હોય છે. પોષણનો અભાવ કે અછત, તાવવાળી લાંબી માંદગી, અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવોમાં ફેરફાર(જેના કારણે સ્ત્રીમાં સુવાવડ પછી વાળ ખરે છે), અનુવંશ સંસ્કાર, વારંવાર વાળ કપાવવાથી માંસપેશીઓની વાળની પકડ ઢીલી પડવી વગેરે વગેરે તાલ પડવાનાં કારણો હોય છે. પુરુષોમાં ટેસ્ટાટેરોન નામના અંતઃસ્રાવી ગ્રંથિરસની અસર નીચે માથાની ચામડી નીચેની ચરબી ઓછી થાય છે. વળી ચિંતા ને વિવિધ મનોવ્યથાથી થતી મોંની માંસપેશીઓની હીલચાલથી તાળવાની લોહીની નળીઓ સંકોચાય છે, એને પરિણામે પણ તાળવાના વાળને અપૂરતું પોષણ મળવાથી વાળ ખરી પડી ધીમેધીમે તાલ પડે છે.

દંત-વિજ્ઞાનીઓ કહે છે કે દાંતના સડાને લીધે થતી જ્ઞાનતંતુઓ ઉપરની અસરને પરિણામે પણ લમણાના વાળ ધોળા થવા માંડે છે. વળી દાંતનાં દરદોને લીધે વાળ ખરવા પણ માંડે છે. શરૂમાં તાલનો વિસ્તાર થોડો પણ સંખ્યા એકથી વધારે હોય છે, જે આગળ ઉપર એકઠી થઈ જઇને મોટી તાલમાં પરિણમે છે.

વિટામિન 'એ', 'બી' જૂથનાં તથા 'સી' વિટામિનો, લોહ, તાંબું, આયોડિન અને એમાઈનો ઍસિડો વાળ ઉગાડનારાં ને તેના રંગનું નિયમન કરનારાં દ્રવ્યો છે. આ દ્રવ્યોવાળો (લાલતલનું તેલ, ગોળ, આમળાં, બ્રુઅર્સ યીસ્ટ, કોપરું વગેરે) સપ્રમાણ ખોરાક લેવાથી ધોળા થતા અને ખરતા વાળ અટકે છે. વળી વાળમાંનો ખોડો પણ (ખોડાની પતરી એ ચામડીના ખરી પડેલા કોષો છે) વારંવાર ધોઈઓળી સાફ રાખવો જોઈએ. દિવસમાં એક વાર વાળ આંગળીઓ વતી ખેંચવા-તાણવા જોઈએ. આથી ત્યાં લોહીનો પ્રવાહ વધી વાળનાં મૂળોને પોષણ મળે છે, ને પોષણ મળતાં વાળ ખરતા અટકે છે. □

## ઋષિમંડળ-૨


### અંગિરસ

સ્વાયંભુવ મનવંતરમાં પ્રજા ઉત્પન્ન કરવા માટે બ્રહ્મદેવે પ્રકટ કરેલા દસ માનસપુત્રોમાંના એક અંગિરસ હતા. કંદર્પ પ્રજાપતિની પુત્રી 'શ્રદ્ધા'થી એમને બૃહસ્પતિ, ઉતથ્ય, સંવર્ત એ ત્રણ પુત્રો તથા સિનીવાલી, કુરુ, રાકા ને અનુમતિ એ ચાર પુત્રીઓ હતી. સતીના આત્મવિલોપનથી ક્રુદ્ધ મહાદેવના શાપથી અન્ય માનસપુત્રો સાથે અંગિરસનું પણ મૃત્યુ થએલું.

આ પછી ચાલુ મનવંતરમાં ફરી બ્રહ્મદેવે જે માનસપુત્રો ઉત્પન્ન કર્યા તેમાં અંગિરસ હોવાનું પુરાણમાં કહ્યું છે. એમની ઉત્પત્તિ વિષે વિવિધ વાત મળે છે. ઉરુ અને આગ્નેયીના એ પુત્ર હતા એવો ઉલ્લેખ પણ છે. દક્ષની અપાર્થિવ દેહ અને ભાવાત્મક નામવાળી ચાર પુત્રીઓ 'શિવા', 'સ્મૃતિ', 'શ્રદ્ધા' અને 'સ્વધા'ના એ પતિ હતા અને એમનાથી એમને 'ઋચસ્' નામે પુત્રી તથા 'મનસ્' નામે પુત્ર થયાં હતાં. મહાભારતમાં એને અગ્નિના પુત્ર કહ્યા છે. અગ્નિ જ્યારે તપ કરવા લાગ્યા ત્યારે અંગિરસે એનો અધિકાર સંભાળેલો. મત્સ્યપુરાણમાં અંગિરસને વરુણના યજ્ઞમાંથી ઉત્પન્ન થએલા ત્રણ ઋષિઓમાંના એક ને અગ્નિથી સ્વીકૃતિ પામેલા ગણ્યા છે. અગ્નિના પિતા તરીકે પણ એમની ઓળખ મળે છે. ભાગવત પુરાણ પ્રમાણે 'રથીતર' નામની એક નિ:સંતાન ક્ષત્રિય સ્ત્રીથી એમણે બ્રાહ્મણ જેવા ગૌરવયુક્ત પુત્રો ઉત્પન્ન કર્યા, જે એમના વંશજો તરીકે આંગિરસ કહેવાયા. એ આંગિરસ ઋષિઓમાં 'ઉતથ્ય', 'બૃહસ્પતિ', 'માર્કંડેય', 'દીર્ઘતમસ્' અને 'ઘોર'નાં નામ પ્રસિદ્ધ છે. આંગિરસ વંશજોની કેવલાંગિરસ, ગૌતમાંગિરસ અને ભારદ્વાજાંગિરસ એવી ત્રણ મુખ્ય શાખાઓ ગણાય છે.

અંગિરસ નામ ઈરાની કે દ્રાવિડી હોવાનો પણ એક મત છે, તો કેટલાક 'અગ્નિ' ધાતુમાંથી અંગિરસ નામ ઊતર્યું હોવાનું માને છે. વૈશ્વિક ઘટના અને વિધિ તથા બલિદાનના સંદર્ભમાં પણ અંગિરસના ઉલ્લેખો છે. વિદેહ ને વૈશાલિના વંશાનુગત પુરોહિત તરીકે પણ એમનું નામ મળે છે. દેવોના પુરોહિત ને યજ્ઞના અધિષ્ઠાતા તરીકે પણ એ ઓળખાય છે. જન્મેજયના સર્પયજ્ઞમાં બ્રહ્મા નામના ઋત્વિજ બ્રહ્મર્ષિ તે અંગિરસ જ હોવાનું પણ જણાય છે.

ઋગ્વેદનાં અનેક સૂક્તોના એ રચનાર મનાય છે. આ ઉપરાંત, જ્યોતિષ(ખગોળ)વિષયક એક પુસ્તક પણ એમણે રચ્યાનું મનાય છે. અથર્વવેદના કર્તા તરીકે તેઓ 'અથર્વા' નામે ઓળખાય છે. એમનું એક નામ 'અંગિરા' પણ છે.



હવે ફાટ્યું કાળું નભનું, તડકાના કુંકુમભર્યા
સુંવાળા ને ધોળા અહીંતહીં રૂના પોલ ઊડતા.
નવેલા રોમાંચે દ્રુમરુધિર કોશો ઊઘડતા;
ઊંચે પર્ણે પર્ણે જયધ્વજ ધરાના ફરફર્યા.

—જયન્ત પાઠક

## ગુજરાતના નવા મુખ્ય મંત્રી: માધવસિંહ સોલંકી

ગુજરાતના રાજકીય ક્ષેત્રના ઉચ્ચોચ્ચ-મુખ્ય મંત્રીના પદે, ને પ્રમાણમાં નાની વયે પહોંચનાર માધવસિંહ સોલંકીનું જીવન એ ગુજરાતના એક મધ્યમ સ્થિતિના ગ્રામકુમારના પુરુષાર્થ ને પ્રતિભાના સંયુક્ત પ્રયત્નની કથા છે. ગુજરાતના સક્રિય રાજકારણમાં એ પ્રવેશ્યા તે પહેલાંથી એઓ પોતાના વિવિધ વિષયક રસ, લેખન અને સૌજન્યશીલ સ્વભાવથી બહોળા વર્તુલમાં ખ્યાત રહ્યા છે. અલ્પસાધન પરિવારમાં જન્મી-ઊછરીને એમણે આપબળે ઘડેલા પોતાના વ્યક્તિત્વની સૌરભથી વ્યાપક ચાહના પ્રાપ્ત કરેલી છે. અછતભરી મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ધ્યેયચ્યુત થયા વિના ને પ્રાપ્ય સંજોગો વચ્ચે નિષ્ઠાપૂર્વક પોતાની શક્તિઓને કામે લગાડતા રહીને એમણે ઘડેલી ઉજ્જ્વળ કારકિર્દી કોઈ પણ યુવાનને માટે પ્રેરણાદાયક બની રહે એવી છે.

ખેડા જિલ્લાના એક સાધારણ કુટુંબમાં ઈ. ૧૯૨૭ની ૨૯મી જુલાઈએ એમનો જન્મ થએલો. તદ્દન સામાન્ય એવી પારિવારિક સ્થિતિ વચ્ચે પ્રતિકૂળ સંજોગો સામે લડતા રહી અભ્યાસ પ્રત્યેનો ઉત્સાહ ટકાવી રાખીને એમણે અર્થશાસ્ત્ર ને રાજકારણના વિષયો સાથે સ્નાતક થઈ કાયદાનો અભ્યાસ કર્યો. વકાલત અને રાજકારણમાં પ્રવેશતાં પહેલાં એમણે કેટલોક સમય અમદાવાદના ગુજરાતી દૈનિક 'ગુજરાત સમાચાર'માં પત્રકારત્વનું કામ કર્યું. છએક વર્ષ લૉ કૉલેજમાં બંધારણીય કાયદાનું શિક્ષણ આપ્યું અને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં પ્રકાશન અધિકારી તરીકે પણ તેઓ રહી ચૂક્યા હતા.

મુંબાઈ રાજ્યની વિધાનસભામાં ચૂંટાઈ આવીને ઈ. ૧૯૫૭માં એમણે સક્રિય રાજકારણ ને સરકારી તંત્રમાં પ્રવેશ કર્યો. એ પછી સતત પાંચ વખત તેઓ ચૂંટાતા આવ્યા છે. ઈ. ૧૯૬૨થી નાયબ પ્રધાનપદે આવી એમણે ગૃહ, મહેસૂલ, કાયદો અને ન્યાય, આયોજન, વનવિભાગ જેવાં સરકારી દફતરો સંભાળ્યાં હતાં. ઈ. ૧૯૭૫માં ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ



તરીકેની નિયુક્તિ પામીને એમણે એ સમયની રસાકસીભરી ચૂંટણી-ઝુંબેશમાં પોતાના પક્ષને સફળ દોરવણી આપી હતી. 'નવનિર્માણ'ના અશાંત વાતાવરણમાં લડાએલી એ ચૂંટણીમાં રાજ્યવ્યાપી ચૂંટણીઝુંબેશની એ આકરી જવાબદારી વચ્ચે એમને પોતાના મતવિસ્તારમાં ઘૂમવાનો પૂરતો અવકાશ મળ્યો નહોતો, છતાં તેઓ સારા મતે ચૂંટાઈ આવ્યા એમાં, ને એમના પક્ષે પણ જે બેઠકો મેળવી તેમાં એમની કાર્યશક્તિ ને લોકપ્રિયતાનાં દ્યોતક દર્શન પ્રકટ થાય છે. લગભગ બે દાયકાનો વિધાનસભાનો અનુભવ, વિવિધ વિષયના જ્ઞાન સાથેની બુદ્ધિશક્તિ અને ભદ્ર સમાજ તેમજ આમપ્રજામાં પ્રભાવક એમના સૌજન્યશીલ સ્વભાવ અને હમદર્દીભરી કાર્યદક્ષતા એ પણ એમની સફળતાનું એક રહસ્ય માની શકાય.

ખેડા જિલ્લાની સહકારી પ્રવૃત્તિ અને ગ્રામવિકાસનાં કાર્યોમાં એમણે લીધેલા સક્રિય રસને કારણે રાજ્યમાં સહકારી ખેતીનો અમલ તપાસવા નિમાએલી સમિતિ, શહેર અને ગ્રામ-આયોજન-ધારા અંગેની સમિતિ તથા જમીનમહેસૂલધારાની સુધારણા માટેની સમિતિના અધ્યક્ષ તરીકેનું એમનું કાર્ય પણ સુવિદિત છે. ગુજરાતની કોતર જમીનની સુધારણા તથા રાજ્યના મત્સ્યોદ્યોગ બોર્ડના સભ્ય અને સંયુક્ત રાષ્ટ્રસંઘની ખોરાક ને કૃષિવિષયક સંસ્થાની ભારતીય શાખાના સભ્ય તરીકે પણ એમણે કામ કર્યું છે. એક અચ્છા પાર્લામેન્ટેરિયન ને શક્તિશાળી વહીવટકર્તા તરીકે એમનું પ્રદાન ગણનાપાત્ર રહ્યું છે. વળી, શિક્ષણક્ષેત્રમા પણ એમને રસ રહ્યો છે. અગાઉ એમણે એક હબસી શિક્ષણશાસ્ત્રીના જીવનવિષયક એક પ્રેરક અંગ્રેજી પુસ્તકનો અનુવાદ કરેલો તેમજ એવરેસ્ટ–આરોહણ અંગે એક પુસ્તક પણ લખેલું. સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટના સભ્ય તરીકે પણ તેઓ છેલ્લાં કેટલાંક વર્ષોથી કાર્ય કરી રહેલા છે. ગુજરાતીઓને પક્ષી–પ્રાણી જગતમાં રસ લેતા કરનાર અને અમુક વર્ગ પૂરતી મર્યાદિત ખ્યાતિ છતાં ગુજરાતમાં પ્રાકૃતિક વિજ્ઞાનના ક્ષેત્રમાં અદ્વિતીય કાર્ય કરનાર 'ગુજરાત પ્રકૃતિ મંડળ'ના તેઓ છેલ્લાં બાર વર્ષથી ઉપ-પ્રમુખ છે. આ વિષયમાં પણ એમણે કેટલાક અભ્યાસભર્યા લેખો લખેલા છે. ઈ. ૧૯૭૩માં લંડનમાં યોજાએલી કૉમનવેલ્થ પાર્લમેન્ટરી કૉન્ફરન્સમાં એમણે ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો ને પશ્ચિમની સંસદીય સંસ્થાઓના અભ્યાસ અર્થે યુરોપનો પ્રવાસ પણ કર્યો હતો.

રાજ્યની ધુરા હવે આવા એક ઉત્સાહી અને વિવિધ વિષયોમાં રસ તથા પ્રવેશ ધરાવતા યુવાન મંત્રીના હાથમાં આવી છે ત્યારે એમની સૂઝ અને શક્તિનો ગુજરાતને પૂરતો લાભ મળી શકશે એવી અપેક્ષા સ્વાભાવિક છે.

## બકરાં

બકરાંની ઓળખ આપવી આમ તો જરૂરી નથી. કદ, શરીર પરના વાળની લંબાઈ વગેરેના તફાવત સાથે બકરાંની પાલતુ અને જંગલી એવી અનેક જાત છે. બહુ પ્રાચીન કાળથી આ ગરીબ, નાનું, દૂધાળું ચોપગું પ્રાણી પરિચિત છે. બકરાંની ચરબીથી દેવતાઓને આહુતિ આપવાનાં અનેક વિધાનો પ્રાચીન સાહિત્યમાં છે. વૈદિકથી સ્મૃતિકાળ સુધી ભારતમાં માનવંતા મહેમાનનું બકરાંના તાજા માંસના ભોજનથી આતિથ્ય-સત્કાર થતો હતો. બકરાંનાં માંસ, દૂધ અને સહવાસને ક્ષય રોગનાં નાશક માનેલાં છે. બકરીનું દૂધ સુપાચ્ય તથા અનેક રીતે લાભકરક છે પણ એની ગંધ તથા સ્વાદને કારણે લોકો એ પીતાં ખચકાય છે.

વેદોમાં આજ્ય શબ્દ ઘીના અર્થમાં વાપરેલો છે એ પરથી માની શકાય કે બકરીના દૂધમાંથી પણ ઘી બનાવાતું હશે. અમુક જાતની બકરી એકથી પાંચ શેર જેટલું–અર્ધાથી અઢી લીટર દૂધ આપે છે. બકરીના આઉમાં બે આંચળ હોય છે. પાંચ મહિને બકરી વિયાય છે અને એકથી ચાર જેટલાં બચ્ચાંને જન્મ આપે છે. આરંભમાં બચ્ચાં (લાવરાં)ના નીચેના જડબામાં દાંત હોતા નથી પણ છઠ્ઠે મહિને આઠેક દાંત નીકળે છે. દર વર્ષે બબ્બે કરીને એ દૂધિયા દાંત પડી જઈ નવા દાંત ફૂટે છે અને પાંચમે વર્ષે એને બધા દાંત આવી જાય છે. આ વયે બકરુ પુખ્ત બને છે. સામાન્યતઃ એનું આયુ તેર વર્ષનું ગણાય છે, ક્યારેક વધુ પણ જીવે. એની ખરી નાની પણ મજબૂત ને ખાડાટેકરાવાળા ગમે તે ભાગમાં તે જઈ શકે છે. પહાડી પ્રદેશમાં બકરાઓ માલવાહક તરીકે વપરાય છે.

અંગૂરા, કાશ્મીરી વગેરે જાતનાં હિમાલયનાં બકરાંના વાળ લાંબા ને મુલાયમ થતા હોઈ કિંમતી ગણાય છે. એમાંથી શાલ દુશાલા બને છે.

બકરાં બધી જ જાતની વનસ્પતિ ખાય છે. 'ઊંટ મેલે આકડો ને બકરાં મૂકે કાંકરો' એ કહેવત આ પરથી જ રચાઈ છે. બકરીનું દૂધ આરોગ્યપ્રદ એટલા માટે મનાય છે કે એ વગડામાંથી દુર્લભ ને કષ્ટપ્રદ રીતે મેળવાય તેવી વનસ્પતિ કે ઘાસ શોધીને ખાય છે. જો કે આને કારણે ઘણા પ્રદેશોમાંથી ઉત્તમ ઔષધીય વનસ્પતિ સમૂળગી નાશ પામી છે. ખેડૂતો બકરાંની આ ટેવને કારણે એનાથી નારાજ રહે છે, તો બીજી બાજુ બકરાંની લીંડી ઉત્તમ ખાતર પણ પૂરું પડે છે. ભરવાડો આ લીંડી માટે બકરાંને રાતે ખેતરમાં બેસાડવાના પૈસા લે છે.

બકરાંનાં પેટમાં ચાર ભાગ હોય છે. આગલા ભાગમાં તેઓ જે કંઈ ચરે તે મોટા પ્રમાણમાં સંઘરાય છે. આ ચવાએલા ખોરાકમાં પેદા થતાં જંતુઓથી એનો આથો થાય છે. કોઈ પણ વનસ્પતિ પચાવી એમાંથી ઉત્તમ તત્ત્વો ખેંચવાની બકરાંના પેટમાં યોજના હોય છે. અને આ તત્ત્વો બકરીના દૂધમાં આવે છે. ગમે તેવી ઝેરી કે તેલી વનસ્પતિ, તમાકુનાં પાન, થોરના ડોડવા કે ધતૂરાનાં પાન પણ બકરાં ખાય છે. બકરીના દૂધનાં લાક્ષણિક સ્વાદ તથા ગંધ આ કારણે જ છે.

બકરાંના પગની ખરી વનસ્પતિ માટે ઘાતક છે. કોઈ હરિયાળી જગ્યા પર સંખ્યાબંધ બકરાં ચાલતાં રહ્યાં હોય તો પછી એ જગ્યાએ એકબે વર્ષ કંઈ ઊગતું નથી. વનસ્પતિની જ્યાં અત્યંત અછત રહે છે એવા રણપ્રદેશમાં આરબો બકરાંને ખેતી કે હરિયાળીના દુશ્મન ગણી એમને હલાલ કરીને ખાઈ જવામાં કલ્યાણ સમજે એ સ્વાભાવિક છે. વળી ખાધેલી વનસ્પતિમાંથી ખેંચેલાં શ્રેષ્ઠ તત્ત્વોવાળું બકરાંનું માંસ અન્ય પ્રાણીના માંસ કરતાં ગુણવત્તામાં ઉત્તમ ગણાય છે. ઘણા વિજ્ઞાનીઓ પણ કહે છે કે બકરાં ઉછેરવા માટે નહિ, પણ ખાવા માટે અને એની વસતિ ઘટાડવા માટે જ છે. કૅપ્ટન કૂકે ન્યૂ ઝીલૅન્ડ અને હાવાઈ ટાપુઓ પર બકરાં ઉતારીને છૂટાં મૂકી દઈ એ ટાપુઓ પર એમની વસતિ વધારી હતી. અગાઉ લાંબી જહાજી સફરોમાં અમુક પોષક તત્ત્વોના અભાવે ઘણી વાર ખલાસીઓને વિવિધ રોગ થતા. જહાજમાં એમને તાજાં ફળ, શાકભાજી કે તાજું માંસ મળતું નહિ. આ ખોટ પૂરી કરવા તેઓ વહાણમાં જીવતાં બકરાં પણ સાથે રાખતા. એથી એમને તાજું માંસ મળી રહેતું. વળી, માર્ગમાં આવતા ટાપુઓ પર તેઓ થોડાં બકરાં ઉતારતા જતા, જેથી એ ટાપુ પર એમની વસતિ વધે અને ભવિષ્યમાં ત્યાં આવી ચડતા અન્ય જહાજોને એ બકરાંમાંથી ખોરાક મળી રહે.

એક જ બકરો અનેક બકરીઓને ફળાવી શકે છે, એટલે એમની વસતિ પણ ઝડપથી વધે છે. બકરીને આકર્ષવા માટે બકરાના શરીરમાંના અમુક રસાયણોના કારણે એના મૂત્રમાંથી એક વિશિષ્ટ ગંધ ફેલાય છે.

બકરો થોડો બીકણ પણ ઘણો ચાલાક અને જોરાવર હોય છે. ખસી કરેલો બકરો હૃષ્ટપુષ્ટ અને કદમાં વધુ મોટો થાય છે. પશ્ચિમની કેટલીક પ્રજાઓ બકરાંને દેવ તરીકે પૂજતી પણ હતી. (સંકલિત)

## આપણું રાષ્ટ્રીય ગાન

સ્વાધીનતા-સંગ્રામ વેળા આપણા દેશમાં રાષ્ટ્રીય કક્ષાનાં ત્રણ ગીતો પ્રચલિત હતાં; બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય રચિત 'વન્દે માતરમ્' પ્રમુખ ગીત હતું. રવીન્દ્રનાથ ઠાકુર રચિત 'જનગણમન' પણ તેટલું જ લોકપ્રિય થએલું. ઈકબાલ કૃત 'સારે જહાં સે અચ્છા' પણ ઠીકઠીક ઝિલાએલું. આ ત્રણે ગીતો રાષ્ટ્રીય ભાવનાથી ઓતપ્રોત થએલાં હતાં.

આ બધાં ગીતોમાં 'વન્દે માતરમ્' અત્યંત પુરાણું. પણ સર્વ રીતે એ રાષ્ટ્રીય ગીત તરીકે સ્વીકારાય તેટલી યોગ્યતા ધરાવતું હોવા છતાં જ્યારે દેશ આઝાદ થયો ત્યારે ભારતના રાષ્ટ્રીય ગાન તરીકે સંવિધાન સભાએ 'જનગણમન'ને રાષ્ટ્રીય ગાનના રૂપમાં સ્વીકાર્યું; કેમકે 'વન્દે-માતરમ્' જુદેજુદે સ્થાને વિવિધ રૂપે ગવાતું. તેને રાષ્ટ્રવ્યાપી કોઈ નિશ્ચિત ઢાળ ન મળ્યો. જ્યારે 'જનગણમન' મુખ્યતઃ તેની ગેયતાના ગુણને કારણે શ્રેષ્ઠ પુરવાર થયું છે. એક વિશેષજ્ઞનું કહેવું છે કે : 'જે લોકો સંગીત બિલકુલ જાણતા નથી તે પણ 'જનગણમન'ના સમવેત ગાનમાં

મળી શકે છે. ઈ. ૧૯૪૭માં સંયુક્ત રાષ્ટ્રની મહાસભાના અધિવેશનના અવસર પર ન્યૂયૉર્કમાં ભારતીય પ્રતિનિધિ મંડળ પાસે 'જનગણમન'ની એક રેકર્ડ હતી તે અભ્યાસ માટે વાદ્યવૃન્દને દીધી. વિશેષજ્ઞોનું કહેવું હતું કે વિશ્વની સર્વોત્તમ રાષ્ટ્રીય ધૂનોમાંની આ એક ધૂન છે.

આમ 'જનગણમન' ગીત તેની ગેયતાને લીધે સર્વ રીતે યોગ્ય પુરવાર થયું અને રાષ્ટ્રીય ગાન તરીકે સ્થાન પામ્યું. વળી રવીન્દ્રનાથ સંગીતકાર હતા તેથી તેણે આ ગીતને ઢાળમાં બેસાડી સ્વરલિપિબદ્ધ કરી છાપ્યું. આથી આ ગીતને એક નિશ્ચિત સ્વરબાંધણી મળી. સંગીતકાર રવીન્દ્રનાથ સારી રીતે સમજતા હતા કે કોઈ પણ ગીતને રાષ્ટ્ર પાસે ગવડાવવું હોય તો તેમાં સમૂહમાં ગાઈ શકાય તેવા સીધા અને રંજન સ્વરો આયોજવા જોઈએ. વળી રવીન્દ્રનાથ નાની વયે વિલાયત ગએલા ત્યારે ત્યાં સ્કૉટિશ અને આઈરિશ ગીતો શીખેલા. તેની અસર પણ તેમના શરૂના કાળમાં રચેલ ગીતિ નાટ્ય 'વાલ્મીકિ-પ્રતિભા' અને 'માયાર-ખેલા'માં તથા 'જનગણમન'ના સ્વરમાં જણાય છે. તેથી જ તેમાં સ્વરસંગીતની ભારોભાર શક્યતા ભરેલી છે.

(ગુજરાત મિત્ર) —અજિત શેઠ (સંકલન : ઉષા રાવલ)

## વાછરાદાદા

સૌરાષ્ટ્ર વીરોની ભૂમિ છે. થઈ ગએલા વીરોની પૂજા કરવી તે સૌરાષ્ટ્રની પ્રજાનો સ્વભાવ છે. ગામોગામ ઊભેલા પાળિયા ને કીર્તિસ્તંભો આની ગવાહી આપે છે. આજે પણ કુટુંબના વડવાને, થઈ ગએલા મહાન પૂર્વજને નક્કી તિથિએ જુવારવામાં આવે છે. પરદેશથી પણ થાનકે આવી ને કુળદેવને પગે લાગે છે, નૈવેદ્ય કરે છે ને નવપરિણીત વરવધૂ ત્યાં આવી નમન કરી છેડાછેડી છોડે છે. બાળ-મોવાળા પણ આ વીર પૂર્વજના સ્થાનક આગળ ઉતારવાનો રિવાજ ઘણી પ્રજાઓમાં છે. ગામને પાદર કે ચોરે પાળિયા રૂપે બિરાજતો વીર પૂર્વજ કુટુંબનું અને ગામનું ભલું કરે છે એવી ભાવના પણ જોવા મળે છે. પાણી ભરવા જતી કુળવધૂ આવા પાળિયા પાસેથી પસાર થતાં લાજ કાઢી માનસૂચક ઇંગિતો કરે છે અને મોટી ઉંમરના પુરુષો માથા ઉપરથી પાઘડી ઉતારી અહીં પગે લાગે છે. આની આજુબાજુ ઘણા વહેમ ખીલ્યા હશે, પણ તેના મૂળમાં તો વીરપૂજાની ભાવના જ રહેલી છે.

વીરપૂજાનો આવો એક ઉત્તમ નમૂનો વાછરાદાદા તરીકે ઓળખાતા થાનકનો છે. ઉત્તર ગુજરાતમાં પાબુજીના ઘોડા, કચ્છમાં કક્કડ ભીરુની મેડી ઉપરના લગભગ પોણોસો જેટલા જખના ઘોડા અને સૌરાષ્ટ્રના વાછરાદાદા, એ ભૂતકાળના મહાન પૂર્વજોનાં સ્મરણચિહ્નો છે. વાછરાના ઘોડા સિન્દૂર અર્ચેલ પથ્થરના ઘોડા હોય છે. ઓખામંડળમાં પકાવેલી માટીના ઘોડા પણ મુકાય છે. સૌરાષ્ટ્રમાં વાછરાનાં થાનક મહેર પંથકમાં ઘણાં છે. રાણાવાવ અને રેવદ્રામાં વાછરાના ભૂવા પણ રહે છે. હડકાયા કૂતરાની લાળ અને સર્પની દાઢથી જોખમાએલ પ્રાણીને વાછરો સહાય કરે છે એવી માન્યતા છે.

હાલ વાછરાદાદા તરીકે પૂજાય છે તેનો ઇતિહાસ રસિક છે. ચુંવાળ પ્રદેશના વત્સરાજ સોલંકીની જાન વઢિયારમાં પરણવા ગઈ હતી. મંગળફેરા વખતે જ ઝિંઝુવાડાની રાજલ અને વેજલ નામની બે ચારણ બાઈઓએ ધા નાખી કે સુમરાઓ અમારો માલ–ગાયભેંસો–હાંકી જાય છે. વત્સરાજ માંડવેથી ઊઠી ગાયોની વહારે ધાયા અને સુમરાઓ સાથેના ધીંગાણામાં ખપી ગયા. ચારણ બાઈઓ આ પોતાના તારણહાર પાછળ સતી થઈ, જેના પાળિયા હાલ ઝિંઝુવાડામાં છે. વત્સરાજ વહારે ચડયા ત્યારે તેનો ઢોલી અને વફાદાર કૂતરો પણ સાથે હતા અને ધીંગાણામાં તે પણ મરાયા હતા. આ ત્રણ જીવના મુખ્ય ખાંભા ઝિંઝુવાડા પાસેના કોળધાના રણબેટમાં આવેલા છે. લોકો તેને 'વાછરડા બેટ' કહે છે. આ પ્રસંગ અને સ્થળ સાથે સંકળાએલી પ્રજાઓ જ્યાં જ્યાં ગઈ, ત્યાં ત્યાં વાછરાદાદાનાં સ્થાનક ઊભાં થએલાં લાગે છે. એક પ્રજાએ પોતાના સંપર્કમાં આવેલી બીજી પ્રજાને પણ આ પૂજાનો વારસો આપ્યો છે. જે સારું હોય તે માણસ એકબીજા તરફથી અપનાવતો રહ્યો છે.

વાછરાના બેટથી જે જે બીજાં થાનકો ઊભાં થયાં, તેમાં ઓખામંડળમાં વસઈ, બરડામાં હાથલા ને ગોઢાણા, હાલારમાં પડાણાં, ઘેડ પંથકમાં છત્રાવા ને ભાણસરા વગેરે સ્થળે વાછરાનાં મોટાં થાનકો છે. તેની પૂજાવિધિ ન્યારી છે. વાછરો ભૂવાને ઘર ચડે છે અને જાગરિયા રાવળ વાછરાની આરણી બોલે છે :

ગોઢાણે ગડહડયો, રાણાવાવે રાણો ડેરાણો;
પડાણે પ્રગટયો, છત્રાવે છતો થયો.

સૌરાષ્ટ્રમાં વાછરો કયે કયે સ્થળે સ્થાપના પામ્યો, તેનો ઇતિહાસ રજૂ કરી, વાછરાની કથા સંક્ષિપ્તમાં ગાવામાં આવે છે :

ચોરી મંગલ ચાર, અંતે અધૂરાં રહ્યાં,
વાઢી હાલ્યો વરમાળ, વરઘોડે ઈ વાછરો.

વાછરાએ દાખવેલી શૂરવીરતા કોને કોને હૃદય વસી તેની આવણી–આરણી લાંબા સૂરે ગાવામાં આવે છે. તેમાં તેને 'સિંધનો રાણો' કહ્યો છે. અગાઉ સિન્ધુ નદીનાં પાણી કચ્છના રણમાં થઈ, નળ સરોવરમાં થઈ ખંભાતના અખાતમાં મળતાં. તેના રસ્તામાં જતવાડ, વઢિયાર, વાગડ અને નળકાંઠે ગોપજનોની–પશુપાલક પ્રજાની વસ્તી હતી. સિન્ધુનાં પાણી જ્યાં જ્યાં ફરી વળે અને ચરિયાણ થાય તેને સિંધ કહેવાતો. આથી વાછરાદાદાને પણ સિંધનો રાણો કહેલ છે. 'સૈન્ધીવ', 'સિંધા' જાતિ ખંભાત સુધી વસતી તેનાં આ એંધાણ છે. પોતાના માલની, ગામની રક્ષા કરવાની દેશપ્રેમની પ્રેરણા આપજે એ અર્થે આરણી આગળ ચાલે છે :

પડાણેથી પધારજે છત્રાવાના છડીદાર,
એરુ ઉતારવા કાજ વહેલો આવજે વાછરા.

'એરુનું ઝેર' એ પુરુષાર્થહીન વૃત્તિનું પ્રતીક ગણાય છે. માણસ આળસુ બને તો પોતાના કસ્બા કુટુંબનું કલ્યાણ ન કરી શકે. આવી આળસને ઉતારવા, પ્રજાજીવનમાં પ્રેરણા અને નરવાઈ પૂરવા વાછરા જેવા વીરનું સ્મરણ પ્રજા કરે છે. પણ પાછળથી 'એરુ'ને ઉતારવાનો અર્થ 'સર્પનું ઝેર' એવો થયો અને મૂળની ઉજ્જવળ પરંપરા ભુલાણી. અજ્ઞાન ભૂવાઓએ મૂઠી દાણા માટે—પેટિયું રળવા માટે હડકાયાં કૂતરાં ને–સર્પના ડંખ ઉતારવાનું પાછળથી જોડી કાઢેલું જણાય છે. વીર પૂર્વજનું સ્મરણ પરંપરા કે રુઢિ બને છે ત્યારે તેમાંથી દૈવત ચાલ્યું જાય છે. સતત માળા ફેરવનારને માળા ફેરવવી તે આંગળીની રમત બની રહે છે. આજના મહાપુરુષોનું ય આવતી કાલે આમ જ થનાર છે. સૌરાષ્ટ્રનો વાછરોદાદો પણ ભુલાએલી, અર્થફેર થયેલી વીર માણસની પ્રેરણા દેતી મહાન કીર્તિકથા છે.

—મણિભાઈ વોરા


## બહાદુરીભર્યાં સાહસકાર્યો તથા પ્રામાણિકતા માટે પુરાણીજી–પારિતોષિક–વિજેતાઓ

હરિઃ ૐ આશ્રમના પૂ. શ્રી મોટાની પ્રેરણાથી ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ તરફથી છેલ્લાં ૧૪ વર્ષથી ચાલતી પુરાણીજી–પારિતોષિક યોજના હેઠળ ૧૯૭૫–૭૬ની સાલનાં પારિતોષિક વિજેતાઓ :

(૧) શ્રી જેબરબેન સરદારસીંગ ઠાકોર (ફતેપુરા, તા. સમી)ને ચીકણી માટીના કળણમાં ખૂંપી ગએલા ૩૦ ગ્રામવાસીઓને જીવના જોખમે બચાવવા બદલ સવિશેષ પારિતોષિક રૂ. ૫૦૦). (૨) શ્રી મણિલાલ ડાહ્યાભાઈ સતવારા (જામનગર)ને વટેમાર્ગુ સ્રીના ગળામાંથી નેકલેસ તોડીને નાસી જતા ગુંડાનો પીછો કરી તેને પકડી પાડી સામનો કરતાં બહાદુરીપૂર્વક મૃત્યુને ભેટવા બદલ મરણોત્તર પારિતોષિક રૂ. ૨૫૦). (૩) શ્રી ભીખાલાલ જીવરાજ ટાંક (ચલાલા, જિ. અમરેલી)ને વીસ હજારના ડબલ કરી આપનાર ગુંડા ટોળીના ષડયંત્રને ભારે વીરતા અને કુનેહપૂર્વક પકડી પાડી બહાદુરી દાખવવા બદલ પારિતોષિક રૂ. ૧૦૦; (૪) શ્રી ગોવિંદલાલ ડાહ્યાભાઈ સેલર (રાંદેર)ને દરિયામાં ડૂબતા બે જણાને બહાદુરીપૂર્વક બચાવી, કિનારે લાવી કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપી હૉસ્પિટલમાં દાખલ કરાવી જીવ બચાવવા બદલ પારિતોષિક રૂ. ૧૦૦). (૫) શ્રી કાનસિંહ ચતુરસિંહ (અમદાવાદ)ને કાંકરિયા તળાવમાં ડૂબતી બે બાળાઓને બહાદુરીપૂર્વક કિનારે ખેંચી લાવી જીવ બચાવવા બદલ પારિતોષિક રૂ. ૧૦૦). (૬) શ્રી લાખાભાઈ રામસીંગભાઈ દેસાઈ (વડુ, તા. પાદરા)ને પોતાને જડેલું ચલણી નોટો ભરેલું પાકીટ પોતે અત્યંત ગરીબ હોવા છતાં ન રાખતાં તેના માલિકને શોધી પરત કરી અસાધારણ પ્રામાણિકતાં દાખવવા બદલ પારિતોષિક રૂ. ૧૦૦). (૭) શ્રી શામજી જેસીંગભાઈ કલોત્રા (ભાવનગર)ને ટ્રેઈનના ડબ્બામાંથી મળેલી રૂ. ૮૦૦૦-ની કિંમતનાં ઘરેણાંની પેટીને તેના માલિકને પહોંચતી કરી પ્રામાણિકતા દાખવવા બદલ પારિતોષિક રૂ. ૧૦૦). (૮) શ્રી છગનભાઈ રણછોડજી ઘડિયાળી (સૂરત)ને લગભગ એક લાખ રૂપિયાની કિંમતનાં ઘરેણાં ને રોકડ રકમ ભરેલું પાકીટ તેના માલિકને શોધી સુપ્રત કરી, પ્રામાણિકતા દાખવવા બદલ પારિતોષિક રૂ. ૧૦૦). ઉપર્યુક્ત સાહસવીરોને પારિતોષિક આપી સન્માનવાનો સમારંભ ફેબ્રુઆરી માસના પહેલા સપ્તાહમાં વડોદરા મુકામે યોજવામાં આવનાર છે.

## હાસ્યકટાક્ષની મીની-વાર્તા-સ્પર્ધા

'હસાહસ' માસિક તરફથી ૧૫૦મા હાસ્યાંક નિમિત્તે 'હાસ્ય કટાક્ષની મીની-વાર્તા-સ્પર્ધા' મોકલવામાં આવી છે. જે વધુમાં વધુ ૩૫૦ શબ્દો સુધીમાં, ફુલસ્કેપ કાગળની એક બાજુએ લખીને, તા. ૨૫-૩-'૭૭ પહેલાં, (જરૂરી પોસ્ટેજ કવર સાથે), હસાહસ કાર્યાલયમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવી છે. સ્પર્ધાના વિજેતાઓ માટે, પહેલા, બીજા અને ત્રીજા ઈનામની રકમ અનુક્રમ **રૂા. ૫૧, રૂા. ૩૧ અને રૂા. ૨૧** છે. આ સ્પર્ધામાં ભાગ લેવા સહુને નિમંત્રણ છે. સરનામું: 'હસાહસ' સંપાદક 'છોટમ' ૧૮૮, ખેતીવાડી બેંક રોડ, મુંબઈ-૪.




**ગ**યા મહિના દરમિયાન જોએલા આકાશમાં પશ્ચિમ (નકશામાં જમણી) તરફનાં તારામંડળો હવે વહેલાં અસ્ત થતાં હોઈ દેખાતાં નથી. બીજી બાજુ પૂર્વમાં (નકશામાં ડાબી બાજુ) નવાં મંડળો પ્રવેશી રહ્યાં છે. ગયા માસે મધરાત પહેલાં જે મંડળો પૂર્વ-આકાશમાં દેખાતાં હતાં એ હવે પશ્ચિમ-આકાશમાં સરી આવ્યાં છે. યયાતિ, બ્રહ્મમંડળ, કૃત્તિકા, રોહિણી, મિથુન, મૃગ, શ્વાન, શુની, એકશૃંગ, શશક, કપોત, નૌપૃષ્ઠ વગેરે તારામંડળો હજી યે આકાશમાં રોકાઈ રહ્યાં છે. કર્ક, સિંહ, સિંહિકા તથા સપ્તર્ષિ અને વાસુકિના કેટલાક ભાગનું દર્શન નવું છે. ઉપરાંત બ્રહ્મહૃદય, રોહિણી, પુરુષ, પ્રભાસ, આર્દ્રા, બાણરજ, વ્યાધ અને અગસ્ત્ય જેવા તેજસ્વી તારાઓનો ઝળહળાટ હજી યે આકાશમાં પોતાનો પ્રભાવ પાડી રહ્યો છે. સિંહ તારામંડળના 'મઘા'એ પણ એમાં પોતાનો સાથ પુરાવવા માંડયો છે. વ્યાધ અને અગસ્ત્યની તેજસ્વિતા આ બધામાં મોખરે છે. આટલા બધા તેજસ્વી તારાઓની સાથે કૃત્તિકાથી થોડે દૂર પશ્ચિમમાંથી 'ગુરુ' અને પૂર્વ તરફ કર્કમાંથી 'શનિ' પણ જાણે તેમની સાથે તેજસ્વિતાની સ્પર્ધામાં ઊતર્યા છે. સમી સાંજે પશ્ચિમ આકાશમાં ઊંચે દેખાતો 'શુક્ર' હજી પણ સૂર્યાસ્ત પછી મોડે સુધી દેખાતો રહેશે. એમ તો વહેલી સવારે સૂર્યોદય પહેલાં પૂર્વાકાશમાં 'બુધ' અને 'મંગળ' પણ જોવા મળે તેમ છે. પણ એ માટે તો આ ટાઢમાં વહેલા ઊઠવાની હિંમત જોઈએ... છે?

—બિ. ટાં.

# આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

**તા. ૪/૧૬૭૦** 'ગઢ આલા, પણ સિંહ ગેલા'. કપરા ભૌગોલિક સ્થાનને કારણે જીતવો અત્યંત દુષ્કર એવો અતિ મહત્ત્વનો સિંહગઢ જીતી લેવા શિવાજીએ મોકલેલા એના ખૂબ જ વિશ્વાસુ અને પ્રિય સરદાર તાનાજી માલુસરેનું એ કિલ્લાના રક્ષક વીર રાઠોડ રજપૂત ઉદયભાણના હાથે અવસાન. તાનાજીના ઘાથી ઉદયભાણનું પણ મોત થએલું. પાછળ તાનાજીના ભાઈ સૂર્યાજી અને શેલાર મામાએ ગઢ તો જીતી લીધો, પણ એ માટેના તાનાજીના આત્મભોગથી શિવાજીને અત્યંત દુઃખ થયું. જીતની ખબર સાંભળી તેઓ માત્ર આટલું જ બોલી શકયા: '(સિંહ) ગઢ આવ્યો, પણ સિંહ (તાનાજી) ગયો.' પોતાના એક સરદાર માટે આટલી બધી ખેવના રાખનાર અને મરાઠા રાજ્યના સ્થાપક એ શિવાજીનો શિવનેરીમાં જન્મ પણ આ જ માસની ૧૯મી તારીખે ઈ. ૧૬૩૦માં થએલો.

**તા. ૧૧/૧૭૯૩** વાઈસરૉય લૉર્ડ કૉર્નવૉલિસે જિલ્લા અને શહેર અદાલતોની સ્થાપના કરી.

**તા. ૧૨/૧૮૦૯** આટલાંટિક મહાસાગરના પૂર્વ છેડે ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત સ્થાપનાર ચાર્લ્સ ડાર્વિનનો અને એ જ દિવસે પશ્ચિમ છેડે અમેરિકાના વિખ્યાત પ્રમુખ અબ્રાહમ લિંકનનો જન્મ.

**તા. ૧૩/૧૯૪૮** ભારતનાં અગ્રણી મંદિરો પૈકીના એક જગન્નાથના મંદિરમાં હરિજન-પ્રવેશ.

**તા. ૧૭/૧૯૨૦** હિંદી પ્રજાએ પાંચ લાખ રૂપિયા આપીને જલિયાંવાલા બાગ ખરીદી લીધો.

**તા. ૨૨/૧૯૫૮** મૌલાના અબુલ કલામ આઝાદનું અવસાન. પોતાનાં વિચારપ્રચુર ચિરંજીવ લખાણોથી માત્ર હિંદની જ નહિ, પણ ઇજિપ્ત-અફઘાનિસ્તાનની જનતા પર પણ પ્રભાવ પાડનાર તેજસ્વી સાહિત્યકાર, ૧૮ વર્ષની વયથી દેશને ચરણે પોતાનાં તનમનધન સમર્પી દઈ આઝાદી માટે અવિરત ઝૂઝનાર પીઢ મુત્સદ્દી નેતા, ઈસ્લામી ધર્મશાસ્ત્રો, ઇતિહાસશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર વગેરે અનેક વિષયોના પંડિત, દેશની તેજસ્વી પરંપરાના એ એક ભૂષણ રૂપ હતા. ઈ. ૧૮૮૮માં મક્કામાં એમનો જન્મ થએલો. મુહિયુદ્દીન અહમદ એ એમનું મૂળ નામ. અબુલ આઝાદ એ એમનું તખલ્લુસ હતું. પિતા ખૈરુદ્દીન એક વિદ્વાન સૂફી સંત હતા. એમની પાસે જ તેઓ માતૃભાષા અરબી અને ફારસી શીખેલા. પાછળથી પિતા કલકત્તા આવી વસ્યા ત્યારે એમનાથી છાનાં એમણે અંગ્રેજી ભાષા શીખી લીધી. ચૌદ જ વર્ષની વયે 'લિસાનુસ્સિદ્દક' નામે એક પત્ર કાઢેલું. ઈ. ૧૯૦૪માં લાહોરમાં એમણે અનેક વિદ્વાનો સમક્ષ 'ધર્મ અને બુદ્ધિના સંબંધ' વિષે વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપેલું. પોતે શીઘ્રકવિ પણ હતા. 'નેરંગી આલમ' નામે કવિતાનું એક પત્ર પણ કાઢેલું, ઈ. ૧૯૦૫માં ઇજિપ્તમાં કાહિરા જઈ ત્યાંની વિખ્યાત વિદ્યાપીઠ અલ-અઝહારમાં એમણે ઉચ્ચ અભ્યાસ કરેલો.

ઈ. ૧૯૧૩માં એમણે કલકત્તાથી 'અલહિલાલ' પ્રકટ કરવા માંડયું. રૂઢિચુસ્ત મુસ્લિમ વિચારસરણીથી તદ્દન ભિન્ન અને નવા જ ખયાલો સાથેના આ સામયિકમાં પ્રકટ થતાં દેશ ને ધર્મ અંગેનાં ઉદ્દામ વિધાનોથી મુસ્લિમ પ્રજા પર વધતી જતી એની પકડથી ચોંકી જઈ બંગાળની સરકારે એ બંધ કરાવ્યું. ઈ. ૧૯૧૫માં એમણે 'અલ બલાઘ' નામે બીજું પત્ર શરૂ કર્યું. સરકારે એ પણ બંધ કરાવ્યું ને એમને તડીપાર કર્યા. રાંચી જઈ તેઓ રહ્યા ત્યાં એમને નજરકેદ કરવામાં આવ્યા. પછીનું એમનું જીવન બહુધા દેશના સ્વાતંત્ર્યની કૉંગ્રેસની લડતો સાથે તથા મુસ્લિમ કોમમાં હિંદી રાષ્ટ્રીયતા ને હિંદુ-મુસ્લિમ એક્યનાં કાર્યોમાં તથા અવારનવારના જેલવાસમાં વીત્યું હતું. જેલમાં એમણે પોતાનાં જીવનસંસ્મરણો 'તઝકિરા'નું લેખન કર્યું. કુરાને શરીફની પોતાની વિખ્યાત ટીકાના લખાણનો આરંભ પણ એમણે ત્યાં જ કરેલો. ૩૫ વર્ષની વયે તેઓ કૉંગ્રેસના પ્રમુખ બનેલા. ફરી ૧૯૪૦માં પણ તેઓ એ પદે ચુંટાએલા અને ૧૯૪૨ની સ્વાતંત્ર્ય-લડત બાદ બ્રિટિશ સરકાર સાથે આઝાદી અંગેની વાટાઘાટોમાં અગ્ર ભાગ લીધેલો. આઝાદી પછી તેઓ આપણા શિક્ષણપ્રધાન હતા. પોતાના ઉદ્દામ ધાર્મિક વિચારો, મુસલમાન હોવા છતાં કૉંગ્રેસ સાથેનો એમનો સંબંધ, બહુધા ઉર્દૂમાં જ વ્યક્ત કરેલા વિચારોને કારણે પ્રમાણમાં મર્યાદિત વર્તુળમાં જ ખરી પહેચાન પામવાને લીધે હકીકતે એમની જે ઉચ્ચ પ્રતિભા હતી એની પૂર્ણતઃ કદર તેઓ પામી શકયા નહિ એમ કહી શકાય.

અને આ ૨૨મી તારીખે જ ઈ. ૧૯૪૫માં કસ્તૂરબા ગાંધીનું પણ અવસાન થએલું.

**તા. ૨૫/૧૮૬૨** યુનાઈટેડ સ્ટેટ્સમાં ચલણી નોટો વ્યવહારમાં દાખલ કરવામાં આવી.



એક નાની સરખી દુકાનના શેઠને સાંજે સિલિક મેળવતાં દસ રૂપિયાની નોટ ઓછી માલૂમ પડી. એમણે નોકરને બોલાવીને કહ્યું: 'જો આજ સવારથી સાંજ સુધીમાં મારા ને તારા સિવાય દુકાનમાં કોઈ હતું નહિ. તો પછી તું જ કહે, દસની નોટ કયાં જાય?'

નોકરે પોતાના ગજવામાંથી પાંચ રૂપિયાની નોટ શેઠને આપતાં કહ્યું: 'લો આ મારો હિસ્સો. હું મારી આબરૂ ખરાબ કરવા નથી માગતો.'

એક શિખાઉ કવિશ્રીએ તંત્રીને પ્રભાવિત કરવા પોતાની કવિતા સાથે એક ગુલાબનું ફૂલ પણ કવરમાં બીડયું. વળતી ટપાલમાં તંત્રી તરફથી તેને ઉત્તર મળ્યો: 'આપના કાવ્યની સમાધિ પર મેં આપે મોકલેલું પુષ્પ સમર્પિત કરી દીધું છે.'

નોકર: શેઠસાહેબ મારે તમારી નોકરી નથી કરવી...આજ વરસ થવા આવ્યું, પણ તમે મારો વિશ્વાસ કરતા નથી.

શેઠ: કેવી વાત કરે છે તું? તિજોરીની બધી ચાવીઓ તો તને સોંપી છે.

નોકર: હા; પણ એમાંની એકે ચાવીથી તિજોરી ઊઘડતી નથી.

હજામ: શેઠજી આપના માથામાં ઝડપથી તાલ પડતી જાય છે. કાંઈ ઉપાય કરો છો કે નહિ?

શેઠ: હા રે; છૂટાછેડા માટે અરજી કરી છે ને.




(જનસત્તામાં 'શિવ')

શે'ર

**મસ્ત'મોપાત્ત જીવનમાં હસી લઉં છું રડી લઉં છું,**
**અને આ જીવવા જેવું જીવન જાતે ઘડી લઉં છું.**

—લાભશંકર દવે—

અમેરિકાનીસર્વધર્મપરિષદમાંજતાં સ્વામી વિવેકાનંદ વચ્ચે મદ્રાસ રોકાએલા. ત્યાં વિદ્યાર્થીઓ સમક્ષના પ્રવચનમાં તેમણે પ્રશ્ન કર્યો કે 'આપણે ત્યાં ઇશ્વરને નીલ વર્ણના કેમ ચીતરવામાં આવે છે?' થોડી ગુસપુસ ચાલ્યા પછી એક દૂબળોપાતળો વિદ્યાર્થી ઊભો થઈ બોલ્યો: 'નીલરંગ વિસ્તાર, વ્યાપકતા,ઊંડાણ,અનંતતા આદિનો દ્યોતક છે. અફાટ આકાશ ને અનંત સાગરનો રંગ પણ એ જ છે. આથી ઈશ્વરને એ રંગ અપાયો હોવો જોઇએ.'

આ ઉત્તરથી સ્વામીજી સંતુષ્ટ થયા, એ વિદ્યાર્થી હતા ચક્રવર્તી રાજગોપાળાચારી.

∞

કહેવતો: 'ઊણું' ત્યાં સુધી કૂણું'—પેટ અને કમજાત માણસના સંદર્ભમાં વપરાતી આ કહેવતનો અર્થ સ્પષ્ટ છે કે જેમ પેટ થોડું અધૂરું રહે તો તંદુરસ્તી જળવાઈ રહે—વધુપડતું ભરાવાથી અપચો થઈ આરોગ્ય બગડે એ જ રીતે કમજાત માણસ ઊણો હોય ત્યાં સુધી જ કૂણો રહે, નહિતર વકરે.

∞

અનેકાર્થી શબ્દ: **માતા** = મા, જનની; દેવી; શીતળામાતા કે તેનો રોગ, ઓરી, બળિયા; લીંબુના ઝાડનો એક રોગ; ઇંદ્રાવારુણી, ઉંદરકાની, ગોરખમુખી અને જટામાસી નામની વનસ્પતિઓનું બીજું નામ; કુંવાર પાઠું; પોલાણ; વિભૂતિ, આબાદી; મત્ત, મદમસ્ત.

∞

ગણિતગમ્મત: ૧ થી ૯ સુધીના અંકને, વત્તા (+)ના એક જ ચિહ્ન વડે એવી રીતે ગોઠવો કે સરવાળો કરતાં ૯૯,૯૯૯ આવે. (જવાબ ૯૮૭૬૫ + ૧૨૩૪)



**ટિકિટકથા** આજે ટાનઝાનિયાનો એક ભાગ ગણાતા ટાંગાનિકાની આ ટિકિટ, બે મહાયુદ્ધની વચ્ચેના ગાળાની દરિયાપારની બ્રિટિશ હકૂમતોની જાણીતી ટિકિટોમાંની એક છે. પહેલા વિશ્વયુદ્ધ પૂર્વે પૂર્વ આફ્રિકાનો આ પ્રદેશ જર્મન તાબામાં હતો અને આરંભમાં જર્મનીની જ ટિકિટો પર ઓવરપ્રિન્ટ કરી એનો અહીં ઉપયોગ થતો. પછી કૈઝરની સ્ટીમ-યાચના ચિત્રવાળી ટિકિટો ચાલુ થએલી. મહાયુદ્ધ પછી લીગ ઑવ નેશન્સે આ પ્રદેશ બ્રિટિશ વહીવટ તળે મૂક્યો ત્યાં સુધી ઓવરપ્રિન્ટ કરેલી ટિકિટો ચાલી. ઈ. ૧૯૨૨માં ટાંગાનિકાની પોતાની ટિકિટો બહાર પડી. કદ અને મૂલ્યભેદે એવી કુલ ૧૯ ટિકિટો હતી. એના પરના જિરાફના ચિત્રને કારણે એ 'ટાંગાનિકા જિરાફ' નામે જાણીતી છે. આજે વપરાએલી કે નહિ વપરાએલી એ ટિકિટોના પૂરા સેટનું લગભગ ૧૮ પાઉન્ડ (લગભગ રૂ. ૩૦૦)નું મૂલ્ય અંકાય છે.

∞


રસેલ રાઇટ નામના એક માણસે ત્રણ કલાક અને ૨૫ મિનિટમાં પાછલા પગે બાર માઈલ સુધી ચાલી દુનિયાનો રેકોર્ડ કરેલો.



**કલાકણિકા:** ઈસ્લામી કળામાં સુલેખન (ખુશનવીસી)નું સ્થાન ઘણું મહત્ત્વનું છે. અક્ષરના વળાંકોનો બહુ ચાતુરીભર્યો સુંદર ઉપયોગ કરીને મુસ્લિમ લહિયાઓએ વિધવિધ આકારોમાં ધર્મસૂત્રો, ઈમામનાં નામો, કાવ્યની તૂકો વગેરેનું મનોહર લેખન કરેલું છે. આ પ્રકારના સુલેખનને 'તુગ્રા' કહે છે અને ઘરમાં એનું હોવું શુકનિયાળ મનાય છે. આવા તુગ્રાના આ નમૂનામાં લખાણના અક્ષરો દ્વારા જ મસ્જિદનો આકાર રચ્યો છે.



વીજળી એક જ જગ્યાએ બીજી વાર ન પડે એ માન્યતા ખોટી છે. ન્યૂ યૉર્કના એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ પર સેંકડો વાર વીજળી પડી છે, પણ એમાં રહેતા ૨૫૦૦૦ માણસોને આંચ આવી નથી. પોલાદી માળખાવાળું આ મકાન ગંજાવર વિદ્યુતદંડ તરીકે વર્તી વીજળીને જમીનમાં ઉતારી દે છે.



સિક્કા પાડવાની કળા દુનિયામાં સૌથી વધુ ખીલવી ગ્રીકોએ. હિંદ જગતમાં સૌપ્રથમ સિક્કા પાડનારો દેશ ખરો, પણ તેનાં ચિત્રોની સુશ્લિષ્ટતા તો તેણે ગ્રીકો પાસેથી લીધી. એવા ગ્રીકોનો સાઇરાક્યુઝનો દસ દ્રમનો રૂપાનો સિક્કો અહીં આપ્યો છે, જેની એક બાજુ વિજયી રથનું અને બીજી બાજુ દેવી તથા શુભ શુકનનાં સૂચક મત્સ્યનાં ચિત્રો છે.

અંકસંદર્ભ: પાંચ—પાંચ પાંડવ: ધર્મ (યુધિષ્ઠિર), ભીમ, અર્જુન, સહદેવ, નકુળ; પંચમહાકાવ્ય: રઘુવંશ, કુમારસંભવ, માઘ, કિરાત, નૈષધ; પંચપ્રવર (મહર્ષિ): જામદગ્નિ, વત્સ, વિદ, આર્ષ્ટિષેણ, ભાર્ગવચ્યવન; પંચાંગુલિ (આંગળાં તેના ક્રમાનુસાર): અંગૂઠો, તર્જની, મધ્યમા, અનામિકા, ટચલી; પંચાવયવ: પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનયન, નિગમ.

∞

પોતાના મિત્રના ભાઈબંધને સોનીની દુકાન હતી, તેથી એક છોકરાએ તેની દ્વારા એક વીંટીની કિંમત પુછાવી. પેલાએ નીચે મુજબ જવાબ લખી મોકલ્યો. તમે તે ઉકેલી શકશો? NA K'J K JV VT.

∞

દિવસમાં બે વાર સ્નાન, મહિને બે વાર લંઘન, ને વરસમાં બે વાર જુલાબ, એ નીરોગી રહેવાની વીમા-ફી છે.

**'અનિલ' લહરી** —————— રતિલાલ 'અનિલ'

પાંચમી યોજનામાં ટૂંઠાઓ ગરબા ગાવાના છે.
નેતા એટલે સમાજવાદની એલર્જીથી પીડાતો દર્દી.

લોકકલા શ્રેણી–૩– ફડ ચિત્રણ



## રંગાઈનો કસબ અને આપણો સાંસ્કૃતિક વારસો

રાજસ્થાની લોકકલાની વિશિષ્ટ ચિત્રાંકન શૈલી છે ફડ ચિત્રણ (તેને ઘણાં પટ પણ કહે છે). ચિત્રણનો વિષય તેરમી સદીમાં થઈ ગયેલા રાજસ્થાનના લોકવીર પાબુજી રાઠોડની વીરતાપૂર્ણ જીવનગાથા જોડે સંબંધ ધરાવતો હોય છે. તેથી તેને 'પાબુજીની પટ' તરીકે લોકો ઓળખે છે.

જાડાં દેશી કેનવાસ જેવાં કપડાં પર પાબુજીનાં સંગ્રામ ચિત્રો આલેખાય છે. આ આલેખો મારવાડને પ્રિય એવા ઘેરા ચટકદાર હળદરીયા પીળા, રાતા, ભૂરા અને લીલા રંગોથી ઓપે છે. સૂકી પીળી રાજસ્થાની ભોમકાની પાર્શ્વભૂમાંથી પ્રેરણા પામી પોતાની હૈયાઉકલત અને સ્વાભાવિક સૌંદર્યસૂઝથી રાજસ્થાનના લોકકલાકારો આ પરંપરાને સાચવી રહ્યા છે.

આજે અતુલમાં-તરેહ તરેહનાં રંગદ્રવ્યો (ડાઈઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઈઝની મદદથી સુતરાઉ, શણના, ઉનના, રેશમી, આર્ટસિલ્કના તેમજ માનવસર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડાં તથા કાગળ પર સુંદર રંગકામ કરી શકાય છે

આ ઉપરાંત અતુલ ડાઈ ઈન્ટરમીડિયેટસનું ઉત્પાદન કરે છે, જેની મદદથી ડાઈઝ તથા સફેદને અધિક ઉજ્જવળ કરી દેનાર ઓપ્ટિકલ બ્હાઈટનીંગ એજંટ બનાવી શકાય છે

"રંગે રાસાયણિક આધુનિક સૌ ચાજે સોહાય,
'અતુલના' સર્વોત્તમ રંગે સૌ કોઈ મોહાય."

અતુલ — વિરાટ રાસાયણિક સંકુલ.

**ધિ અતુલ પ્રોડકટસ લિ.** પો. ઓ. અતુલ, જિલ્લો વલસાડ. Pin ૩૯૬૦૨૦ (ગુજરાત).
ફોન : ૬૧, ૬૨, ૬૩, ૬૪, તાર : TULA, અતુલ, ટેલેક્સ (૦૧૭૮) ૨૮૪

® *Regd. Trade Mark*

ADROIT-859